દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 275 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 November 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૧ નવેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ખરડાને મંજૂરી માટેની સમયમર્યાદા નથીઃ સુપ્રીમ કોર્ટ

**રાષ્ટ્રપતિ, રાજ્યપાલો ખરડા બેમુદત અટકાવી ન શકે પણ એના માટેની મહેતલ અમે નક્કી ન કરી શકીએ એવી સર્વોચ્ચ અદાલતની સ્પષ્ટતા**

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ખરડા અંગે નિર્ણય લેવા રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો માટે સમયમર્યાદા નક્કી કરવાનો ગુરુવારે ઇનકાર કર્યો હતો, પરંતુ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો ખરડાને અચોક્કસ મુદત માટે અટકાવી ન શકે.

સર્વોચ્ચ અદાલતની બંધારણીય બૅન્ચે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલને કોઇ પણ ખરડા અંગે નિર્ણય લેવા સમયમર્યાદા આપીશું તો તેનાથી બંધારણના માળખાને નુકસાન થશે. ખરડા અંગે નિર્ણય લેવાને લગતી બંધારણની કલમ ૨૦૦ અને ૨૦૧ મુજબ રાજ્યપાલ જો કોઇ ખરડા અંગે ઇરાદાપૂર્વક લાંબા સમય સુધી પગલાં લેતા ન હોય તો તેની અમુક મર્યાદામાં ન્યાયી ચકાસણી થઇ શકે છે અને અદાલત રાજ્યપાલને ખરડાની યોગ્યતા ચકાસ્યા વિના બંધારણમાં ઉપલબ્ધ કોઇ એક વિકલ્પ પસંદ કરવા માટે કહી શકે છે.

સર્વોચ્ચ અદાલતના પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે સર્વાનુમતે લીધેલા નિર્ણયની જાણકારી આપતા દેશના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ આર. ગવઇએ જણાવ્યું હતું કે રાજ્યપાલો સામાન્ય રીતે પ્રધાનમંડળની ભલામણ મુજબ કાર્ય કરતા હોય છે. બંધારણની કલમ ૨૦૦ મુજબ રાજ્યપાલોએ ખરડાને પાછો મોકલતી વખતે અથવા રાષ્ટ્રપતિના પગલાં માટે પોતાનો નિર્ણય બાકી રાખવા માટે પ્રધાનમંડળની સલાહને અનુસરવું જોઇએ. સર્વોચ્ચ અદાલતની આ બંધારણીય બૅન્ચમાં દેશના (જુઓ પાનું ૨) ▸▸

# ૩૫૦ ટકા ટૅરિફની ધમકી આપી ત્યારે મોદી, શરીફે મને ફોન કર્યોઃ ટ્રમ્પનો નવો દાવો

**જોકે મોદીએ તેમને એ વખતે કહ્યું હતું કે, અમારું તો કામ થઈ ગયું છે**

ન્યૂ યોર્ક/ વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો હતો કે તેમણે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને અટકાવ્યું હતું. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે બંને દેશો પર ૩૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ફોન કરીને કહ્યું હતું કે તેઓ યુદ્ધ કરવા જઈ રહ્યા નથી. જોકે, ભારતે વારંવાર સ્પષ્ટતા કરી છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ ત્રીજા દેશે મધ્યસ્થી કરી નથી.

ટ્રમ્પે ૬૦થી વધુ વખત આ દાવાઓ પુનરાવર્તન કર્યું હતું. તેમણે આ વર્ષે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને ઉકેલવામાં મદદ કરી હતી જ્યારે ભારતે સતત કોઈ (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકી અહેવાલમાં યુદ્ધમાં પાકિસ્તાની સફળતાનો દાવો

**ભારતની ડિપ્લોમસીને ફટકોઃ કૉંગ્રેસ**

નવી દિલ્હી : ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના જંગમાં અમેરિકાના પંચના અહેવાલમાં ‘પાકિસ્તાન લશ્કરની ભારત પર સફળતા’નો ઉલ્લેખ ભારતની મુત્સદ્દીગીરીને નવો ફટકો છે. કૉંગ્રેસે સવાલ કર્યો હતો કે શું વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રાલય આ દાવા સામે વાંધો નોંધાવશે.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન જંગ રોકવાના દાવાનું પુનરુચ્ચારણ કર્યું એ અંગે પણ સરકારની આલોચના કરી હતી. જયરામે કહ્યું હતું કે અમેરિકાના પ્રમુખે ૬૧મી વાર એવો દાવો કર્યો છે કે મેં ભારત પર ૩૫૦ ટકા ટૅરિફ લાદવાની (જુઓ પાનું ૨) ▸▸

# નીતીશ, ૨૬ પ્રધાનના શપથઃ સરકારમાં ભાજપનો દબદબો

**સોગંદવિધિમાં વડા પ્રધાન મોદીએ ગમછો લહેરાવ્યો**



**હમ સાથ સાથ હૈ...:** પટણામાં ગાંધી મેદાન ખાતે બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમાર અને તેમના પ્રધાનમંડળની શપથવિધિ બાદ લોકોનું અભિવાદન ઝીલી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

પટણાઃ બિહારમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા નીતીશકુમારે અહીં ગુરુવારે યોજાયેલા ભવ્ય સમારંભમાં દસમી વખત રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. તેમની સાથે ભાજપના ૧૪, જનતા દળ (યુ)ના આઠ, એલજેપી (આરવી)ના બે, એચએએમના એક અને આરએલએમના એક પ્રધાન મળીને કુલ ૨૬ પ્રધાને પણ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, એનડીએના શાસનવાળા અનેક રાજ્યના મુખ્ય પ્રધાનો અને ઘણાં વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. અહીંના ગાંધી મેદાન ખાતે નીતીશકુમારનો શપથવિધિ સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના (જુઓ પાનું ૨) ▸▸

## ૧૦ નવા ચહેરા

પટણાઃ બિહારના દસમી વખત મુખ્ય પ્રધાન બનેલા નીતીશકુમારની સાથે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેનારા ૨૬ પ્રધાનમાંના ૧૦ નવા ચહેરા છે. રાજ્યના પ્રધાનમંડળમાં જાતિ અને પ્રદેશના આધારે યોગ્ય સમતુલન જાળવવા પ્રયાસ કરાયો હતો. નીતીશકુમારના નવા પ્રધાનમંડળમાં અગાઉની સરકારમાંના નાયબ મુખ્ય પ્રધાનો-ભાજપના સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહાની સાથે જનતા દળના અગાઉના પ્રધાનો-વિજેન્દ્રપ્રસાદ યાદવ, વિજયકુમાર ચૌધરી અને (જુઓ પાનું ૨) ▸▸

## જીન્સ, શર્ટ અને ક્રોક્સ...

**આ પહેરીને ઉપેન્દ્ર કુશવાહાના દીકરાએ શપથ લીધાઃ પ્રધાન શું કામ બનાવ્યો એમ પૂછયું તો કહ્યું પપ્પાને પૂછી જુઓ**

નવી દિલ્હીઃ બિહારમાં એનડીએની આગેવાની હેઠળ નવી સરકારનું ગઠન કર્યું હતું. આ નવા મંત્રીમંડળમાં અનેક નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે, પરંતુ આ તમામ નામમાં આરએલએમ પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશનું નામ જોરદાર ચર્ચામાં રહ્યું છે. દીપક પ્રકાશે વિધાનસભાની ચૂંટણી લડી નહીં હોવા છતાં તેને સીધા કેબિનેટ પ્રધાનના પદના શપથ લેવડાવવામાં આવ્યા છે, જેનું સૌને આશ્ચર્ય પણ થયું છે. દીપક પ્રકાશને મંત્રી બનાવવામાં આવી રહ્યા છે, તેની જાણ તેમને શપથગ્રહણના થોડા સમય પહેલા જ થઈ (જુઓ પાનું ૨) ▸▸





YAS ISLAND ABU DHABI

DEP DATES | 25th DEC | 18th JAN | 13th FEB | 27th FEB | 06th MAR | 18th MAR

PACKAGE INCLUSIONS

08 DAYS

• રીટર્ન ઇકોનોમી ક્લાસ એરફેર.
• ૦૩ રાત્રી અબુધાબી માં અને ૦૪ રાત્રી દુબઇ માં નિવાસ
• Limousine Ride, Yacht Ride, Dubai Frame, Burj Khalifa,The View At The Palm, Ferrari World, SeaWorld®,Warner Bros. World™, Emirates National Auto, Museum, Qasr Al - Watan, Yas Waterworld, અને Sheikh Zayed Grand Mosque નો રોમાંચક અને યાદગાર અનુભવ.
• વિવિધ પ્રીમિયમ અને પ્રખ્યાત ઇન્ડિયન રેસ્ટોરન્ટ માં વેજ / જૈન લંચ અને ડીનર.
• વીઝા, એન્ટ્રન્સ ફી અને ટુરીઝમ દિરહામ TAX સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

YAS ISLAND ABU DHABI | SHAH HOLIDAYS

203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પ્રેસિડેન્શિયલ રેફરન્સ પર ચુકાદો: રાજ્યપાલો બેલગામ બનશે

**સુપ્રીમ** કોર્ટે છ મહિના પહેલાં ઐતિહાસિક ચુકાદો આપેલો કે, વિધાનસભા કે સંસદે પસાર કરેલાં બિલો અંગે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોએ નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવો પડશે અને રાજ્યપાલ આ બિલોને લટકાવી રાખી ના શકે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની ભારે પ્રસંશા થયેલી પણ છ મહિનામાં જ સુપ્રીમ કોર્ટે ફેરવી તોળ્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે નરેન્દ્ર મોદી સરકારે વાંધો લીધેલો ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રેસિડેન્શિયલ રેફરન્સ માગેલો અને ૧૪ સવાલો કરીને એ અંગે સ્પષ્ટતા કરવા માટે વિનંતી કરેલી.

સુપ્રીમ કોર્ટે પ્રેસિડેન્શિયલ રેફરન્સ અંગેના નિર્ણયમાં એકદમ ગુલાંટ લગાવીને જાહેર કર્યું છે કે, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે રાજ્યપાલો પાસે વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને રોકવાની સંપૂર્ણ સત્તા છે એવું પોતે નથી માનતી પણ સાથે સાથે બિલોને મંજૂરી આપવા માટે કોઈ સમયમર્યાદા નક્કી ના કરી શકાય એ પણ સ્પષ્ટ છે.

સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે, રાજ્યપાલ પાસે બિલોને મંજૂરી આપવી, તેમને પુનર્વિચારણા માટે પાછા મોકલવા અથવા રાષ્ટ્રપતિ પાસે મોકલવા એમ ત્રણ વિકલ્પ હોય છે પણ આ વિકલ્પો અજમાવવા માટે કે બિલોને મંજૂરી આપવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવાની કોઈ જોગવાઈ બંધારણમાં નથી.

સુપ્રીમ કોર્ટે તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ અને રાજ્ય સરકારના વિવાદમાં ૮ એપ્રિલે આદેશ આપ્યો હતો કે, રાજ્યપાલે એક મહિનામાં વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવો પડશે. જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે તમિલનાડુ વિધાનસભામાં પસાર થયેલાં પણ રાજ્યપાલે રોકી રાખેલાં ૧૦ બિલોને પસાર થયેલાં જાહેર કર્યાં હતાં.

સુપ્રીમ કોર્ટે આ ડીમ્ડ સંમતિના આદેશને પણ ઊલટાવી દીધો છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, રાજ્યપાલ બિલને રોકી રાખે એ કિસ્સાઓમાં ન્યાયતંત્ર પણ ડીમ્ડ સંમતિ આપી શકતું નથી. મતલબ કે, કોઈ બિલ રાજ્યપાલ અથવા રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલાય અને બંને સમયસર જવાબ આપવામાં નિષ્ફળ જાય તો નિયત સમમર્યાદા પછી બિલને મંજૂરી આપવામાં આવી છે એવું માનીને તેનો અમલ શરૂ કરી દેવાય પણ હવે એ પણ શક્ય નથી.

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, વિધાનસભાએ પસાર કરેલા બિલ અંગે રાજ્યપાલ પાસે ત્રણ બંધારણીય વિકલ્પો છે: સંમતિ આપવી, રાષ્ટ્રપતિ માટે અનામત રાખવું, બિલને રોકવું અને તેને વિધાનસભામાં પાછું મોકલવું. આમાંથી કયા વિકલ્પોનો ઉપયોગ કરવો તે નક્કી કરતી વખતે રાજ્યપાલ પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરે છે.

સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા બિલ અંગે ૧૧ એપ્રિલે ચુકાદો આપેલો કે, રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ અંગે પણ ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. પ્રેસિડેન્શિયલ રેફરન્સ પરના ચુકાદામાં સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આ બધી જ વાતોનો છેદ ઉડાવી દીધો છે. પોતે જ આપેલા ચુકાદાને ઊલટાવી દીધો છે અને કેન્દ્ર સરકારના વલણને સાચું ઠેરવી દીધું છે.

સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે કે, વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવામાં મોડું થશે તો ટકોર જરૂર કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટની આ ટીપ્પણી અર્થહીન છે કેમ કે સુપ્રીમ કોર્ટની ટીપ્પણીની રાજ્યપાલો પર અસર નથી થતી. આપણે ત્યાં રાજકારણીઓને પોતાને કાયદા અને બંધારણથી પણ પર માને છે તેથી બેફામ વર્તે છે. તેમના બેફામ વર્તનની ફરિયાદો કોર્ટ સુધી પહોંચે ત્યારે કોર્ટ તેમને ઠમઠોરે પણ છે પણ તેની કોઈ અસર થતી નથી. સુપ્રીમ કોર્ટે છ મહિના પહેલાં તો ચુકાદો આપેલો કે, નિયત સમયમર્યાદામાં વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે રાજ્યપાલોએ નિર્ણય લેવો પડશે. એ છતાં હજુ સંખ્યાબંધ બિલો એમ જ પડેલાં છે. હવે જે રીઢા રાજ્યપાલો પર સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર ના થતી હોય તેમના પર ટકોરની અસર થાય એવી આશા કઈ રીતે રાખી શકાય ?

સુપ્રીમ કોર્ટના પાંચ માનનિય ન્યાયાધિશોએ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરીને જ પ્રેસિડેન્શિયલ રેફરન્સ પર ચુકાદો આપ્યો છે. ચુકાદો તેથી તેના વિશે ટીપ્પણી કરવાનો મતલબ નથી પણ આ ચુકાદાના કારણે આપણે પાછા ત્યાં જ પાછા આવીને ઊભા રહી ગયા છીએ કે જ્યાં છ મહિના પહેલાં હતા. મતલબ કે, રાજ્યપાલો ફરી બેફામ રીતે વર્તતા થઈ જશે, બેલગામ થઈ જશે કેમ કે આ ચુકાદાએ તેમને ભરોસો આપી દીધો છે કે, સુપ્રીમ કોર્ટ પણ હવે તેમનું કશું ઉખાડી શકે તેમ નથી ને પોતે બેલગામ બનીને વર્તે તો કોઈ કશું તોડી શકવાનું નથી. કેન્દ્ર સરકારના તો ચાર હાથ તેમના પર છે જ પણ સુપ્રીમ કોર્ટ પણ લાચાર છે તેથી તેમની દાદાગીરી વધશે. રાજ્યપાલોની સત્તાનો દુરૂપયોગ કરીને વિરોધ પક્ષોની સરકારોને કનડવાનો ખેલ ફરી શરૂ થઈ જશે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો બધાંએ માથે ચડાવવો પડે પણ આ ચુકાદાથી લોકશાહીનાં મૂલ્યો ખતરામાં આવી જશે. લોકશાહીમાં બંધારણ સર્વોપરિ છે અને તેનો અમલ કરાવવાની જવાબદારી ચૂંટાયેલી સરકારની હોય છે. લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર બંધારણની મર્યાદામાં રહીને તમામ નિર્ણયો લેવાનો અધિકાર ધરાવે છે પણ કેટલાક રાજ્યપાલો પોતાને રાજ્યોની ચૂંટાયેલી સરકાર કરતાં ઉપર માનીને વર્તી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી તેમના પર લગામ આવશે અને રાજ્યપાલો બંધારણને વફાદાર થશે એવી આશા ઊભી થયેલી પણ આ ચુકાદાએ એ આશા પર પાણી ફેરવી દીધું છે.

રાજ્યપાલો બંધારણીય હોદ્દો છે અને બંધારણીય હોદ્દા પર બેઠેલી દરેક વ્યક્તિની જેમ રાજ્યપાલોએ પણ બંધારણને વફાદાર રહીને વર્તવાનું હોય છે. કમનસીબે રાજ્યપાલો આ દેશના બંધારણ તરફ નહીં પણ જેમણે તેમના તરફ રાજ્યપાલપદનો ટુકડો ફેંકી દીધો તેના તરફ વફાદારી બતાવી રહ્યા છે. આ વફાદારી બતાવવાના ઉત્સાહમાં રાજ્યપાલો સુપર પાર્લામેન્ટ તરીકે વર્તી રહ્યા છે અને ચૂંટાયેલા પ્રતિનિધીઓની બનેલી વિધાનસભાએ પસાર કરેલાં બિલોને રોકી રાખે છે. વાસ્તવમાં તેમને આવો કોઈ અધિકાર નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાએ રાજ્યપાલોને પોતાની મરજી થાય એટલા સમય સુધી વિધાનસભાએ પસાર કરેલા બિલને રોકવાનો અબાધિત અધિકાર આપી દીધો છે. કોઈ પણ બિલ રાજ્યપાલ પાંચ-સાત વર્ષ રોકી રાખે એ ચૂંટાયેલી સરકારના અધિકારનું હનન છે પણ સુપ્રીમ કોર્ટ આ હનન સામે લાચારી બતાવે તો બીજું તો કોઈ શું કરી શકે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૨૧-૧૧-૨૦૨૫, માગશીર્ષ શુકલ પક્ષ પ્રારંભ, માર્તંડ ભૈરવષડરાત્રૌત્સવારંભ

- ભારતીય દિનાંક ૩૦, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા બપોરે ક. ૧૩-૫૫ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર: વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૫૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૮, સ્ટા. ટા.,
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- બપોરે ક. ૧૨-૦૧, ભરતી: મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૯ (તા. ૨૨)

ઓટ: સવારે ક. ૦૬-૨૫, સાંજે ક. ૧૮-૦૬

- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુકલ - પ્રતિપદા. ઈષ્ટિ, માર્તંડ ભૈરવષડરાત્રૌત્સવારંભ, ચંદ્રદર્શન, મું. ૧૫. મહર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૬૩ અંશ, વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિ: શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષ: અગ્નિદેવતાનું પૂજન, શુક્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, નાગદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, મુંડન કરાવવું નહીં, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- માર્ગશીર્ષ માસ સંક્ષિપ્ત: સુદ પક્ષમાં પૂનમનો ક્ષય, દિવસ-૧૪, વદ પક્ષમાં અમાસની વૃદ્ધિ, દિવસ-૧૬, એમ કુલ ૩૦ દિવસનો આ માસ છે. આ માસમાં પૂનમનું ચંદ્રગ્રહણ અમાસનું સૂર્યગ્રહણ નથી. માર્ગશીર્ષ માસને ભગવાન વિષ્ણુએ પોતાનો માસ ગણ્યો છે. આ માસમાં મોક્ષદા એકાદશી તા. ૧લીએ, સફલા એકાદશી તા. ૧૫મીએ, દત્તજયંતી તા. ૪ ડિસેમ્બરે છે. માર્તંડ ભૈરવષડરાત્રૌત્સવારંભ તા. ૨૧ થી ૨૬ સુધી છે. અન્નપૂર્ણા વ્રત તા. ૨૬મીએ પ્રારંભાય છે. આ માસમાં લગ્ન મુહૂર્ત નવે. તા. ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૦. ડિસે. તા. ૧, ૫, ઉપનયન મુહૂર્ત ગ્રાહ્ય નથી. ખાત મુહૂર્ત: નવે. તા. ૬, ડિસે. તા. ૩, ૫, ૬, સર્વદેવ પ્રતિષ્ઠા: નવે. તા. ૨૬, ૨૭, ૨૮, ૩૦, ડિસે. તા. ૫, ૭.
- વાસ્તુકળશ: નવે. તા. ૨૬, ૨૭, ૨૮, ડિસે.: તા. ૫, ૬
- આચમન: ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, સૂર્ય-હર્ષલ પ્રતિયુતિ જાહેર પ્રસંગોમાં સાવધાની જરૂરી. સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રેમી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી.
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર-મંગળ યુતિ, સૂર્ય-હર્ષલ પ્રતિયુતિ, સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ
- ગ્રહગોચર: સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# વાઈટ કોલર ટેરર મોડ્યુલ સિરિયલ બ્લાસ્ટ કરવાની તૈયારીમાં હતું

### ત્રણ ડૉક્ટર અને એક મૌલવી એનઆઈએની કસ્ટડીમાં

નવી દિલ્હી : દિલ્હીના લાલ કિલ્લામાં થયેલા આત્મઘાતી ધડાકાને પગલે સુરક્ષા એજન્સીઓની નીંદર ઊડી ગઈ છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) આ કેસની તપાસ કરી રહી છે. તપાસમાં એવો ઘટસ્ફોટ થયો છે કે વાઈટ ટેરર મોડ્યુલે સીરિયલ બ્લાસ્ટ કરવાની તૈયારી કરી હતી. આ માટે બ્રેનવૉશ કરીને યુવાનોને સુસાઈડ બૉમ્બર બનાવાની કોશિશ થઈ રહી હતી. લાલ કિલ્લાની પાસે કાર બ્લાસ્ટ કરનાર આતંકવાદી ડૉક્ટર ઉમર મોહમ્મદ નબીએ ફરિદાબાદમાં એક રૂમ ભાડે લીધી હતી. તેણે ધડાકા પહેલાં દસ દિવસ પોતાને આ રૂમમાં બંધ કરી રાખ્યો હતો. તે ન તો બહાર નીકળતો અને એ રૂમમાં કોઈ આવતું. તેણે બંધ રૂમમાં યુવાનોને બ્રેનવૉશ કરવા ૭૦ ઝેરીલા વીડિયો બનાવ્યા અને ૧૧ યુવાનને મોકલ્યા. તેણે હરિયાણાના નૂંહની હિદાયત કૉલોનીમાં દિવસો કાઢ્યા હતા. તે ન તો નાહ્યો, ન કપડાં બદલ્યા કે ટોઈલેટ ગયો. તેણે ૭૦ વીડિયો બનાવ્યા અને આ ૧૧ યુવાન જેમાં સાત મૂળ કાશ્મીરી છે તેમને મોકલાવ્યા. આ બધાની લિન્ક અલ-ફલાહ યુનિવર્સિટીથી મળી છે. આ યુવાનો ઉત્તર પ્રદેશ, કેરળ અને કર્ણાટકના રહેનારા છે. આ ૧૧ જણ સુસાઈડ બૉમ્બર ન બની જાય એવી આશંકા તપાસ એજન્સીને છે.

દરમિયાન એનઆઈએએ કાર બ્લાસ્ટના સંબંધમાં પકડાયેલા ત્રણ ડૉક્ટર અને એક મૌલવીની કસ્ટડી લીધા હતી. અગાઉ મુઝામ્મિલ ગની, આદીલ રાથેર અને શાહીના સઈદ અને મોલવી અરફાન અહમદની ધરપકડ કરાઈ હતી. એનઆઈએએ તેમની કસ્ટડી લીધી હતી. કોર્ટે ચારેચારને દસ દિવસના રિમાન્ડ પર મોકલ્યા હતા. ■

# એડીએજી જૂથની વધુ ૧,૪૫૨ કરોડ રૂપિયાની મિલકત ટાંચમાં

નવી દિલ્હી: ઉદ્યોગપતિ અનિલ અંબાણીના રિલાયન્સ જૂથ વિરુદ્ધ મની લૉન્ડરિંગ કેસ સંબંધિત ચાલી રહેલી તપાસના ભાગરૂપ ઍન્ફૉર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ ગુરુવારે વધુ ૧,૪૫૨ કરોડ રૂપિયાની મિલકત ટાંચમાં લીધી હતી.

પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત ધીરુભાઈ અંબાણી નૉલેજ સિટી (ડીએકેસી) તેમ જ નવી મુંબઈસ્થિત મિલેનિયમ પાર્ક, પુણે, ચેન્નઈ અને ભુવનેશ્વરમાં આવેલી અનેક ઈમારતો ટાંચમાં લેવાનો આદેશ આપતો પ્રોવિઝનલ ઑર્ડર જારી કરવામાં આવ્યો હોવાનું ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ટાંચમાં લેવામાં આવેલી આ મિલકતોનું કુલ મૂલ્ય ૧,૪૫૨.૫૧ કરોડ રૂપિયા છે. એજન્સી)

# થ્રી આઈ/ઍટલસ નથી ઍલિયન: નાસાની સ્પષ્ટતા

વૉશિંગ્ટન: નાસાએ ઇન્ટરસ્ટેલર કોમેટ થ્રી આઈ/ઍટલસની પહેલી ક્લોઝ-અપ તસવીરો જાહેર કરી છે, જેનાથી સોશ્યલ મીડિયા પર ફેલાયેલી એલિયન ટેકનોલોજીની થિયરીનો અંત આવ્યો હતો. નાસાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તે એક સામાન્ય ધૂમકેતુ છે અને કોઈ પણ પ્રકારનો ટેક્નો-સિગ્નેચર મળી નથી. વૈજ્ઞાનિકોએ પણ એલિયનના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા હતા. અમેરિકામાં સરકારી શટડાઉનને કારણે તસવીરો જાહેર કરવામાં વિલંબ થયો હતો. થ્રી આઈ/ઍટલસની કેટલીક વિશેષતાઓ અનોખી છે પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે આ કુદરતી કારણોસર છે, કૃત્રિમ કારણોસર નહીં.

અલગ અલગ જગ્યાઓ પરથી વૈજ્ઞાનિકોને થ્રી આઈ/ઍટલસની ખાસિયતોની તુલના સૌરમંડળના ધૂમકેતુઓ સાથે કરી શકે છે, જે દૂરના ગ્રહોની રચનાઓમાં એક દુર્લભ ઝલક આપે છે. ■

# અમેરિકામાં કેશ પાર્સલ કૌભાંડ: ગુજરાતીની ધરપકડ

ન્યૂ પોર્ટ: અમેરિકામાં કેશ પાર્સલ સ્કેમમાં સંડોવાયેલા બાવીસ વર્ષીય ગુજરાતી વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે. મેસેચ્યુસેટ્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની રોડ આઇલેન્ડના ન્યૂ પોર્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલ મુજબ ૧૩ નવેમ્બરના રોજ વિદ્યાર્થી 'ફોન સ્કેમ'નો ભોગ બનેલા એક વૃદ્ધ અમેરિકી નાગરિક પાસેથી રોકડનું પાર્સલ લેવા પહોંચ્યો હતો, ત્યારે ન્યૂ પોર્ટ પોલીસે તેને પકડી પડ્યો હતો.

આરોપી વિદ્યાર્થી ભોગ બનનાર પાસે ૪૫,૦૦૦ કબજે કરવા માટે પહેલેથી નક્કી થયેલી જગ્યાએ પહોંચ્યો હતો, ત્યારે પોલીસે તેને ઝડપી લીધો હતો. અહેવાલ મુજબ આરોપીની ઓળખ ગુજરાત મૂળના સમ્યગ દોશી તરીકે થઇ છે, તેને ગઠિયાઓએ ૫૦૦ યુએસ ડોલર આપવાનું વચન આપવામાં આવ્યું હતું. ■

# યુપીના અલીગઢમાં મદરેસાના શિક્ષકો માટે બાયોમેટ્રિક અટેન્ડન્સ ફરજિયાત

અલીગઢ: ઉત્તર પ્રદેશમાં અલીગઢ જિલ્લા વહીવટીતંત્રે તમામ મદરેસા શિક્ષકો માટે બાયોમેટ્રિક સિસ્ટમ દ્વારા હાજરી નોંધવાનું ફરજિયાત બનાવ્યું છે. આ જાણકારી અધિકારીઓએ ગુરુવારે આપી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટ સંજીવ રંજને જણાવ્યું કે ઉત્તર પ્રદેશ સરકારના નિર્દેશાનુસાર આ પગલું લેવામાં આવ્યું છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે હવેથી મદરેસા શિક્ષકોનો પગાર તેમની બાયોમેટ્રિક હાજરી રેકોર્ડના આધારે ચૂકવવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં રંજને કહ્યું કે જિલ્લામાં ગેરકાયદે ધમધમતા મદરેસાઓને ઓળખવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ■

# ઍપ્સ્ટેઈન ફાઈલ જાહેર કરવાનો માર્ગ મોકળો કર્યો ટ્રમ્પે

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે ઍપ્સ્ટેઈન ફાઈલ જાહેર કરવાની મંજૂરી સંબંધિત ખરડા પર સહી કરી દેતાં આ ફાઈલ જાહેર કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

કલંકિત ફાઈનાન્સર અને લૈંગિક અપરાધી સંબંધિત ફાઈલ જાહેર કરવા છેલ્લા અનેક મહિનાઓથી ટ્રમ્પ રાજકીય દબાણનો સામનો કરી રહ્યા હોવા વચ્ચે આ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી.

ઍપ્સ્ટેઈન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી ઍક્ટને મંજૂરી આપ્યા બાદ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે ડેમોક્રેટ્સ સાથેના ઍપ્સ્ટેઈનના ઘનિષ્ઠ સંબંધો જ આ ફાઈલ જાહેર કરવાની મંજૂરી આપવાનું એકમાત્ર કારણ હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ખરડાને મંજૂરી

મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) ગવઇ સહિત, ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ વિક્રમનાથ, ન્યાયાધીશ પી. એસ. નરસિંહ અને ન્યાયાધીશ અતુલ એસ. ચંદુરકરનો સમાવેશ થતો હતો. અનેક વર્ષના ગાળા બાદ સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રપતિને સંબંધિત કોઇ ચુકાદો આપ્યો હતો અને તેની કેન્દ્ર - રાજ્ય વચ્ચેના સંબંધ પર લાંબા-ગાળા સુધી અસર થઇ શકે છે.

અગાઉ, કાવેરી જળ વહેંચણી, કેરળના શિક્ષણ ખરડા સહિતના અનેક ખરડાના સંબંધે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોના નિર્ણયમાં થતાં વિલંબને લઇને પ્રશ્ન ઊભા થયા હતા.

સીજેઆઇ ગવઇએ જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૦૦ અને ૨૦૧ મુજબ રાજ્યો દલીલ કરે છે કે રાજ્યપાલ પાસે ખરડા અંગે નિર્ણય લેવા માત્ર ત્રણ વિકલ્પ રહેલા છે એટલે કે ખરડાને બહાલી આપવી, અટકાવી રાખવો અથવા રાષ્ટ્રપતિના નિર્ણય માટે મોકલવો, પરંતુ આવા કિસ્સામાં 'બંધારણીય ચર્ચાવિચારણા'નો વિકલ્પ પણ અપનાવી શકાય છે.

બૅન્ચે ખરડા અંગે નિર્ણય લેવા રાષ્ટ્રપતિને સમયમર્યાદા આપવાનો ઇનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે ખરડા પરનો નિર્ણય મુલતવી રાખતી વખતે રાષ્ટ્રપતિએ દર વખતે માર્ગદર્શન માટે ન્યાયતંત્રનો સંપર્ક કરવાનો ન હોય. કોઇ ખરડા અંગે લાંબા સમય સુધી નિર્ણય લેવાયો ન હોય તો આવા કિસ્સામાં ન્યાયતંત્રની દરમિયાનગીરી પણ મર્યાદિત છે. જનતાના કાયદામાંના વિશ્વાસને ઠેસ પહોંચવી ન જોઇએ. અદાલત રાજ્યપાલને ખરડા અંગે નિર્ણય લેવા માટે બંધારણની કલમ ૨૦૦માં અપાયેલા વિવિધ વિકલ્પમાંથી એક પસંદ કરવા વિનંતિ કરી શકે, પરંતુ તેમણે ક્યો વિકલ્પ પસંદ કરવો તેની સૂચના આપી ન શકે. અદાલતો રાજ્યપાલ કે રાષ્ટ્રપતિને મળેલી સત્તાથી ઉપરવટ જઇ ન શકે. (એજન્સી)

### ૧૦ નવા ચહેરા

શ્રવણકુમારનો પણ સમાવેશ કરાયો છે. ભાજપના અગાઉના પ્રધાનો- મંગલ પાણ્ડેય, પ્રમોદકુમાર, સુરેન્દ્રપ્રસાદ મહેતા અને નીતિન નવીને પણ નવી સરકારમાં પ્રધાન તરીકે શપથ લીધા હતા.

ભાજપના રાજ્ય એકમના વડા દિલીપ જયસ્વાલે અગાઉ 'એક વ્યક્તિ, એક હોદ્દો'ની નીતિ જાળવી રાખી હતી અને પ્રધાનપદ છોડ્યું હતું, પરંતુ આ વખતે તેમનો અને નારાયણપ્રસાદનો બિહાર કેબિનેટમાં ફરી સમાવેશ કરાયો છે. એનડીએના નાના ઘટક પક્ષ એચએએમ (એસ)એ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જિતનરામ માંઝીના દીકરા સંતોષકુમાર સુમનને પ્રધાનમંડળમાં મોકલ્યા છે. (એજન્સી)

### નીતીશ, ૨૬ પ્રધાનના

રાષ્ટ્રીય પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા પણ મંચ પર બેઠા હતા. મોદીએ 'એક્સ' પર લખ્યું હતું કે બિહારના મુખ્ય પ્રધાન બનવા બદલ નીતીશકુમારને અભિનંદન. તેઓ અનુભવી શાસક છે અને વર્ષો સુધી સુશાસનનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. હું તેમને આ નવા કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવું છું. અગાઉ, મોદીએ બિહારમાં ચૂંટણીપ્રચાર વખતે જણાવ્યું હતું કે હું એનડીએ સરકારના શપથગ્રહણ સમારંભમાં પાછો આવીશ.

મોદીએ આ પ્રસંગે પોતાનો 'ગમછો' કાઢીને હાજર રહેલા લોકો સમક્ષ લહેરાવ્યો હતો.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ, ઉત્તર પ્રદેશના યોગી આદિત્યનાથ, આસામના હિમંતા વિશ્વ શર્મા, મહારાષ્ટ્રના દેવેન્દ્ર ફડણવીસ, મધ્ય પ્રદેશના મોહન યાદવ, દિલ્હીનાં રેખા ગુપ્તા પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ૮૯ બેઠક જીતનારો ભાજપ રાજ્યનો સૌથી મોટો રાજકીય પક્ષ હોવાથી પ્રધાનમંડળમાં તેના વિધાનસભ્યોની સંખ્યા પણ વધારે છે. (એજન્સી)

### જીન્સ, શર્ટ

હતી. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ વાતની જાણ તેમને પણ છેલ્લી ઘડીએ જ થઈ. જોકે, શપથગ્રહણ દરમિયાન તેમના પહેરવેશને લઈને ખાસ્સી ચર્ચા થઈ. પરંપરાગત કૂર્તા-પાયજામાને બદલે દીપક પ્રકાશે ડેનિમ જીન્સ, શર્ટ અને ક્રોક્સ પહેરીને સ્ટેજ પર શપથ લીધા હતા.

મીડિયા દ્વારા જ્યારે તેને આ વિશે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે દીપક પ્રકાશે કહ્યું, કપડાંથી શું ફરક પડે છે? મને સમય આપો, હું સારું કામ કરીને બતાવીશ. વળી, પરિવારવાદના મુદ્દે તેમણે સ્પષ્ટ કહ્યું, હું ઉપેન્દ્ર કુશવાહાનો પુત્ર છું, આ વાતનો હું ઇનકાર કરી શકું નહીં. મને મંત્રી કેમ બનાવવામાં આવ્યો તે તમે પપ્પાને પૂછી જુઓ.

### ૩૫૦ ટકા ટૅરિફની

ત્રીજા પક્ષના હસ્તક્ષેપનો ઇનકાર કર્યો છે. ટ્રમ્પે કહ્યું હતું કે હું ઝઘડાઓ ઉકેલવામાં સારો છું અને હંમેશાથી રહ્યો છું. મે છેલ્લા કેટલાક વર્ષોમાં, આ પહેલા પણ, તેમાં ખૂબ સારું કામ કર્યું છે. હું અલગ અલગ યુદ્ધો અંગે વાત કરી રહ્યો છું. ન્યૂક્લિયર શસ્રો ધરાવતા ભારત અને પાકિસ્તાન લડવાના હતા પરંતુ મે તેમની વચ્ચે ઉકેલ કરાવ્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે તેમને ફોન કરીને લાખો લોકોના જીવ બચાવવા બદલ આભાર માન્યો હતો. ટ્રમ્પે ફરી દાવો કર્યો હતો કે તેમને વડા પ્રધાન મોદીનો ફોન આવ્યો હતો અને કહ્યું કે અમારું કામ પૂરું થઈ ગયું છે. જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે મોદીએ જવાબ આપ્યો કે અમે યુદ્ધ કરવા જઈ રહ્યા નથી. ટ્રમ્પે કહ્યું કે તેમણે પછી મોદીનો આભાર માન્યો અને કહ્યું, ''ચાલો એક ડીલ કરીએ.'' ટ્રમ્પે એક દિવસ પહેલા પણ ઓવલ ઓફિસમાં સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ બંધ કરવાનો દાવો કર્યો હતો.

### અમેરિકી અહેવાલમાં

ધમકી આપીને ભારત અને પાકિસ્તાન યુદ્ધ અટકાવ્યું હતું.

પક્ષના કમ્યુનિકેશન ઈન્ચાર્જ જયરામે કહ્યું હતું કે યુએસ-ચાઈના 'ઈકોનોમિક એન્ડ સિક્યોરિટી રીવ્યુ કમિશને તેનો વાર્ષિક અહેવાલ સંસદને સુપરત કર્યો હતો. આ પંચની રચના અમેરિકની સેનેટ અને કોંગ્રેસે સંયુક્તપણે કરી છે અને આમાં ૧૨ સ્વતંત્ર સભ્યો છે. (એજન્સી)



**દરિયાના પેટાળનું ખેડાણ:** ચેન્નઇ નજીક હાર્બર ટ્રાયલ્સમાંથી પસાર થઇ રહેલી ભારતની માનવ સાથેની ઊંડા દરિયા માટેની સબમર્સિબલ 'મત્સ્ય-૬૦૦૦'. તે ૨૦૨૬ની શરૂઆતમાં દરિયામાં ૫૦૦ મીટર ઊંડે જશે અને દરિયામાં બહુ જ ઊંડાઇએ સંશોધન અને શોધખોળ કરી રહેલા વિશ્વના દેશોમાં ભારતને સ્થાન અપાવશે. (પીટીઆઇ)

# ભારતને એસયુ-૫૭ યુદ્ધવિમાનની ટૅક્નોલૉજી આપવા રશિયા તૈયાર

દુબઇ: રશિયાએ ભારતની ફિફ્થ-જનરેશન એસયુ-૫૭ સ્ટિલ્થ ફાઇટર જેટની ટૅક્નોલૉજી ટ્રાન્સફર કરવાની ઑફર કરી હતી. આ ઉપરાંત, વધારાની એસ૪૦૦ સિસ્ટમ પણ આપવાની તૈયારી દર્શાવી હતી.

દુબઇ ઍર શો ૨૦૨૫માં રશિયા સરકારની સંરક્ષણ ક્ષેત્રની કંપની રોસ્ટેકના સીઇઓ સર્ગેઇ ચેમેઝોવે જણાવ્યું હતું કે રશિયા અને ભારતના સંબંધ બહુ જ સારા છે. મૉસ્કો દિલ્હીની સંરક્ષણ ક્ષેત્રની જરૂરિયાત પૂરી કરવા હંમેશાં તૈયાર હતું અને રહેશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત અને રશિયા લાંબા સમયથી મિત્ર અને ભાગીદાર છે. ભારત પર ભૂતકાળમાં પ્રતિબંધ લદાયા હતા ત્યારે પણ રશિયાએ તેની સંરક્ષણ ક્ષેત્રની જરૂરિયાત પૂરી કરવા માટે તેને શસ્ત્રો આપ્યા હતા. મૉસ્કો આગામી વર્ષોમાં પણ આવો અભિગમ ચાલુ રાખશે. બન્ને દેશ વચ્ચેના સંબંધ આપસના હિત પર આધારિત છે.

શું ભારતે વધારાની એસ૪૦૦ સિસ્ટમ્સ કે સુખોઇ-૫૭ ખરીદવા માટે સત્તાવાર વિનંતિ કરી છે? એના સવાલના જવાબમાં રોસ્ટેકના સીઇઓએ જણાવ્યું હતું કે રશિયાના ભારત સાથેના સંબંધ બહુ જ દૃઢ છે અને અમે તેની દરેક જરૂરિયાત પૂરી કરવા તેમ જ સહાય કરવા તૈયાર છીએ.

દરમિયાન, વિદેશ પ્રધાન જયશંકર રશિયાના પ્રવાસમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, રશિયાના વિદેશપ્રધાન સર્ગેઇ લાવ્રોવને મળ્યા હતા અને શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના નેતાઓની શિખર મંત્રણામાં ભાગ લીધો હતો. (એજન્સી) ■

# બિહારની જેમ આગામી ચૂંટણીમાં પણ કૉંગ્રેસનાં સૂંપડાં સાફ કરીશુંઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહે ભાવનગર ખાતે સભાને સંબોધી હતી અને બિહારની ચૂંટણીમાં એનડીએની ભવ્ય સફળતાને બિરદાવતા જણાવ્યું હતું કે બિહારની જેમ હવે આગામી ચૂંટણીઓમાં કૉંગ્રેસનો સફાયો બોલાવીશું. ગુજરાતમાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ છે અને ભાવનગર મનપાની ચૂંટણી પણ આવનારી છે ત્યારે શાહે કાર્યકર્તાઓમાં જોમ ભરવાનું કામ કર્યું હતું. શાહે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારજીને અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને પણ યાદ કર્યા હતા.

ભાવનગરમાં પક્ષના આધુનિક કાર્યાલય ભાવ-કમલમનું ઉદ્‌ઘાટન કરવા શાહ આવ્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે ભાજપ કાર્યાલય એ કાર્યકર્તાઓનું બીજું ઘર છે. અહીં રણનીતિઓ ઘડાય છે. તેમણે ભાવનગરમાં અત્યાધુનિક કાર્યાલય બનાવવા બદલ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, કેન્દ્રીય પ્રધાન ડો. મનસુખ માંડવીયા, કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયા, રાજ્યના કેબિનેટ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ બિહારની ચૂંટણીની જીત અંગે તેમજ ભાજપ પાર્ટીના સંગઠનની વાતો ઉપસ્થિત કાર્યકર્તાઓ અને જનતા સાથે કરી હતી.

જોકે કાર્યક્રમ મોડો શરૂ થતાં તેમ જ પાણી વગેરેની વ્યવસ્થા ન હોવાથી લોકો થોડા અકળાયા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાત દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં બીજા ક્રમે અને કુલ મત્સ્ય ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર વર્ષે ૨૧ નવેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે, જ્યારે કુલ માછલી ઉત્પાદનમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે.

આટલું જ નહીં, ગુજરાતની ફ્રોઝન શ્રિમ્પ (ઝીંગા), રિબન ફિશ, કટલ ફિશ અને સ્ક્વિડની માગ ચીન, યુરોપ, અમેરિકા અને જાપાન જેવા દેશોમાં પુષ્કળ છે જેથી રાજ્યના મત્સ્ય ઉદ્યોગે વિદેશી હૂંડિયામણ કમાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

તાજેતરના આંકડાઓ મુજબ, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭.૬૪ લાખ મેટ્રિક ટન અને અંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨.૭૮ લાખ મેટ્રિક ટન મળીને ગુજરાતમાં કુલ ૧૦.૪૨ લાખ મેટ્રિક ટનથી પણ વધુ મત્સ્ય ઉત્પાદન નોંધાયું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વધીને ૧૧ લાખ મેટ્રિક ટનથી વધુ થવાનો પ્રાથમિક અંદાજ છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વાર્ષિક સરેરાશ ૯.૩૦ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું છે, જે રાજ્યની જળસંપત્તિની તાકાત દર્શાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે પણ માછીમારી સમુદાયોના સામાજિક-આર્થિક કલ્યાણને સુનિશ્ચિત કરવા તેમ જ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આધુનિકીકરણ, ટ્રેસેબિલિટીમાં સુધારો અને મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન પ્રણાલીનું નિર્માણ કરવા 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધીમાં રૂ. ૮૯૭.૫૪ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે પણ ગુજરાતને રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે રાજ્યમાં મત્સ્યઉદ્યોગની પ્રવૃત્તિઓને નોંધપાત્ર વેગ આપશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

# ગુજરાતનાં ચાર મુખ્ય શહેરોમાં એક્યુઆઈ ૧૮૦ને પાર, તબીબોએ આપી ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની શરૂઆતની સાથે છેલ્લા ૧૫ દિવસથી હવામાં પ્રદૂષણના સ્તરમાં પણ વધારો થયો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પ્રદૂષણનું સ્તર ૧૮૦ને પાર જતું રહ્યું છે, તેના કારણે તબીબો દ્વારા લોકોને ચેતવણી આપવામાં આવી હતી. આ મહાનગરોનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ને પાર પહોંચી ગયો છે. નવેમ્બર ૨૦૨૫માં એક્યુઆઈની વાત કરીએ તો અમદાવાદ અને રાજકોટમાં તો છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. અમદાવાદ અને રાજકોટમાં નવેમ્બર મહિનાની શરૂઆત સાથે એક્યુઆઈ ૧૮૦ને પાર પહોંચવા લાગ્યો છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે ૧૯મી નવેમ્બરે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ ૧૯૪ અને રાજકોટમાં ૧૯૭ એક્યુઆઈ નોંધાયો હતો. ૨૦મી તારીખે અમદાવાદમાં ૧૮૯ નોંધાયો હતો જ્યારે રાજકોટમાં ૧૭૭ નોંધાયો હતો. સુરત શહેરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થઈ રહ્યો છે. જે હવામાં પ્રદૂષણના સ્તરનો વધારો દર્શાવે છે. ૧૮ નવેમ્બરે સૌથી વધુ એક્યુઆઈ નોંધાયો હતો. આ સાથે અમદાવાદ અને સુરતની સરખામણીએ વડોદરામાં એક્યુઆઈનું સ્તર ઓછું નોંધાયું હતું. ૧૭ નવેમ્બરે વડોદરામાં એક્યુઆઈ ૧૮૪એ પહોંચ્યો હતો. જ્યારે રાજકોટમાં પણ છેલ્લા અઠવાડિયા દરમિયાન એક્યુઆઈ ૧૫૦ને પાર જ રહ્યો હતો. ૧૯ નવેમ્બરે રાજકોટમાં સૌથી વધુ ૧૯૭ એક્યુઆઈ નોંધાયો હતો. જે છેલ્લાં પાંચ વર્ષમાં નવેમ્બર મહિનામાં સૌથી વધુ છે. સામાન્ય રીતે એક્યુઆઈ ૫૧ થી ૧૦૦ એક્યુઆઈ લેવલ હોય તો તે સંતોષજનક માનવામાં આવે છે. તેનાથી વધારે અથવા એક્યુઆઈ સ્વાસ્થ્ય માટે જોખમ સર્જી શકે છે.

# કપડવંજમાં આચાર્યનું હૃદયરોગથી મોતઃ એસઆઈઆરની કામગીરી જવાબદાર હોવાના આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મતદાર યાદી વેરિફિકેશનની કામગીરી ચાલી રહી છે. શિક્ષકોને આ કામગીરી સોંપવામાં આવી છે. કપડવંજના જાંબુડી ગામમાં રહેતા અને નવાપુરા પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય રમેશભાઈ પરમારનું હૃદય રોગના હુમલાથી નિધન થયું હતું. મૃતકના પરિવારજનોએ બીએલઓની કામગીરીના અસહ્ય ભારણ અને સતત મુસાફરીના કારણે આચાર્યનું મૃત્યું થયું હોવાનો આક્ષેપ કર્યો હતો.

મૃતકના પરિવારજનોના આક્ષેપો મુજબ, રમેશભાઈ પરમાર ૧૮મી નવેમ્બરની મોડી રાત સુધી મતદાર યાદી સુધારણાની કામગીરી કરીને ઘરે આવ્યા હતા. કામના ભારણ અને થાકને કારણે તે જમ્યા પણ નહોતા અને રાત્રે સૂઈ ગયા હતા, પરંતુ સવારે તેઓ ઊઠ્યા જ નહીં. પરિવારજનો તેમને તુરંત જ બાયડની ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયાનું જણાવ્યું હતું.

છેલ્લા પખવાડિયાથી બીએલઓની ફરજને કારણે રમેશભાઈ પરમાર સતત સ્ટ્રેસમાં હતા અને તેમને ઉજાગરા કરવા પડતા હતા. જાંબુડીથી તેમની ફરજનું સ્થળ નવાપુરા પ્રાથમિક શાળા રોજ ૪૮ કિ.મી. દૂર છે. તેઓ રોજ બાઇક પર આવવા-જવા માટે ૯૪ કિ.મી.થી વધુની મુસાફરી કરતા હતા. સતત કામના સ્ટ્રેસ, ઉજાગરા અને ભારે મુસાફરીના ભારણને કારણે તેમનું નિધન થયું હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો હતો.

જામનગર, સુરેન્દ્રનગર સહિતના ઘણા શિક્ષક સંઘોએ બીએલઓની કામગીરી અને શિક્ષણને લગતું કામકાજ વગેરેના ભારણ અંગે ફરિયાદો અને રજૂઆત કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર થઈ રહી હોવાનું પણ શિક્ષક સંઘો રજૂઆત કરી ચૂક્યા છે. જોકે આ અંગે શિક્ષણ વિભાગ કે અન્ય સંબંધિત એજન્સી તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

# મહેસાણામાં લૂંટેરી દુલ્હનનો કાંડ, ૧૫ કરતાં વધારે લગ્ન કરી લાખોની છેતરપિંડી આચરનાર ટોળકી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કેટલાક વિસ્તારમાં લૂંટેરી દુલ્હનનો ત્રાસ જોવા મળી રહ્યો છે. એક યુવતીએ એક બે નહીં પરંતુ ૧૫ કરતા વધુ વખત લગ્ન કરીને યુવકો અને તેમના પરિવારને છેતર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ લૂંટેરી દુલ્હન અને દલાલ દ્વારા લગ્નના બહાને લાખો રૂપિયાના દાગીના અને રોકડ રકમની લૂંટ કરવામાં આવતી હતી. આ મામલે અનેક ફરિયાદો નોંધાઈ હતી. જેથી પોલીસ લૂંટેરી દુલ્હન સહિત દલાલને શોધવા માટે તપાસ કરી રહી હતી. જેમાં લૂંટેરી દુલ્હન અને દલાલ સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ લોકોએ લગભગ ૧૬ પરિવાર સાથે લગ્નના નામે ઠગાઈ કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

આ સમગ્ર મામલે પોલીસે મહેસાણામાં લૂંટેરી દુલ્હન અને અન્ય પાંચ લોકોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ટોળકી બોગસ દસ્તાવેજો દ્વારા લગ્નના નામે છેતરપિંડી કરીને લાખો રૂપિયા પડાવતી હતી. લગ્નના નામે લાખો રૂપિયા ખંખેરનાર મહેસાણાની એક ટોળકીને મહેસાણા પોલીસે ઝડપી પાડી હતી. મહેસાણા પોલીસે ચાંદની ઠાકોર, રશ્મિકા પંચાલ, દલાલ રાજેશ ઠક્કર સહિત ચાર આરોપીની ધરપકડ કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પોલીસ કાર્યવાહી પ્રમાણે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં દલાલ રાજેશ લગ્ન ઈચ્છુક યુવકો શોધીને લાવતો હતો. આ દલાલ તે યુવકોના લગ્ન કરાવતો હતો. લગ્ન પણ આ બે યુવતીઓમાંથી કોઈ એક સાથે કરાવવામાં આવતા હતાં. લગ્ન કર્યાના થોડા જ દિવસોમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈને લૂંટેરી દુલ્હન ફરાર થઈ જતી હતી. આ ઠગ ટોળકીએ એક બે નહીં પરંતુ ૧૬ વખત લગ્ન કરીને આશરે ૫૨ લાખ જેટલા રૂપિયા પડાવ્યા હોવાનું પોલીસ તપાસમાં પ્રકાશમાં આવ્યું હતું. પોલીસે કરેલી પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં આવા સેંકડો દલાલો છે. જેથી મહેસાણા પોલીસે સમગ્ર રેકેટ મામલે વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરી દીધી હતી.

# ગુજરાત અને રાજસ્થાનના પ્રવાસ માટે રેલવે દોડાવશે સ્પેશિયલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન દ્વારા દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, તીર્થસ્થાનો અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે 'ભારત ગૌરવ ડીલક્સ એસી પ્રવાસી ટ્રેન'નું સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ જ શ્રૃંખલાને આગળ વધારતા, રેલવેએએ જાન્યુઆરી મહિનામાં 'ગરવી ગુજરાત' અને 'પધારો રાજસ્થાન' બે આકર્ષક વિશેષ પ્રવાસી ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરી હતી. ગરવી ગુજરાત પ્રવાસી ટ્રેન દિલ્હીના સફદરજંગ રેલવે સ્ટેશનથી ૧૩ જાન્યુઆરીના રોજ રવાના થશે. આ ૧૦-દિવસની યાત્રા દરમિયાન પ્રવાસીઓ ગુજરાતના અનેક મહત્ત્વના સ્થળોનો પ્રવાસ કરશે, જેમાં વડોદરા, વર્લ્ડ હેરિટેજ સાઇટ ચાંપાનેર-પાવાગઢ પુરાતત્વીય ઉદ્યાન, વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા), સોમનાથ, દીવ, દ્વારકા, અમદાવાદ, મોઢેરાનું સૂર્ય મંદિર, પાટણમાં આવેલી રાણીની વાવ અને વડનગરનો સમાવેશ થાય છે. આ યાત્રા ગુજરાતના ભવ્ય ઇતિહાસ અને આધુનિક વિકાસનું સંતુલન દર્શાવે છે.

આ બંને વિશેષ પ્રવાસી ટ્રેનો સંપૂર્ણપણે એર કન્ડીશન્ડ છે. આ ટ્રેનોમાં આધુનિક સુવિધાઓ જેવી કે, અત્યાધુનિક રેસ્ટોરન્ટ, આધુનિક રસોઈઘર, કોચમાં સેન્સર આધારિત શૌચાલય, પગની માલિશની સુવિધા અને સલામતી માટે સીસીટીવી કેમેરા તથા સુરક્ષા ગાર્ડ્સની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવશે, તેમ રેલવેએ જણાવ્યું હતું. આ પ્રવાસ માટેની ટીકીટો ટ્રેનના અલગ અલગ વર્ગોના આધારે વ્યક્તિ દીઠ નક્કી કરવામાં આવી છે, તેમ રેલવેએ જણાવ્યું હતું.

# ડિજિટલ અરેસ્ટ બાદ રાજ્યમાં પહેલી આપઘાતની ઘટના, વડોદરાના ખેડૂતે જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓ વધી છે. આ દરમિયાન વડોદરામાં ચોંકાવનારી ઘટના બહાર આવી હતી. ડિજિટલ એરેસ્ટ બાદ વડોદરામાં એક વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી હતી. ડિજિટલ એરેસ્ટના કથિત કારણે આત્મહત્યા થઈ હોવાની ગુજરાતમાં આ પહેલી ઘટના બની હોવાનું કહેવાઈ રહ્યું છે.

વડોદરા જિલ્લાના કાયાવરોહણમાં ડિજિટલ અરેસ્ટમાં ફસાઈ ખેડૂતે આપઘાત કર્યો હોવાનો આક્ષેપ પરિવારજનો કર્યો હતો. કાકા રામના ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા ૬૫ વર્ષીય અતુલભાઈ હિરાભાઈ પટેલને અજાણ્યા સાયબર ઠગોએ દિલ્હી એટીએસના નામે ફોન કરી તેમની બેંક એકાઉન્ટમાં રૂપિયા ૪૦ કરોડના ફ્રોડ અંગે તપાસ ચાલી રહી હોવાનું કહી ધમકાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

છેતરપિંડી થઈ હોવાનું કહી સાયબર ઠગોએ તેમને એક દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરવામાં આવ્યા હતા. સતત દબાણ અને ભયના કારણે અતુલભાઈએ ઘરે જ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પરિવારજનોને આ ઘટનાની પાછળ કોઈ મોટી છેતરપિંડી છુપાયેલી હોવાની શંકા થતાં તેમણે અતુલભાઈના ફોનમાં આવેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ભેજાબાજે આઈકાર્ડ મોકલી પોતે એન્ટિ ટેરેરિસ્ટ સ્કવોડનો ઇન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનું દાવો કર્યો હતો. ખેડૂતના મોત બાદ સમગ્ર કાયાવરોહણમાં શોકનો માહોલ છે.

આ મામલે પરિવારજનોનું કહેવું હતું કે, એટીએસ અને રૂ. ૪૦ કરોડના ફ્રોડની ધમકીએ અતુલભાઈને ભયભીત કરી દીધા હતા. મૃતકના સંબંધીએ જણાવ્યું કે, તેમને દર ૫ મિનિટે કોલ કરાતા અને ઘરની બહાર નીકળતા નહીં કહી ધમકાવતા હતા. તેમને એક આખો દિવસ ડિજિટલ એરેસ્ટ રખાયા હતા. જેના કારણે તેઓ ગભરાઈ ગયા હતા અને આ પગલું ભર્યું હતું. છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં વિવિધ પ્રકારના સાઇબર ફ્રોડમાં લોકોએ અંદાજિત રૂ. ૨૭૪૬ કરોડ ગુમાવ્યા છે. ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી હતી.

# સુરત જિલ્લા ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખની છેતરપિંડીના કેસમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ સુરત પોલીસના આર્થિક ગુના નિવારણ સેલે સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અને શહેરના નામાંકિત વ્યક્તિ કનૈયા કોન્ટ્રાક્ટર (૮૨) ની રૂ. ૨.૯૨ કરોડની લોન માટે બનાવટી દસ્તાવેજો બનાવવાના ગુનામાં ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, સ્વર્ગસ્થ લાલભાઈ કોન્ટ્રાક્ટરના મોટા પુત્ર કનૈયાએ તેમના ભાઈ હેમંત કોન્ટ્રાક્ટર અને ભાભી નયનાબેનની બનાવટી સહીઓ કરી બોગસ પાવર ઓફ એટર્નીના દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને, તેમણે લોન લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર હેમંત અને નયનાબેન ભારતની બહાર હતા ત્યારે બનાવટી પાવર ઓફ એટર્ની તૈયાર કરવામાં આવી હતી. લોન ચૂકવવાની બાકી હોવાની નોટિસ જ્યારે લોન આપનાર કંપની તરફથી આવી, ત્યારે તેમને આ સમગ્ર પ્રકરણની જાણ થઈ હતી. ત્યારબાદ હેમંતના પરિવારે ગયા વર્ષે ઓક્ટોબરમાં કનૈયા સામે છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોની ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હેમંતનું ગયા વર્ષે જૂન મહિનામાં નિધન થયું હતું.

સુરત સેશન્સ કોર્ટ અને ગુજરાત હાઈ કોર્ટ બંને દ્વારા કનૈયાની આગોતરા જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે બાદમાં તેમને લોન ચૂકવવાની અને બનાવટી દસ્તાવેજો પરત કરવાની શરતો પર છ અઠવાડિયાની વચગાળાનું રક્ષણ આપ્યું હતું. તેમણે લોન ચૂકવી દીધી હોવા છતાં, તેમણે દસ્તાવેજો સોંપ્યા ન હતા, જેના કારણે તેમને મળેલું પ્રોટેક્શન રદ કરવામાં આવ્યું હતું અને આખરે તેમની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

લાલભાઈ કોન્ટ્રાક્ટર ક્રિકેટ સ્ટેડિયમ માટે જમીન દાનમાં આપવા માટે કોન્ટ્રાક્ટર પરિવાર સુરતમાં જાણીતો છે. ગયા વર્ષે જૂનમાં પ્રમુખ તરીકે સેવા આપતી વખતે મૃત્યુ પામેલા હેમંત લાંબા સમયથી એસોસિએશન સાથે સંકળાયેલા હતા. ફરિયાદ નોંધાવતી વખતે હેમંતના પરિવારે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કનૈયા દ્વારા કરવામાં આવેલા વિશ્વાસઘાતને કારણે હેમંતનું સ્વાસ્થ્ય બગડ્યું હતું.

# ગીર સોમનાથના તાલાલા પંથકમાં બે દિવસમાં ત્રણ ભૂકંપના આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના તાલાલા પંથકમાં છેલ્લા બે દિવસથી સતત ધરતીકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ૧૯ અને ૨૦ નવેમ્બરના રોજ સતત બે દિવસમાં કુલ ત્રણ વખત ભૂકંપના આંચકા આવતા સ્થાનિકો પણ ભય અનુભવી રહ્યા છે. ગુરુવારે બપોરે આવેલા આંચકાનું કેન્દ્રબિંદુ તાલાળાથી આશરે ૧૪ કિલોમીટર દૂર નોંધવામાં આવ્યું હતું.

ગુજરાતની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા અનુસાર, પહેલો આંચકો ૧૯ નવેમ્બરના રોજ સવારે ૦૬:૧૨ વાગ્યે નોંધાયો હતો. જેની તીવ્રતા ૨.૭ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. જ્યારે બીજા દિવસે એટલે કે ૨૦ નવેમ્બરના રોજ બપોરે ૦૨:૨૯ વાગ્યે બીજો આંચકો અનુભાવયો હતો, જેની તીવ્રતા ૨.૯ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. જે બાદ બપોરે ૦૨:૫૩ વાગ્યે ત્રીજા આંચકાનો અનુભવ થયો હતો, જેની તીવ્રતા ૩.૦ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી.

જોકે આંચકાની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ મોટી નુકસાની થઈ નથી, પરંતુ ધરતીકંપની સંવેદનશીલતાને કારણે સાવધાની રાખી રહ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

# રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા છ નવી શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વહીવટી કાર્યક્ષમતા વધારવા અને શિક્ષણના કાર્યોને વધુ સરળ બનાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગ દ્વારા રાજ્યમાં કુલ છ નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર (ડીઈઓ)ને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી જિલ્લા સ્તરે શિક્ષણ સંબંધિત કામગીરીનું ભારણ ઘટશે અને શિક્ષણનું સંચાલન વધુ અસરકારક રીતે થઈ શકશે.

નવી ડીઈઓ કચેરીઓના નિર્માણ માટે હાલના ચાર મહાનગરને મુખ્ય કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. મંજૂર થયેલી છ કચેરીમાં રાજકોટ, સુરત, ગાંધીનગર અને વડોદરા શહેરમાં હવે શહેર અને ગ્રામ્ય એમ બે અલગ-અલગ કચેરી કાર્યરત થશે. આ વિભાજનથી શૈક્ષણિક વહીવટમાં સુગમતા આવશે, કારણ કે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની શૈક્ષણિક જરૂરિયાતો અલગ-અલગ હોય છે.

આ ઉપરાંત, અમદાવાદ શહેરમાં પણ ડીઈઓ કચેરીનું વિભાજન કરવામાં આવશે. સાથે જ, કચ્છ જિલ્લાના ભુજ અને અંજારની ડીઈઓ કચેરીનું પણ વિભાજન કરીને નવી કચેરી બનાવવામાં આવશે.

શિક્ષણ વિભાગના આ પગલાથી શાળાઓનું નિરીક્ષણ, શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવામાં મદદ મળશે, જેથી લાંબા ગાળે રાજ્યના શિક્ષણ સ્તરમાં સકારાત્મક બદલાવ આવી શકે છે.

# અમદાવાદમાં ઠંડીની સાથે સાથે સાયનસ-માઈગ્રેનના કેસ વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરમાં ઠંડીનો માહોલ જામ્યો છે. અમદાવાદમાં પણ લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે રહે છે. ત્યારે શહેરમાં શરદી-ઉધરસ, તાવ સાથે સાયનસ અને માઈગ્રેનના દરદીઓ પણ વધી રહ્યા હોવાનું ડોક્ટરો જણાવી રહ્યા છે.

ઠંડીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે, સાયનસ અને માઇગ્રેનની સમસ્યાથી પીડાતા લોકોની તકલીફોમાં વધારો થયો છે. વાહનોના ધુમાડા અને પરાળી (કચરા) સળગાવવાથી થતા પીએમ ૨.૫ પ્રદૂષણથી આ સમસ્યા વધુ વકરી હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે.

અગાઉ લઘુતમ તાપમાન ૧૪ થી ૧૫ ડિગ્રીની આસપાસ રહેતું હતું. આ વર્ષે નવેમ્બર તાજેતરના વર્ષોમાં સૌથી વધુ ઠંડો રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા એક અઠવાડિયાથી લઘુતમ તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. નવેમ્બર માટે આ મોસમી ઘટાડો સામાન્ય છે, પરંતુ આ વખતે તાપમાન જે ગતિએ ઘટ્યું છે તે સામાન્ય કરતાં થોડું ઝડપી છે. આગામી દિવસોમાં લઘુતમ તાપમાન ૧૩ થી ૧૬ ડિગ્રીની વચ્ચે રહેવાની ધારણા છે અને સૂકા પવનોને કારણે વહેલી સવારે ઠંડીનો વધારે અનુભવ થશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઘરની અંદરની ગરમીમાંથી અચાનક સવારની ઠંડી હવામાં જવાથી સાયનસમાં બળતરા થાય છે અને સોજો આવે છે. વહેલી સવાર અને મોડી રાત્રિ દરમિયાનની અચાનક ઠંડી નાક અને કપાળની આસપાસની રક્તવાહિનીઓને સંકોચે છે, જેનાથી સાયનસ, માથાનો દુખાવો અને ઠંડી-સંબંધિત ચક્કર આવવાના કેસોમાં વધારો થયો છે.

છેલ્લા એક અઠવાડિયાથી બંધ નાક, ચહેરા પર દબાણ, કાન ભારે લાગવા અને માથાનો દુખાવો ધરાવતા દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જ્યારે તાપમાનની અચાનક બદલાતી પેટર્નને કારણે માઇગ્રેન અને સાયનસના કેસો વધી રહ્યા છે, તેમ ડૉક્ટરો જણાવે છે. જેમને આ સમસ્યા પહેલેથી છે તેમણે વિશેષ કાળજી લેવા ડોક્ટરો જણાવી રહ્યા છે.

# સુરત મહાનગરપાલિકાએ ગેરકાયદે કબજો જમાવનારા યુનિયનોની ૧૧ ઓફિસ ખાલી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના હેડક્વાર્ટરમાં લગભગ ૧૦ વર્ષથી ગેરકાયદે કબજો જમાવનારા ૧૧ યુનિયનની ઓફિસ ખાલી કરી દેવામાં આવી હતી. સુરત મનપામાં કેટલાક યુનિયન નેતાઓ દ્વારા મહેકમ-રિક્રુટમેન્ટ, ભરતી, બઢતી, બદલી અને લાયકાતો નિર્ધારણ જેવા વહીવટી નિર્ણયોમાં વારંવાર દખલગીરી કરવામાં આવતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા હતા.

છાશવારે સૂત્રોચ્ચાર, નારેબાજી અને મોરચાબંધી દ્વારા વહીવટી તંત્ર અને શાસકોનું નાક દબાવવાના પ્રયાસો થતા હતા. આ ગતિવિધિઓને ગંભીરતાથી લઈને વહીવટી તંત્રએ ૧૧ યુનિયનની ઓફિસોને ખાલી કરાવી દીધી હતી. કેટલાક યુનિયન સભ્યોએ મનસ્વી વર્તન કર્યું હતું અને અધિકારીઓ સાથે ગેરવર્તન પણ કર્યું હોવાના કિસ્સા પણ બન્યા હતા.

સુરત કોર્પોરેશનમાં કાર્યરત યુનિયનોની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવતા, ડેપ્યુટી કમિશનરે ૨૫ યુનિયન અને મંડળોને નોટિસ જારી કરી હતી, જેમાં તેમને સાત દિવસની અંદર કાયદેસરતાના પુરાવા આપવાનું કહેવામાં આવ્યું હતું.

મુગલસરાય બિલ્ડિંગમાં ઓફિસો પર કબજો કરતા અગિયાર યુનિયનને ઓફિસ ખાલી કરવા માટે કડક અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. બુધવારે સાંજે ૬:૧૦ વાગ્યે આ સમયમર્યાદા પૂર્ણ થઈ હતી. સમય પૂર્ણ થતાં આ યુનિયનોને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવ્યાં હતાં. સેન્ટ્રલ ઝોન અને હાઉસિંગ વિભાગની ટીમે તમામ ૧૧ ઓફિસોમાંથી સાઇનબોર્ડ દૂર કર્યા હતાં. આ દરમિયાન કોઈ અઘટિત ઘટના ના બને તે માટે પોલીસ કર્મચારીઓને પણ હાજર રાખવામાં આવ્યાં હતાં.

આ ૧૧ યુનિયનો મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ગેરકાયદેસર રીતે ઓફિસમાં કબજો જમાવીને બેઠા હતાં. તેમની પાસે ૨૦૧૫થી એટલે કે છેલ્લાં ૧૦ વર્ષથી રજિસ્ટ્રેશન નથી. તેમને ખાલી કરાવવાની કવાયત શરૂ કરવામાં આવી હતી. તેવામાં ડેપ્યુટી કમિશનર પાસે નવા ૩ યુનિયનોની અરજી પણ આવી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

પાંચમા પાનાનું ચાલુ

## રાયગડમાં તામ્હિણી ઘાટ

ગયેલા યુવકોમાંથી એક જણે નવી થાર એસયુવી ખરીદી હતી. આથી યુવક તેના મિત્રો સાથે સોમવારે સાંજે એસયુવીમાં કોંકણ ફરવા માટે નીકળ્યો હતો. જોકે તામ્હિણી ઘાટ પર મંગળવારે વહેલી સવારે ચાલકે કાબૂ ગુમાવતાં એસયુવી ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. પિકનિક જવા નીકળેલા યુવકોમાંના અમુકનો મંગળવાર સવારથી સંપર્ક થતો ન હોવાથી ચિંતિત વાલીઓએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે યુવકોના મોબાઇલ નંબર લીધા બાદ તેમને ટ્રેસ કર્યા હતા ત્યારે લોકેશન તામ્હિણી ઘાટ હોવાનું જણાયું હતું. આથી માણગાંવ પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. રસ્તાના વળાંક પર તૂટેલી રેલિંગ પર પોલીસ ટીમની નજર પડી હતી, જેને પગલે ડ્રોનની મદદથી ખીણમાં શોધ ચલાવવામાં આવતાં એસયુવી નજરે પડી હતી, જે ખીણમાં ઝાડ પર ફસાયેલી હતી. દરમિયાન રાયગડ પોલીસની રેસ્ક્યુ ટીમે સ્થાનિક સ્વયંસેવકોની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધરી ગુરુવારે બપોરે મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. તમામ મૃતકોને બાદમાં ઓળખી કાઢવામાં આવ્યા હતા. મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ તેમને પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## એકનાથ શિંદેએ

અગ્રણી નેતા છો, તેથી તમારું યોગ્ય સન્માન જળવાઈ રહેશે' એમ કહેતા અમિત શાહે ઉમેર્યું હતું કે, 'આમાંથી કોઈ રસ્તો શોધીએ અને જીતની દોડ ચાલુ રાખીએ,'

આ બેઠક બાદ એકનાથ શિંદેએ તાત્કાલિક પક્ષના નેતાઓ, પ્રધાનો અને પદાધિકારીઓને મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એકનાથ શિંદેએ સાથી પક્ષોમાંથી સંભવિત પક્ષપ્રવેશ અટકાવવાનો આદેશ આપ્યો છે. શિંદેએ એવું પણ ભારપૂર્વક જણાવ્યું હોવાનું કહેવાય છે કે 'મહાયુતિ' માં તિરાડ પડે તેવાં કામો ન કરવા જોઈએ.

## 'છબી ખરાબ કરવાનો પ્રયાસ...': રેલવેએ ટ્રેનમાં મુસાફરોની સલામતીની અવગણના અંગે કુણાલ કામરાના વીડિયોની હકીકત તપાસી

મુંબઈ: ભારતીય રેલવેએ કોમેડિયન કુણાલ કામરા દ્વારા સલામતી ધોરણો અને બજેટ અંગે કરવામાં આવેલા આરોપોનું કડક ખંડન કરતા કહ્યું કે ઓનલાઈન ફરતા તેમના દાવાઓ ભ્રામક છે અને ખાસ કરીને દેશના મુખ્ય હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના સંદર્ભમાં ચાલી રહેલા મુખ્ય સુધારાઓને અવગણે છે.

યુટ્યુબ પરના તેમના તાજેતરના શો, 'જન હિત મેં જારી' માં, કામરાએ સ્ટાફિંગ લેવલ, ટ્રેક રિન્યુઅલ બજેટ અને રોકાણ પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. જોકે, રેલવેના ફેક્ટ-ચેક હેન્ડલે સ્પષ્ટ કર્યું છે કે આમાંના ઘણા દાવાઓમાં સંદર્ભનો અભાવ છે અને નેટવર્ક પર ચાલી રહેલા અપગ્રેડને ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે.

વાયરલ વીડિયોના જવાબમાં, ભારતીય રેલવેએ X પરના તેના ફેક્ટ-ચેક એકાઉન્ટ દ્વારા સખત વિરોધ નોંધાવ્યો અને કામરાના રિપોર્ટના કેટલાક ભાગોને 'ભ્રામક' ગણાવ્યા અને તેમના પર રેલવેની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. મંત્રાલયે લોકોને શેર કરતા પહેલા તથ્યો ચકાસવા વિનંતી કરી.

કામરાએ ડેટા ટાંકીને જણાવ્યું હતું કે રેલવેમાં ૧.૫ લાખથી વધુ મંજૂર સલામતી-શ્રેણીની નોકરીઓ ખાલી છે, જેમાં લોકો પાઇલટ્સ અને ટ્રેક મેન્ટેનર્સ જેવી આવશ્યક સેવાઓનો સમાવેશ થાય છે. તેમણે દલીલ કરી હતી કે આ ઊણપને કારણે સલામતી જોખમાય છે અને ઘણીવાર કર્મચારીઓને ૧૪-૨૦ કલાકની શિફ્ટમાં કામ કરવું પડે છે, ઘણીવાર સતત રાત્રી ફરજો, તેમના શબ્દોમાં કહીએ તો, તેમને 'ઝોમ્બી' જેવી બનાવે છે, જે કામ પર ભૂલોનું જોખમ વધારે છે. કામરાએ એમ પણ જણાવ્યું હતું કે ખર્ચ વધુ હોવા છતાં, રેલવે મંત્રાલય મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન જેવા આકર્ષક, હાઇ-પ્રોફાઇલ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપી રહ્યું છે, જેનો ખર્ચ પ્રતિ કિલોમીટર રૂ. ૨૮૧ કરોડ હોવાના અહેવાલ છે. તેમણે આની તુલના અત્યંત ઓછો ઉપયોગ થતી કવચ એન્ટી-કોલિઝન સિસ્ટમ સાથે કરી, જેનો ખર્ચ પ્રતિ કિલોમીટર માત્ર રૂ. ૫૦ લાખ છે, જે બુલેટ ટ્રેનની કિંમતનો એક અંશ છે છતાં મુસાફરોની સલામતી માટે કદાચ વધુ મૂલ્યવાન છે. હાઇ-સ્પીડ કોરિડોર માટેના બજેટમાં વધારા સાથે નિયમિત ટ્રેક નવીનીકરણ માટે ભંડોળમાં ભારે ઘટાડો કરવામાં આવ્યો છે, જે ખર્ચ અને સૌથી વધુ તાકીદની સલામતી જરૂરિયાતો વચ્ચે ચિંતાજનક અસમાનતા દર્શાવે છે. તેમણે ચેતવણી આપી હતી કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સ પ્રતિષ્ઠા અને ગતિ આપે છે, પરંતુ માળખાકીય મૂળભૂત સલામતી સુવિધાઓ ખતરનાક રીતે અવિકસિત રહે છે. કામરાએ વધુમાં દલીલ કરી હતી કે મોટાભાગના ભારતીયો જનરલ અને સ્લીપર ક્લાસ કોચમાં મુસાફરી કરે છે, છતાં ભારતીય રેલવે એસી ડબ્બાઓને વધુને વધુ વધારી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે આનાથી ઓછી આવક ધરાવતા મુસાફરો ભીડવાળા નોન-એસી કોચમાં મુસાફરી કરી રહ્યા છે, જેના કારણે મુખ્ય સ્ટેશનો પર ખતરનાક ભીડ અને નાસભાગ થાય છે. તેમજ, રેલવે એવા મુસાફરોને વેચવામાં આવતી વેઇટ-લિસ્ટેડ ટિકિટોમાંથી વાર્ષિક રૂ. ૧,૦૦૦ કરોડથી વધુની આવક મેળવે છે જે ખરેખર ક્યારેય ટ્રેનમાં ચઢતા નથી, જે સિસ્ટમના અર્થશાસ્ત્ર અને પ્રાથમિકતાઓ પર પ્રશ્નો ઊભા કરે છે.

## અનિલ દેશમુખના પુત્રે

જણાવ્યું હતું કે છેલ્લા પાંચ મહિનાથી તેમની તબિયત સારી રહેતી નહોતી અને તેઓ પાર્ટીને સમય આપી શકતા ન હતા.

સલીલ દેશમુખે જણાવ્યું હતું કે તેમણે પવાર, પાર્ટીના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે અને નાગપુર એનસીપી (એસપી)ના જિલ્લા પ્રમુખ અને અન્ય પદાધિકારીઓને રાજીનામું મોકલી આપ્યું છે.

## ઠાકરે સેનાના ઉમેદવારને

ચૂંટીને લાવીશું, એવો સંકલ્પ નિલેશ રાણેએ વ્યક્ત કર્યો હતો.

નિલેશ રાણેએ વધુમાં જણાવ્યું હતું કે મહાભારતમાં જ્યારે અર્જુને પૂછ્યું હતું કે, હે કૃષ્ણ, સામે બધા આપણા છે, ત્યારે શ્રી કૃષ્ણએ સરસ જવાબ આપ્યો હતો, ''જો તેઓ આપણા છે, તો સામે કેમ છે? તેઓ આપણી સાથે હોવા જોઈએ. આવું ઉદાહરણ આપતા નિલેશ રાણેએ જણાવ્યું હતું કે પણ એ રાજકારણ અલગ છે, આપણે એ રાજકારણમાં પડવું નથી. આપણી ચર્ચા ફક્ત વિકાસલક્ષી થવી જોઈએ. આવતીકાલે શહેરનો વિકાસ કરી શકશે તો તે સંદેશ પારકર જ કરી શકશે, નગરસેવકો કરી શકશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો.

વધુમાં રાણેએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ કણકવલી શહેર વિકાસ આઘાડીના માધ્યમે સંદેશ પારકર માટે મેદાનમાં ઉતર્યા છે. તમને ચૂંટી લાવવા માટે જીવ રેડી દઈશું અને તમને સો ટકા ચૂંટી લાવીશું', સંદેશ પારકરને વચન આપતાં રાણેએ કહ્યું હતું.

## નવાબ મલિકના

એક કોર્ટે મલિક સામે આરોપો ઘડ્યાના થોડા દિવસો પછી ભાજપ નેતાની ટિપ્પણી આવી છે.

સંપર્ક કરવામાં આવતા, એક એનસીપીના નેતાએ ટીકાને હળવાશથી લેતાં કહ્યું હતું કે મલિકને બે મહિના પહેલા મુંબઈ માટે ચૂંટણી સમિતિના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને પાર્ટી ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે.

'અમારું રાજકારણ કોઈના પર નિર્ભર નથી,' એમ નામ ન આપવાની શરતે આ નેતાએ કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે પાર્ટીએ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવી છે અને તે કેટલી બેઠકો પર ચૂંટણી લડશે તે પછી નિર્ણય લેશે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી, ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે મળીને શાસક મહાયુતિ ગઠબંધનનો એક ઘટક છે.

નવાબ મલિક એક અનુભવી રાજકારણી છે જેમણે વિધાનસભ્ય તરીકે ઘણી ટર્મ સેવા આપી છે, તે અવિભાજિત એનસીપીના મુંબઈ એકમના વડા હતા. આમ છતાં, પાર્ટીનું મુંબઈમાં ક્યારેય નોંધપાત્ર સ્થાન રહ્યું નથી.

તેમણે ગયા વર્ષે શિવાજીનગર-ગોવંડી બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી હતી, પરંતુ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર સામે હારી ગયા હતા.

## પ્રોવોગ ઈન્ડિયા

સહિત પ્રોડક્ટોની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન અને વેચાણ કરે છે.

આરોપીઓમાં કંપનીના ભૂતપૂર્વ ડિરેક્ટર રાકેશ રાવત, ભૂતપૂર્વ કર્મચારી સમીર ખંડેલવાલ સહિત રિઝોલ્યુશન પ્રોફેશનલ અમિત ગુપ્તા, નવો પર્ચેસર અર્પિત ખંડેલવાલ, પ્લૂટસ ઇન્વેસ્ટમેન્ટસ એન્ડ હોલ્ડિંગ લિમિટેડ તથા અન્યોનો સમાવેશ છે. આરોપીઓએ સાઠગાંઠ કરીને કંપનીની અસ્કયામતોનું મૂલ્ય ઓછું આંક્યું હતું અને આ કંપનીને ખંડેલવાલ ખરીદી શકે એ માટે તેનું બજાર મૂલ્ય નીચે લાવવા બે વર્ષ સુધી લિલામી પ્રક્રિયાને ઇરાદાપૂર્વક વિલંબમાં મૂકી હતી.

આરોપીઓએ અંગત લાભ માટે ગ્રાહકો (ડેબ્ટર્સ) પાસેથી મળવાપાત્ર રકમ વસૂલ કરી નહોતી. આ પ્રકરણે પ્રોવોગ ઇન્ડિયા લિમિટેડના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર નિખિલ ચતુર્વેદી (૫૫)એ ફરિયાદ નોંધાવી હતી. આ ગુનો ૨૦૧૮થી ૨૦૨૩ દરમિયાન આચરવામાં આવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ફોજદારી કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

## અમિત શાહ અને દેવેન્દ્ર

એક કલાક સુધી વાતચીત થઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વાતચીતમાં એકનાથ શિંદેએ ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણ વિરુદ્ધ ફરિયાદ કરી હોવાનું જાણવા મળ્યું છે કે એકનાથ શિંદેએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે રવીન્દ્ર ચવ્હાણ ભૂતપૂર્વ કોર્પોરેટરોને પૈસા આપતા હતા, એવો દાવો શિવસેના (યુબીટી) નેતા સુષ્મા અંધારેએ કર્યો હતો. અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેનું શીતયુદ્ધ છુપાયેલું નથી. તેથી, જે કોઈ અમિત શાહની નજીક છે તે દેવેન્દ્ર ફડણવીસના રડાર પર છે. ઉપરાંત, જે કોઈ દેવેન્દ્ર ફડણવીસના રડાર પર છે તે અમિત શાહને ખૂબ જ પ્રિય છે. તેથી જ, જો રવીન્દ્ર ચવ્હાણે અમારા માણસોને તોડ્યા હોય, તો તેની ફરિયાદ કોને કરવી, કદાચ એટલે જ એકનાથ શિંદે તેમની પાસે જઈ રહ્યા હશે. અંધારેએ કહ્યું હતું.

સુષ્મા અંધારેએ એવો પણ દાવો કર્યો હતો કે, એકનાથ શિંદેના ભાજપમાં જોડાવા અને સરકાર બનાવવાના શિલ્પી અમિત શાહ છે. આ બધી બાબતોમાં, અમિત શાહ એકનાથ શિંદેના એકમાત્ર તારણહાર અને મસીહા છે. તેઓ જાણે છે કે અમિત શાહ સિવાય કોઈ તેમનું સાંભળતું નથી. ઉપરાંત, એકનાથ શિંદે જાણે છે કે અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે કેવા પ્રકારનું શીતયુદ્ધ ચાલી રહ્યું છે.

## શિંદેની દિલ્હી મુલાકાત

જે આપે છે તે 'ઉપકાર' છે. 'તેઓ (મહાયુતિના ભાગીદારો) એકબીજા સાથે લડવા લાગ્યા છે. કોઈ દિલ્હીમાં જઈને કહે છે કે તેમને માર મારવામાં આવ્યો છે. આ લાચારી શા માટે?' એવા શબ્દોમાં ઠાકરેએ હરીફ શિવસેનાના વડા શિંદેનું નામ લીધા વિના તેમની ટીકા કરી હતી.

મંગળવારે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પહેલા ભાજપ દ્વારા પોતાના નેતાઓને ભગાવી જવામાં આવી રહ્યા છે તેથી શિવસેનાના પ્રધાનોએ સાપ્તાહિક કેબિનેટ બેઠકમાં હાજરી આપી ન હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાના પ્રધાનો વચ્ચે થયેલી બેઠક બાદ શાંતિ કરાર કરવામાં આવ્યો હતો, જેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે મહાયુતિ પક્ષો એકબીજાના નેતાઓને પક્ષપ્રવેશ આપશે નહીં. ભૂતકાળમાં, ભાજપે ચૂંટણી પહેલા તેના વિરોધીઓ દ્વારા જાહેર કરાયેલી મફત ભેટોનો ઉલ્લેખ કરીને 'રેવડી' સંસ્કૃતિની ટીકા કરી હતી.

મહારાષ્ટ્રમાં, વિપક્ષ અને મહાયુતિ બંનેએ ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં શાસક ગઠબંધનની અદ્ભુત જીતમાં મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજનાની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો છે, જે પાત્ર મહિલાઓને ૧,૫૦૦ રૂપિયાની માસિક સહાય સુનિશ્ચિત કરે છે. 'મહારાષ્ટ્રમાં શિક્ષણ પર કોણ ધ્યાન કેન્દ્રિત કરશે કારણ કે આપણી પાસે સમય નથી? બાળકોને ભણાવવાની જવાબદારી આપણી નથી કારણ કે આપણે પક્ષો, વિધાનસભ્યો અને સાંસદોને તોડીને શાસન કરવા માગીએ છીએ,' એમ ઠાકરેએ જણાવ્યું હતું.

## મહાયુતિમાં તિરાડ?

પક્ષો વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. આ પૃષ્ઠભૂમિમાં, ભાજપે કોર્પોરેટરોના ૧૦૦ ના આંકડાને પાર કરવા પર નજર રાખી છે, અને આ માટે મજબૂત ચહેરાઓને મેદાનમાં ઉતારવા માટે એક મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ભાજપના નેતાઓનો દાવો છે કે પાર્થ પવારના કથિત જમીન કૌભાંડની ચર્ચા વધતાં એનસીપી નેતાઓમાં મૂંઝવણ અને નિરાશાનું વાતાવરણ સર્જાયું છે. બીજી તરફ, શહેરમાં ભાજપના ધારાસભ્યો અને બિહાર ચૂંટણીમાં તાજેતરમાં મળેલી મોટી જીતથી ભાજપના કાર્યકરોમાં નવી ઊર્જાનો સંચાર થયો છે અને હાલનું વાતાવરણ પક્ષ માટે અનુકૂળ હોવાથી, ઘણા ઉમેદવારો ટિકિટ માટે મેદાનમાં ઊતર્યા છે. મહાગઠબંધન તૂટવાથી ભાજપ માટે બધી ૧૨૮ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખવાનો વિકલ્પ ખુલ્યો છે. તાજેતરના આંતરિક સર્વેક્ષણમાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે ભાજપ માટે વાતાવરણ અનુકૂળ છે. જોકે, ૭૭ બેઠકો આંકડાને પાર કરીને ૧૦૦ બેઠકના આંક સુધી પહોંચવા માટે કેટલાક વધુ મજબૂત ઉમેદવારોની જરૂર હોવાથી, એનસીપીમાંથી 'વૈકલ્પિક યોગ્યતા' ધરાવતા ચહેરાઓને ભાજપમાં લાવવાની યોજના ચાલી રહી છે.

## ઍર પોલ્યુશન કંટ્રોલના

૧૬૬ નોંધાયો હતો. અનેક વિસ્તારમાં સરેરાશ એક્યુઆઈ પણ ૧૫૦ની ઉપર નોંધાયો હતો. વાતાવરણ પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટેના ઉપાયને અમલમાં મૂકવા માટે પાલિકા દ્વારા દરેક વોર્ડ સ્તરે વિજિલન્સ ટીમની નિમણૂક કરવામાં આવી છે, જે ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરનારા સામે આકરાં પગલાં લેશે એવું પાલિકાના એડિશનલ કમિશનર (શહેર) અશ્વિની જોશીએ જણાવ્યું હતું.

પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે ઉપાયયોજના અમલમાં મૂક્યા બાદ પણ ઍર ક્વોલિટી ઈન્ડેક્સ સતત ૨૦૦ કરતાં વધુ નોંધાશે તે પરિસરમાં કારણભૂત રહેલાં ઉદ્યોગ અને બાંધકામને 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન-ફોર (ગ્રેપ-૪) અંતર્ગત બંધ કરવામાં આવશે એવું પણ અશ્વિની જોશીએ જણાવ્યું હતું. તેમ જ પાલિકાના તમામ ડેપ્યુટી કમિશનર, આસિસ્ટન્ટ કમિશનરને પણ આ બાબતે ખાસ ધ્યાન આપવા માટે અને યોગ્ય પગલા લેવા માટેની તેમણે સૂચના આપી છે.

મુંબઈમાં વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે, જેમાં સ્વચ્છ ઈંધણ પર બેકરી તેમ જ સ્મશાનભૂમિને શરૂ કરવી, પબ્લિક ટ્રાન્સપોર્ટને પર્યાવરણપૂરક બનાવવા માટે ઈલેક્ટ્રિક બસનો ઉપયોગ, બાંધકામ સાઈટ પરના કાટમાળનો સાયન્ટીફિકલી પ્રક્રિયા કરવાનો પ્રોજેક્ટ, ધૂળને નિયંત્રણમાં લાવવા માટે મિસ્ટીંગ મશીનની મદદથી રસ્તા પર પાણીનો છંટકાવ કરવા જેવી બાબતનો સમાવેશ થાય છે.

## યુનિવર્સલ પૉલિસી

પસંદ કરવામાં આવી છે, જેમાં ફૂટપાથના નાના ભાગોને યુનિવર્સલ ફૂટપાથ પૉલિસી હેઠળ અપગ્રેડ કરવામાં આવશે. રિમોડેલ યોજના હેઠળ ૧૪ સ્થળોમાંથી ૬.૪૦ કિલોમીટર એટલે કે ચાર સ્થળ દક્ષિણ મુંબઈમાં છે. પૂર્વ ઉપનગરમાં પાંચ વિસ્તારને આવરી લેતી ૫.૯૬ કિલોમીટરની ફૂટપાથ અને પશ્ચિમ ઉપનગરમાં પાંચ સ્થળે ૪.૧૯ કિલોમીટરની ફૂટપાથને આવરી લેવામાં આવવાની છે. નોંધનીય છે કે મુંબઈમાં આશરે ૪,૦૦૦ કિલોમીટરની ફૂટપાથ છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ પૉલિસી હેઠળ ફૂટપાથને અતિક્રમણ મુક્ત અને બધા માટે ચાલવા યોગ્ય બનાવવામાં આવવાની છે, જેમાં ફૂટપાથની ઊંચાઈ, પહોળાઈ, સમાન સપાટીથી લઈને તેના પર રહેલા અતિક્રમણથી લઈને તમામ અવરોધ દૂર કરવામાં આવશે. દિવ્યાંગ વ્યક્તિઓ પણ આ ફૂટપાથનો ઉપયોગ કરી શકે એ મુજબનું ધ્યાન રાખવામાં આવશે. ફૂટપાથની આજુબાજુ રહેલાં વૃક્ષો પણ સુરક્ષિત રહે તેની કાળજી લેવામાં આવશે. આવશ્યક જગ્યાએ બેન્ચ પણ બેસાડવામાં આવશે.

આ અઠવાડિયાની શરૂઆતમાં જ પાલિકાએ પાઈલોટ પ્રોજેક્ટ માટે અંતિમ મંજૂરીઓ મેળવી લીધી હતી. પસંદ કરવામાં આવેલાં ૧૪ સ્થળોને મૉડેલ તરીકે વિકસાવ્યા બાદ અન્ય વિસ્તારમાં પણ તેને અમલમાં મૂકવાની પાલિકાની યોજના છે.

અધિકારીના જણાવ્યા મુજબ આ વર્ષના નાણાકીય બજેટમાં જાહેર કરાયેલી 'પેડેસ્ટ્રીયન ફર્સ્ટ' યોજના હેઠળ ફૂટપાથ માટે યુનિવર્સલ પૉ લિસી ઘડવામાં આવી છે, જેના માટે પ્રશાસને ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. નોંધનીય છે કે વર્ષની શરૂઆતમાં જ બોમ્બે હાઈ કોર્ટે ગેરકાયદે પાર્કિંગ અને ફૂટપાથ પરના અતિક્રમણને લઈને થતી સમસ્યાને લઈને પાલિકાના અધિકારીઓને ફટકાર લગાવી હતી. જોકે પાલિકાએ રાહદારીઓ માટે અમલમાં મૂકેલી યુનિવર્સલ પૉલિસીનો પ્રોજેક્ટ પહેલો પ્રયોગ નથી. આ અગાઉ ૨૦૧૬ની સાલમાં પાલિકાએ રાહદારીઓ માટે ફૂટપાથ પરથી અતિક્રમણને દૂર કરીને ડિઝાઈન કરેલા ફર્નિચર બેસાડવાની સાથે અવરોધ દૂર કરવા નિયમો ઘડયા હતા. એ બાદ ૨૦૧૭માં બહાર પાડેલા સર્ક્યુલરમાં આસિસ્ટન્ટ કમિશનરોને મુખ્ય રસ્તા પરની ફૂટપાથ ઓળખીને તેનું સમારકામ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## બહાર નીકળવાનું

સેનાનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું છે,' એવું સ્પષ્ટ થઈ રહ્યું છે એવો દાવો તેમણે કર્યો હતો.

શાસક મહાયુતિમાં ભાજપ, શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ થાય છે.

મંગળવારે, એકનાથ શિંદે સિવાય શિવસેનાના પ્રધાનોએ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા ભાજપ દ્વારા તેના નેતાઓને ભગાવી જવાના સ્પષ્ટ આરોપોને કારણે સાપ્તાહિક કેબિનેટ બેઠકનો બહિષ્કાર કર્યો હતો.

દેખીતી રીતે આ ઘટનાક્રમ પર પોતાનો નારાજગી વ્યક્ત કરવા માટે બુધવારે શિંદે દિલ્હીમાં શાહને મળ્યા હતા.

એનસીપી (એસપી)ના કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, ફડણવીસ ભાજપના 'શિસ્તબદ્ધ અને આજ્ઞાકારી' નેતા હોવાથી, પક્ષના ટોચના નેતૃત્વની મંજૂરી વિના કાર્ય કરશે નહીં.

'જો તેઓ શિંદે સેનાના નેતાઓને દૂર કરી રહ્યા છે અને એકનાથ શિંદેને અવગણી રહ્યા છે, તો તે સ્પષ્ટ છે કે આ આયોજનબદ્ધ અને સંકલિત છે,' એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીમાં અમિત શાહ સાથે શિંદેની મુલાકાતથી 'કોઈ ફરક પડશે નહીં', એમ પણ ક્રાસ્ટોએ ઉમેર્યું હતું.

'હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપ શિંદેની આગેવાની હેઠળની સેનાનો ઉપયોગ કરવાનું બંધ કરી ચૂક્યું છે. એકનાથ શિંદેએ હવે જાગવું જોઈએ અને કોફીની સુગંધ લેવી જોઈએ, દિવાલ પરનું લખાણ વાંચવું જોઈએ અને તેમને અપમાનજનક રીતે બહાર નીકળવાનું કહેવામાં આવે તે પહેલા રેખાઓ વચ્ચે વાંચીને બહાર નીકળી જવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

## હિન્દુ મરણ

કચ્છ ગામ તેરા હાલ મુલુંડ તે સ્વ. જમનાબેન કરસનદાસ ગણાત્રાના મોટા પુત્ર સ્વ. જમનાદાસ કરસનદાસ ગણાત્રા (ઉં. વ. ૮૧) તા. ૧૮-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. તારાબેનના પતિ. તે સ્વ. મોહનલાલના મોટાભાઇ. તે મનીષ, અમિતના પિતા. તે જિજ્ઞા, માનસીના સસરા. તે સ્વ. મીઠાબેન કુંવરજી રાયચના મોટા ભાડિયાવાળાના જમાઇ. તે મિતેષ, જીજ્ઞેશ. તે ત્રિશા, માસૂમી, દર્શ, ઊર્વી, રાહુલના દાદાજી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૫ શુક્રવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાંઓએ તે જ દિવસે આવી જવું.

**દશા દિશાવળ પાટણ**

મધુસુદનભાઇ જમનાદાસ શાહ (પાટણવાળા) હાલ મુંબઇ તે રેણુકાબેનના પતિ. તે જીજ્ઞેશ, દર્શન, લીના, પિંકીના પિતા. તે સુનિતકુમાર, અશ્વિનકુમાર, શારદાબેન, પ્રવીણાબેન અને સુધાબેનના ભાઇ. તે નેહલબેન, ભક્તિબેન અને નિલય મહેતાના સસરા. તે નટવરલાલભાઇ પરીખના જમાઇ. તે મીત, અનુજ, હિયા, શનાયા, આર્ય, વ્રજના દાદા. બુધવાર / નવેમ્બર તા. ૧૯, ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર / તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના ૫થી ૭. ઠે. લોટસ બેન્કવેટ હોલ, રઘુલીલા મોલ, કાંદિવલી (વેસ્ટ), ખાતે રાખેલ છે.

**પાવરાઇ ભાટીયા**

ભરતભાઇ દેવેન્દ્રભાઇ જસાણી (ગોંદીયા) (ઉં. વ. ૭૫) તા. ૧૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દેવેન્દ્રભાઇ અને ગં.સ્વ. લીલાબાઇ જસાણીના સુપુત્ર. તે ભારતીબેન જસાણીના પતિ. તે સ્વ. જયસિંહભાઇ ગોપાલદાસ મુલાણીના જમાઇ. તે પૂજાબેન તેજસભાઇ ભાટીયા અને નેહાબેન કુલીનભાઇ રામદાસના પિતા. તે જયંતભાઇ દેવેન્દ્રભાઇ જસાણીના ભાઇ. અને ચેતનભાઇ જયંતભાઇ જસાણીના કાકા. તે નયનાબેન જયંતભાઇના દિયર. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૫ના શ્રી રામદેવરા રેલ ટીલી ગોંદીયા ખાતે બપોરના ૪થી ૫, રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

હંસરાજ રણછોડદાસ ઠક્કર (ઉં.વ. ૮૫) તે બારા વાળા હાલ ઘાટકોપર હેમલત્તાના પતિ. જયેશ અને પરેશના પિતા. કલ્પનાના સસરા. તે ચિંતનના દાદા. પુરસોત્તમ ગોરધનદાસ આસરના જમાઈ. તે તા. ૧૫/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ગુર્જર વણિક**

મુંબઈ નિવાસી હાલ (મુલુંડ) દક્ષા શૈલેષ લાદીવાલા (ઉં.વ. ૭૪), તા. ૧૮-૧૧-૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. શૈલેષભાઈના પત્ની. રિતેશ અને ભાવેશના માતા. અલ્પા અને વૈશાલીના સાસુ. વ્યોમ અને આરીયાના દાદી. સ્વ. શોભનાબેન, સ્વ. કિશોરીબેન, પૂર્ણિમાબેન અને ભરતભાઈના ભાભી. હરિણીબેન, વીણાબેન, નિલેશભાઈની બેન. સ્વ. ચંદ્રમણિબેન ગાંધી અને ઉષાબેન મસ્તાનના વેવાન. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૫, સમય - સાંજે ૫ થી ૭. સ્થળ - સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ).

**વિસા સોરઠીયા વણિક**

પ્રશ્નાવડા વાળા હાલ વિરાર નિવાસી, સ્વ. અરુણ દેવચંદ શાહ (ઉં.વ. ૫૯), તારીખ ૧૯મી નવેમ્બરના શ્રીજી ચરણ પામ્યા છે. તે લીલાવંતીબેન અને દેવચંદ નથુભાઈ શાહના પુત્ર. ગીતા શાહના પતિ. રોમિલના પપ્પા. કેતન, ઈલા રાકેશ શાહ અને અલ્પા શૈલેષ ત્રિવેદીના ભાઈ અને મનસ્વીના કાકા. મનોહર ગુલાબચંદ મકવાણા (ઉધનાવાળા)ના જમાઈ હતા. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ખારીરોડ હાલ કુર્લા સ્વ. પ્રેમાબાઇ નેણશી ભીમજી સેતા અને સ્વ. ડાઇબાઇ ધરમશી સોતાના પુત્ર મહેન્દ્ર નેણશી સેતા (ઉં. વ. ૭૬) તા. ૧૭-૧૧-૨૫ સોમવારના રામશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. જાદવજીભાઇ, સ્વ. નવીનભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. ગીરીશભાઇ, સ્વ. કિશોરભાઇ, સ્વ. ધર્મિષ્ઠાબેન, ઉદયભાઇના ભાઇ. વર્ષા નિલેશભાઇ શેઠિયા અને ભાવેશના પિતા. સ્વ. ઝવેરબેન માધવજી રવજી ગંધાના જમાઇ. સરલાબેન, કનૈયાલાલ, જયોતીબેન, વિજયભાઇના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૫ શુક્રવારના સાંજે ૪થી૬. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા સ્વ. ગોરધનદાસ લાલજી રાડિયાના પુત્ર હાલ કોઇમ્બુતર નિવાસી નરસિંહદાસ ગોરધનદાસ રાડિયા (ઉં. વ. ૮૯) તે ઉર્મિલાબેનના પતિ બુધવાર, તા. ૧૯-૧૧-૨૫ના કોઇમ્બુતર મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે વિવેક, અ. સૌ. ભાવના વિપુલકુમાર ચંદારાણાના પિતાશ્રી. અ. સૌ. સીમા વિવેક રાડિયાના સસરા. તે અનીલભાઇ, નવીનભાઇ, રજુભાઇ, ગીરીશભાઇ, અશોકભાઇ, ગં. સ્વ. દમીયંતીબેન જેષ્ઠારામ સેજપાલ, ગં. સ્વ. રંજનબેન નરેશકુમાર ઉનડકટ, અ. સૌ. મધુબેન કિશોરકુમાર ગણાત્રાના ભાઇ. તે ચિ. કિશનના નાના. રાયનાના દાદા. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## ઠાકરેના વકીલોએ

વકીલોએ ફરી એકવાર ખોટી દલીલ કરી હતી. દરેક નાગરિક કેન્દ્રીય અને બીજી સ્થાનિક એમ બે ચૂંટણીઓ લડે છે. ઠાકરે જૂથના વકીલોએ એ મુદ્દો ઉઠાવવો જોઈતો હતો કે છેલ્લા દસ વર્ષથી સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ નથી. તેઓ તે મુદ્દો ઉઠાવવામાં નિષ્ફળ ગયા, ચવ્હાણે કહ્યું હતું.

ભાજપે ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારા સંપૂર્ણપણે રદ કરી દીધા છે. તેના કારણે લોકોને પોતાના નગરસેવક અને પંચાયત સમિતિ સભ્યને ચૂંટવાનો અધિકાર રહ્યો નથી. આ એક અલગ મુદ્દો છે. આ કારણે, ઠાકરે જૂથના વકીલોએ સ્થાનિક ચૂંટણીઓ યોજાય તે પહેલાં અમને ચિહ્ન (પ્રતીક) અંગે નિર્ણય આપો, એવી દલીલ રજૂ કરવી જોઈતી હતી. તેઓએ કોર્ટને આ મહત્ત્વપૂર્ણ બાબત કેમ ન જણાવી? એવો પ્રશ્ન પૃથ્વીરાજ ચવ્હાણે પૂછ્યો હતો.

## પારસી મરણ

રોહીન્ટન રૂસી જાવરેવાલા તે સારવાર રોહીન્ટન જાવરેવાલાના ખાવીંદ. તે મરહુમો બાનુ તથા રૂસી જાવરેવાલાના દીકરા. તે કેશ્મીરા રોહીન્ટન જાવરેવાલાના પપ્પા. તે નરગીશ ભરૂચા, કેટી ફરનાન્ડીસ ને કેકી જાવરેવાલાના ભાઇ. તે ફરઝાના, કેરીન ને સ્ટેફીના મામા. તે જેસ્મીન ને ઝહાનના કાકા. (ઉં.વ. ૬૪) રે. ઠે. ફલેટ નં-૯, ૨જે માળે, હીલ ટાઉન નાયગામ, પાલઘર, મુંબઇ-૪૦૧૨૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે કોલાબા ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

પરીદોખ્ત શાહબેહરામ બુદીલીયન તે મરહુમ શાહબેહરામ એ. બુદીલીયન ના વિધવા. તે મરહુમો દોલત તથા મેહેરગાન મેહેરીના દીકરી. તે કેટાયુન, શેનાઝ, પરવીન, નમાઝ ને પરવાનાના મમ્મી. તે તેમટન, હોશંગ, રૂસ્તમ, મેહેરનોશ ને મરહુમ હોમીના સાસુ. તે કેકા તથા મરહુમો રૂસ્તમ, ફરેદુન, સોરાબ ને શાહબેહરામના બહેન. તે મરઝીન, મેહેરશાબ, સબીના, શાહઝાદ, નીમતાઝ, જકશીશ, શનાયા, શાહવીર, શાહરોમ ને નોહીરના મમયજી. (ઉં. વ. ૯૬). ઠે. એપદુન બિલ્ડિંગ, ૨જે માળે, રૂમ.નં-૫, ડો. જે.એસ.એસ.રોડ, ૧ ધોબીતળાવ લેન, મેટ્રો સિનેમાની નજીક, મુંબઇ-૪૦૦૦૦૨, ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે ધોબીતળાવ મધે વાડીયાજી આતશ બહેરામમાં.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલી સ્વ. જુઠાલાલ લાધાભાઇ શાહના સુપુત્ર અનોપચંદભાઈ (ઉં.વ. ૮૯), તે સ્વ. પ્રફુલાબેનના પતિ. વિપુલભાઈ, જાગૃતિબેન, કામિનીબેનના પિતાશ્રી. તેજલબેન, ગૌતમભાઈ, સ્વ. ગિરીશભાઈના સસરા. સ્વ. હાકેમચંદભાઈ, સ્વ. રમણિકભાઈ, સ્વ. મુગટભાઈ, સ્વ. સેવંતીભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. પ્રેમીલાબેન, સ્વ. હંસાબેનના ભાઈ. સ્વ. પ્રભાશંકર સુંદરજી મહેતાના જમાઈ. સોમવાર, તા. ૧૭-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ મુંબઈ ગીરીશભાઈ દુર્લભજી ગાઠાનીના ધર્મપત્ની અ.સૌ. મીતાબેન ગાઠાની (ઉં.વ. ૭૨), તા. ૧૮-૧૧-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. તે તેજસ અને ધ્વનીના માતુશ્રી. નિશીત કિરીટભાઈ સંઘવી અને સ્વીટી ગાઠાનીના સાસુ. મહેન્દ્રભાઈ, મુક્તાબેન, મધુબેન અને મિનાક્ષીબેનના ભાભી. પિયર પક્ષે જૂનાગઢ નિવાસી સ્વ. પ્રાણલાલ મણિલાલ દોશીની સુપુત્રી. સ્વ. ભુપેન્દ્રભાઈ, નગીનભાઈ, સ્વ. મુકેશભાઈ, બકુલભાઈ, અ. સૌ. સરલાબેન શેઠ, અ. સૌ. પ્રિયવંદાબેન કોઠારીના બેન. પ્રાર્થના સભા તા. ૨૧-૧૧-૨૫ શુક્રવારના સાંજે ૫ થી ૭ કલાકે સ્થળ : મહેશ્વરી ભવન, સમર્થ આંગણ, ઓશિવરા પોલીસ સ્ટેશનની પાસે, ન્યુ લિંક રોડ, અંધેરી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુરના નલિની ભવિ વોરા (ઉં.વ. ૭૨) તા. ૧૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. ભવિ લખમશી વોરાના ધર્મપત્ની. સ્વ. ઉમરબાઈ લખમશી વીરજી વોરાના પુત્રવધૂ. લીસા, બીના, અમીતના માતુશ્રી. જામખંભાળિયાના કાશીબેન મથુરાદાસ છગનલાલ દાવડાના સુપુત્રી. નરેશ, વિપીન, હેમંત, હિતેન્દ્ર, વાસંતી, સ્મિતાના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. એડ્રેસ : ભવિ વોરા, એ-૧૪૦૨, ગુરનાની પામ્સ, જયભવાની માતા રોડ, અંબોલી, અંધેરી (વેસ્ટ).

બિદડાના હીરજી પદમશી છેડા (ઉં.વ. ૮૭) ૧૯-૧૧ના અવસાન પામ્યા છે. રતનબેન પદમશી નથુના સુપુત્ર. ભાનુબેનના પતિ. કૌશીક, રાજેશ, કિશોર, મનીષા, નીલમના પિતાશ્રી. ધારસીભાઈ, સુંદરબેન નાનજી, મુરીબાઈ હંસરાજના ભાઈ. મો. આસંબીયા લાછબાઈ કારૂભાઈ ચાંપશીના જમાઈ. પ્રાર્થના : પારસી જીમખાના, ડો. આંબેડકર રોડ, દાદર-ઈ. ટા. ૩.૩૦ થી ૫. નિ. રાજુ છેડા : ૧૨૦૧ ઈન્દુ વીલા, એલ.જે. રોડ, માટુંગા-ઈ.

**કાંઠા સત્તાવીસ દશા શ્રીમાળી જૈન**

વિજાપુર નિવાસી હાલ કાંદિવલી જ્યોત્સનાબેન (ઉં.વ. ૭૮) તે સેવંતીલાલ અમથાલાલ કોટડીયાની દીકરી. યોગિતાના માતુશ્રી. ગીરીશભાઈના સાસુ. સ્વ. નિરંજનાબેન, ભારતીબેન, સ્વ. મહેન્દ્રભાઈ, દિલીપભાઈ તથા દક્ષાબેનના મોટાબેન. તે રાહી અને નેમીના નાની. તે તા. ૧૯/૧૧/૨૫ના બુધવારના રોજ અરિહંતશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વીશા નીમા જૈન**

પાટણ નિવાસી ખેતરપાળના પાડાના હાલ બોરીવલી સ્વ. પ્રતાપચંદ્ર શાહ અને સ્વ. વસુમતીબેન શાહના સુપુત્ર. કિરીટકુમાર (ઉં.વ. ૭૭) તે તા. ૧૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. તે હિરલ અને નીરવના પિતા. સ્વ. નિખિલ દોશી અને તેજલના સસરા. તે સ્વ. હિના, સ્વ. સુષ્મા, રાજુલ, તૃપ્તિ અને નિમીષાના મોટાભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૨/૧૧/૨૫ના શનિવારના બપોરે ૩ થી ૫. સ્થળઃ પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (૫).

**કાઠિયાવાડી દશા શ્રીમાળી જૈન**

ગોંડલ નિવાસી નિર્મલાબેન અને નાથાલાલ શાહ (બાવીસી)ના સુપુત્ર હાલ મુલુંડ વિનયચંદ્ર (ઉં. વ. ૮૫) મંગળવાર, તા. ૧૮-૧૧-૨૫ના અવસાન થયેલ છે. તે ઉષાબેનના પતિ. રાજીવભાઇ, દીપાબેનના પપ્પા. હીનાબેન તથા રોમિલભાઇના સસરા. ધનિશ તથા જેનિસાના દાદા. શ્વસુર પક્ષે જયંતીલાલ હરખચંદ દડિયાના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશાશ્રી શ્વે.મૂ. પૂ. જૈન**

માંડલ નિવાસી હાલ બોરીવલી (વેસ્ટ), સ્વ. સેવંતીલાલ ભીખાભાઇ કોઠારીના ધર્મપત્ની ગં. સ્વ. રસિલાબેન સેવંતીલાલ કોઠારી (ઉં. વ. ૯૦) તે નિલેશ, મિતેષ, બીના, તૃપ્તીના માતા. સીમાબેન, હિરલબેન, સ્વ. કમલેશભાઇ, મેહુલભાઇના સાસુ. સિદ્ધાર્થ, જીનલ, યાસીતા, હેમના દાદી. જયતી, માનસી, નિકીષા, ધનંજય, અનુરાગના નાની. પિયર પક્ષે ધ્રાંગધ્રા નિવાસી સ્વ. રતિલાલ નાનજી શાહનાં દીકરી. તે બીપીનચંદ્ર રતિલાલ શાહના બેન બુધવાર, તા. ૧૯-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે. ઠે. ૫૦૨, અમર જ્યોતિ, શિંપોલી રોડ, રચાણીગ્રામ, બેન્ક ઓફ બરોડાની ઉપર, બોરીવલી (વે.)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મહાયુતિમાં તિરાડ?

## ભાઈ પછી હવે દાદાનો વારો

### ભાજપનું ઓપરેશન લોટસ ચાલુ

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે મહાયુતિમાં છેલ્લા કેટલાક દિવસથી સંઘર્ષથી ચાલી રહ્યો છે. સત્તામાં ભાગીદાર ભાજપ, રાષ્ટ્રવાદી અને શિવસેના - આ ત્રણેય પક્ષો એકબીજાના પક્ષના નેતાઓને પોતાની તરફ ખેંચવા માટે મહેનત કરી રહ્યા છે. આ સંઘર્ષને કારણે મહાયુતિમાં તિરાડ પડ્યાનું ચિત્ર હાલમાં દેખાઈ રહ્યું છે. આ કારણે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પોતાની નારાજગી સીધી અમિત શાહ સમક્ષ વ્યક્ત કરી હતી. હવે શિંદેની શિવસેના પછી, ભાજપે પોતાનો મોરચો અજિત પવારના હોમ ગ્રાઉન્ડ ગણાતા પિંપરી ચિંચવડ તરફ વાળ્યો છે અને આ વખતે પણ ટાર્ગેટ અજિત પવાર જ હશે.

પાર્થ પવારની એમેડિયા કંપનીના જમીન કૌભાંડ પ્રકરણ બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર જૂથ) બચાવની સ્થિતિમાં હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે, ત્યારે આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદીને તેના જ હોમગ્રાઉન્ડ પર આંચકો આપવા માટે ભાજપે તમામ પ્રયાસો શરૂ કરી દીધા છે. શહેરમાં સો ટકા ભાજપનું લક્ષ્ય હાંસલ કરવા માટે, એનસીપીના વરિષ્ઠ નેતાઓથી લઈને પૂર્વ નગરસેવકો સુધીના તમામને ભાજપમાં સામેલ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. માહિતી અનુસાર, ભાજપના નેતાઓએ પિંપરી-ચિંચવડના એનસીપી લગભગ ૧૦ પૂર્વ નગરસેવકોનો સંપર્ક કર્યો છે.

જેમ જેમ મ્યુનિસિપલ ચૂંટણીઓ નજીક આવી રહી છે, તેમ તેમ રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે, અને ભાજપ અને એનસીપી અલગ અલગ લડી રહ્યા છે તે સ્પષ્ટ થયા પછી, ભાગલાનું રાજકારણ શરૂ થયું છે. ૨૦૧૭માં, ભાજપે ૭૭ બેઠકો પર શાનદાર વિજય મેળવ્યો હતો, જ્યારે એનસીપીએ ૩૨ બેઠક જીતી હતી. પિંપરી-ચિંચવડમાં સત્તામાં આવ્યા પછી, બંને

(જુઓ પાનું ૪) ▶▶

## એકનાથ શિંદેએ કરી દિલ્હીમાં અમિત શાહ સાથેની બેઠક

મુંબઈ: મંગળવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક પહેલા સાથી પક્ષોમાં પક્ષપલટાની ચાલી રહેલી રાજનીતિએ શિવસેનામાં અસંતોષ ફેલાવ્યો હતો. ત્યારબાદ, નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના નેતા એકનાથ શિંદે બુધવારે સાંજે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા હતા. અમિત શાહ સાથેની હાઇવોલ્ટેજ બેઠક બાદ એકનાથ શિંદેએ તેમના પ્રધાનો, નેતાઓ અને પદાધિકારીઓને મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી.

મહારાષ્ટ્રની વર્તમાન રાજકીય ગતિવિધિઓ અંગે એકનાથ શિંદેએ અમિત શાહ સાથે લગભગ ૫૦ મિનિટ સુધી ચર્ચા કરી હતી. આ દરમિયાન એકનાથ શિંદેએ શાહને જણાવ્યું હતું કે ''સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓના સંદર્ભમાં કેટલાક નેતાઓ ગઠબંધનની વિજયી દોડમાં બિનજરૂરી રીતે અવરોધો ઉભા કરી રહ્યા છે.''

તેના જવાબમાં અમિત શાહે એકનાથ શિંદેને કહ્યું હતું કે, તેઓ મહારાષ્ટ્રના વિકાસ પર પણ ધ્યાન આપી રહ્યા છે. 'હું મહારાષ્ટ્ર વિશે ઘણી બાબતો પણ જાણું છું. તમે એનડીએમાં એક

(જુઓ પાનું ૪) ▶▶

## બહાર નીકળવાનું કહેવામાં આવે તે પહેલાં દિવાલ પર લખેલું વાંચી લો

### એકનાથ શિંદેને એનસીપી (એસપી)ની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સત્તાધારી પક્ષો શિવસેના અને ભાજપ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના અહેવાલોને પગલે વિપક્ષ એનસીપી (એસપી)એ ગુરુવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને એવી સલાહ આપી હતી કે 'તેમણે જાગી જવું જોઈએ અને અપમાનજનક રીતે મહાયુતિમાંથી હાંકી કાઢવામાં આવે તે પહેલાં દિવાલ પરનું લખાણ વાંચીને પોતે જ સાવચેત થઈ જવું જોઈએ.

એનસીપી (એસપી)ના પ્રવક્તા ક્લાઈડ ક્રાસ્ટોએ એમ પણ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવસેનાના પ્રધાનોને તેમના નેતાઓ અને કાર્યકરોના નેતાઓ ભગાવી જવાના આરોપો પર જે રીતે 'ઠપકો' આપ્યો હતો તે 'સુવ્યવસ્થિત' અને 'સંકલિત' હોવાનું જણાય છે અને ભાજપે 'શિંદેની આગેવાની હેઠળની

(જુઓ પાનું ૪) ▶▶

## અમિત શાહ અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યું છે : સુષ્મા અંધારેનો દાવો

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં પડદા પાછળ હાલમાં મોટી ઊથલપાથલ ચાલુ છે. હાલના તબક્કે મહાયુતિમાં બધું બરાબર છે, એમ કહી શકાય નહીં. કારણ કે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની નારાજગી સામે આવી છે. ભાજપે એકનાથ શિંદેની શિવસેના પાર્ટીના પૂર્વ નગરસેવકોને પોતાના પક્ષમાં પ્રવેશ આપ્યો છે.

વિશેષરૂપે, સાંસદ શ્રીકાંત શિંદેના કલ્યાણ લોકસભા મતવિસ્તારમાં ભાજપે શિવસેનાના અનેક પદાધિકારીઓને પોતાના પક્ષમાં સામેલ કર્યા છે. તેમજ શિંદેના પ્રધાનો, જેમને વિધાનસભાની ચૂંટણીમાં હરાવ્યા હતા, તેમને પક્ષમાં લઈને ભાજપે તેમને તાકાત આપી. તેથી નારાજ એકનાથ શિંદે સીધી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. એકનાથ શિંદે અને અમિત શાહ વચ્ચે લગભગ

(જુઓ પાનું ૪) ▶▶

## શિંદેની દિલ્હી મુલાકાત 'લાચારી': ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે કહ્યું કે મહાયુતિના સાથીઓ એકબીજા સાથે લડવા લાગ્યા છે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથેની તાજેતરની મુલાકાતને 'લાચારી' ગણાવી હતી.

એમઆઈજી ક્લબ ખાતે સેના (યુબીટી)ની શિક્ષક પાંખ, શિક્ષક સેનાના સભ્યોને સંબોધતા, ઠાકરેએ ચૂંટણી પહેલાની રાહતો પર ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું કે અન્ય લોકો નાગરિકોને જે આપે છે તે 'રેવડી' છે, પરંતુ શાસક પક્ષ લોકોને

(જુઓ પાનું ૪) ▶▶

## રાયગડમાં તામ્હિણી ઘાટ પર એસયુવી ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી:

### પુણેથી પિકનિક જવા નીકળેલા પાંચ યુવકોનાં મોત: ડ્રોનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનને શોધી કઢાયું

મુંબઈ: રાયગડ જિલ્લાના તામ્હિણી ઘાટ પર એસયુવી (સ્પોર્ટસ યુટિલિટી વેહિકલ) ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતાં પાંચ યુવકનાં મોત થયાં હતા. પુણેના યુવકો પિકનિક જવા માટે સોમવારે સાંજે નીકળ્યા હતા અને મંગળવારે વહેલી સવારે તેમને અકસ્માત નડ્યો હતો. પોલીસે ડ્રોનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનને શોધી કાઢ્યું હતું અને બાદમાં પોલીસની રેસ્ક્યુ ટીમે સ્થાનિકો સાથે મળી મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકોની ઓળખ સાહિલ ગોઠે (૨૪), શિવા માને (૨૦), પ્રથમ ચવાણ (૨૩), ઓમકાર કોળી (૨૦), પુનિત શેટ્ટી (૨૧) અને શ્રી કોળી (૧૯) તરીકે થઇ હતી, જેઓ પુણેના હવેલી તાલુકાના કોંડવે ધાવડે ગામના રહેવાસી હતા. પ્રાપ્ત માહિતી મુજબ ૨૦ દિવસ અગાઉ ફરવા

(જુઓ પાનું ૪) ▶▶

## ઍર પોલ્યુશન કંટ્રોલના નિયમોની અમલબજવણી માટે વિજિલન્સ ટીમની નિમણૂક

### ઍર ક્વોલિટી ઈન્ડેક્સ સતત ૨૦૦થી ઉપર ગયો તો કામ બંધ કરાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે બહાર પાડેલી ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈનનું પાલન થાય છે કે નહીં તેના પર નજર રાખવા માટે મુંબઈ માટે વિજિલન્સ ટીમની નિમણૂક કરી છે. જે વિસ્તારમાં ઍર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૦૦ કરતાં વધુ નોંધાશે તે સંબંધિત પરિસરમાં ઉદ્યોગ અને બાંધકામ બંધ કરી દેવાશે એવી ચેતવણી પાલિકા પ્રશાસને આપી છે.

મુંબઈમાં શિયાળાની આગમનની સાથે જ ફરી એક વખત વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ગુરુવારે મુંબઈમાં સાંજે સરેરાશ ઍર ક્વોલિટી ઈન્ડેક્સ

(જુઓ પાનું ૪) ▶▶

## અનિલ દેશમુખના પુત્રે એનસીપી (એસપી) છોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી (એસપી)ના નેતા અને રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના પુત્ર સલિલ દેશમુખે ગુરુવારે આરોગ્યની સમસ્યાઓનો ઉલ્લેખ કરીને શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. ભૂતપૂર્વ જિલ્લા પરિષદ સભ્ય સલીલે પોતાનો નિર્ણય જાહેર કરવા માટે નાગપુરમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે (જુઓ પાનું ૪) ▶▶

## પાણી ભરીને લાવી ન શકવાને કારણે શિક્ષકોએ મારપીટ કરતાં વિદ્યાર્થીઓ જંગલમાં ભાગી ગયા

### જવ્હારની જિલ્લા પરિષદની શાળાની ઘટના: તપાસનો આદેશ અપાયો

પાલઘર: પાલઘર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં પાણી ભરીને સમયસર લાવી ન શકવાને કારણે શિક્ષિકોએ મારપીટ કર્યા બાદ વિદ્યાર્થીઓનું જૂથ જંગલમાં ભાગી ગયું હતું. શિક્ષણ વિભાગે આ સપ્તાહની શરૂઆતમાં જવ્હાર તાલુકાના જાંબુલમાથા વિસ્તારમાંની જિલ્લા પરિષદની શાળામાં બનેલી ઘટનાની તપાસ શરૂ કરી છે.

નોંધનીય છે કે વસઇના સાતીવલીમાં શાળામાં મોડી આવવાને કારણે છઠ્ઠા ધોરણની ૧૩ વર્ષની વિદ્યાર્થિનીને ૧૦૦ ઊઠ-બેસની શિક્ષા કરવામાં આવ્યા બાદ તેનું મૃત્યુ થયું હતું.

જવ્હાર તાલુકાની પ્રાથમિક શાળામાં બનેલી ઘટના બાદ વિદ્યાર્થીઓના વાલીઓએ બુધવારે જિલ્લા પરિષદને આવેદનપત્ર સુપરત કરીને આરોપ કર્યો હતો કે શિક્ષકોએ વિદ્યાર્થીઓને લગભગ એક કિલોમીટર દૂર પાણી લાવવા માટે મોકલ્યા હતા અને તેઓ મોડા પાછા ફર્યા ત્યારે તેમની મારપીટ કરવામાં આવી હતી.

શિક્ષકો દ્વારા કરાયેલી મારપીટને કારણે વિદ્યાર્થીઓનું જૂથ શાળા પરિસરમાંથી ભાગી ગયું હતું અને તેમણે નજીકના જંગલમાં આશરો લીધો હતો, એવો દાવો વાલીઓએ કર્યો હતો અને આ ઘટનામાં સામેલ શિક્ષકો સામે કડક કાર્યવાહીની તેમણે માગણી કરી હતી.

આ આક્ષેપો બાદ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો, જેને પગલે જિલ્લા પરિષદે તપાસ શરૂ કરી છે અને રિપોર્ટને આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ટીમ પહેલેથી જ શાળામાં ગઇ છે, એમ જિલ્લા પરિષદનાં શિક્ષણ અધિકારી (પ્રાથમિક) સોનાલી મટેકરે કહ્યું હતું. (પીટીઆઇ)■



**આજ બંધ:** સાંતાક્રુઝ ઍરપોર્ટના જાળવણીના કામ માટે ગુરુવારે છ કલાક માટે રનવેને બંધ રાખવામાં આવ્યું હતું.

## પ્રોવોગ ઇન્ડિયા સાથે ૯૦ કરોડની છેતરપિંડી

### ચાર જણ વિરુદ્ધ ગુનો

મુંબઈ: ખાનગી કંપની પ્રોવોગ ઇન્ડિયા સાથે ૯૦ કરોડ રૂપિયાની ઠગાઇ આચરવાના આરોપસર મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ કંપનીના ભૂતપૂર્વ ડિરેક્ટર અને કર્મચારી સહિત ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

મુંબઈ સ્થિત પ્રોવોગ ઇન્ડિયા લિમિટેડ પુરુષો અને મહિલાઓનાં વસ્ત્રો, એસેસરીઝ અને લગેજ

(જુઓ પાનું ૪) ▶▶

## ભાયંદરમાં મિલકત વિવાદને લઇ ઝવેરીની હત્યા: પત્ની-પુત્રની ધરપકડ

થાણે: ભાયંદરમાં મિલકત વિવાદને લઇ ૫૧ વર્ષના ઝવેરીની હત્યા કરવા તેની પત્ની અને પુત્રની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભાયંદર વિસ્તારમાં રહેતા અને દુકાન ધરાવતા ઝવેરી સુશાંતો પાલ બુધવારે તેના ઘરમાં ઘાયલ અવસ્થામાં મળી આવ્યો હતો. તેના શરીર પર ઇજાના અનેક નિશાન હતા. પાલને ત્વરિત સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાતાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

નવઘર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરીને પાલની પત્ની અમૃતા (૪૨) અને તેના ૧૯ વર્ષના પુત્ર સુમિતને રાતે તાબામાં લીધા હતાં. પૂછપરછ બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મિલકત વિવાદને લઇ પાલની હત્યા કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

## થાણેમાં સિનિયર સિટિઝને શેર ટ્રેડિંગ ફ્રોડમાં ૬.૪૪ કરોડ રૂપિયા ગુમાવ્યા

થાણે: ઓનલાઇન શેર ટ્રેડિંગ સ્કીમમાં રોકાણને બહાને ૭૦ વર્ષના સિનિયર સિટિઝન સાથે બે વ્યક્તિએ ૬.૪૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ૨૪ સપ્ટેમ્બરથી ૬ નવેમ્બર દરમિયાન છેતરપિંડી આચરાઇ હતી. અદ્વિકા શર્માઈ અને રાકેશ ઝા તરીકે પોતાની ઓળખ આપનારા આરોપીઓએ ફરિયાદીનો કંપનીના વ્હૉટ્સઍપ ગ્રૂપ દ્વારા સંપર્ક સાધ્યો હતો અને શેર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતર અને સારા નફાનું વચન આપ્યું હતું.

દરમિયાન ફરિયાદીને શેર ટ્રેડિંગ માટે અકાઉન્ટ ખોલવાની સૂચના આપવામાં આવી હતી અને તેણે રોકેલા રૂપિયા તથા મળેલા વળતરની રકમ તેમાં ડિપોઝિટ કરવામાં આવી હતી. આરોપી રાકેશ ઝાએ ફરિયાદીના અકાઉન્ટમાં એક્સેસ મેળવીને ૬.૪૪ કરોડની ઉચાપત કરી હતી. ■

## નવાબ મલિકના નેતૃત્વ હેઠળ પાલિકાની ચૂંટણીઓમાં ભાજપ એનસીપી સાથે જોડાણ કરશે નહીં: ભાજપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા આશિષ શેલારે ગુરુવારે જણાવ્યું હતું કે આગામી પાલિકાની ચૂંટણીઓમાં ભાજપ નવાબ મલિકના નેતૃત્વ હેઠળ એનસીપી સાથે કોઈ જોડાણ કરશે નહીં અને મની લોન્ડરિંગ કેસના આરોપી ભૂતપૂર્વ પ્રધાનને સમર્થન આપશે નહીં.

મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા, શેલારે કહ્યું હતું કે, 'અમે નવાબ મલિકને સમર્થન આપી શકતા નથી અને ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં પણ આ અમારું વલણ હતું. અમે હાલમાં તેના પર અડગ રહ્યા છીએ અને ભવિષ્યમાં પણ અમારું વલણ આ જ રહેશે. તે એક વ્યક્તિ તરીકે મલિક વિશે નથી, પરંતુ તેમના પર લાગેલા ગંભીર આરોપો વિશે છે. હસીના પારકર સાથેના તેમના કથિત જોડાણના ગંભીર આરોપોની વાત આવે ત્યારે અમે અમારા સિદ્ધાંતો સાથે સમાધાન કરી શકતા નથી.'

દાઉદ ઇબ્રાહિમ ગેંગની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં અહીંની

(જુઓ પાનું ૪) ▶▶

## ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના પુલના સમારકામ માટે રૂ.૧૩૬ કરોડ ખર્ચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની ધોરી નસ કહેવાતા ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલા મહત્ત્વના બ્રિજના સમારકામ કરવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો છે. તે માટે લગભગ ૧૩૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે.

તાજેતરમાં મુંબઈના તમામ ફ્લાયઓવરના સમારકામ તાત્કાલિક હાથ ધરીને રસ્તાના પુષ્ઠભાગ પર નવા થર (રિસર્ફેસિંગ) નાંખવાની સૂચના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આપી હતી. એ બાદ પાલિકા પ્રશાસન દ્વારા તાત્કાલિક ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશને બાંધેલા બ્રિજ પર માસ્ટિક નાખીને તેનું રિસર્ફેસિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જેમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ માટે ૬૨ કરોડ રૂપિયા અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના બ્રિજ માટે ૭૬ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે.

છેલ્લા અનેક વર્ષોમાં વધતા ટ્રાફિક

(જુઓ પાનું ૪) ▶▶

## યુનિવર્સલ પૉલિસી હેઠળ મુંબઈની ફૂટપાથને અપગ્રેડ કરાશે

### પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ૧૪ ફૂટપાથનાં સ્થળને પસંદ કરવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તા પર આવેલી ફૂટપાથને અતિક્રમણ મુક્ત કરીને રાહદારીઓને ચાલવા યોગ્ય બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા યુનિવર્સલ પૉલિસી હેઠળ ફૂટપાથનું રિમોડેલિંગ અને અપગ્રેડેશન કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવાની છે. પાયલોટ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર મુંબઈની ૧૬.૫ કિલોમીટર ફૂટપાથનું નવીનીકરણ કરવામાં આવશે.

મુંબઈની મોટાભાગની ફૂટપાથ પર ગેરકાયદે રીતે અતિક્રમણ થવાની સાથે જ તે ચાલવાને યોગ્ય રહી નથી ત્યારે સુધરાઈ પાઈલોટ પ્રોજેક્ટ યોજના હેઠળ શહેરની ૧૬.૫ કિલોમીટર લાંબી ફૂટપાથને રાહદારીઓ માટે અનુકૂળ બનાવવા માટે રિમોડેલ કરવાની છે. પાઈલોટ પ્રોજેક્ટમાં પાલિકા દ્વારા હાલ જે સ્થળોએ ફૂટપાથ પર રાહદારીઓની ભીડ વધુ હોય છે તેવી ૧૪ ફૂટપાથને

(જુઓ પાનું ૪) ▶▶

## ઠાકરેસેનાના ઉમેદવારને જીતાડવા શિંદે સેના મેદાનમાં

સિંધુદુર્ગ: સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને પગલે દક્ષિણ કોંકણમાં માહોલ ગરમાયો છે. સિંધુદુર્ગ જિલ્લામાં શિવસેના અને ભાજપ વચ્ચે કોઈ મહાગઠબંધન નથી. દરમિયાન, શિવસેનાના નેતા નિલેશ રાણેએ કણકવલી શહેર વિકાસ આઘાડીને સમર્થન આપ્યું છે. શિવસેના (યુબીટી) પક્ષના પદાધિકારી અને પૂર્વ મેયર સંદેશ પારકર કણકવલી શહેર વિકાસ આઘાડી તરફથી મેયરપદના ઉમેદવાર છે. તેથી, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના ધારાસભ્ય નિલેશ રાણે, ઠાકરે જૂથના નેતા માટે મેદાનમાં ઊતર્યા છે અને કણકવલી શહેર વિકાસ આઘાડીના નગરપાલિકા પ્રમુખપદના ઉમેદવાર સંદેશ પારકર અને નગરસેવકોને

(જુઓ પાનું ૪) ▶▶

## ઠાકરેના વકીલોએ કોર્ટમાં મોટી ભૂલ કરી: પૃથ્વીરાજ ચવ્હાણ

સતારા: ચાર દિવસ પહેલાં સુપ્રીમ કોર્ટમાં પ્રતીક (ચિહ્ન) અંગે સુનાવણી થઈ હતી. તે સમયે દલીલ દરમિયાન ઠાકરે જૂથના વકીલોએ કોર્ટમાં એક ખોટો મુદ્દો ઉઠાવ્યો હતો. તે સમયે કોર્ટે કહ્યું હતું કે તમારી દલીલ અમે જાન્યુઆરીમાં સાંભળીશું. હમણાં સમય નથી. તેના પર, ઠાકરે જૂથના વકીલોએ સ્થાનિક ચૂંટણીઓ છેલ્લાં દસ વર્ષથી યોજાઈ નથી તેવો મુદ્દો રજૂ કરવો જોઈતો હતો, એવો મત કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે વ્યક્ત કર્યો હતો.

પૃથ્વીરાજ ચવ્હાણ છેલ્લા ત્રણ મહિનાથી નાદુરસ્ત તબિયતના કારણે જાહેર કાર્યક્રમોથી દૂર હતા. તબીબી સારવાર બાદ દિલ્હીથી કરાડ પરત ફર્યા બાદ તેમણે ચિહ્ન અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસની સુનાવણી વિશે વાત કરતા કહ્યું કે ઠાકરે જૂથના

(જુઓ પાનું ૪) ▶▶



**સમુદ્રની સુંદરતા** ભારતના પ્રવેશદ્વાર ગણાતા ગેટ વે ઑફ ઇન્ડિયા પાસે દરિયામાં લાંગરેલી બોટ

# એનવિડિયાના સારા પરિણામની અસરે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીએ બીજા દિવસે આગેકૂચ ચાલુ રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા સાથે સારી ટ્રેડ ડીલના આશાવાદ અને એનવિડયાના અપેક્ષાથી સારા પરિણામ બાદ વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાની અસરે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારમાં સતત બીજા દિવસે સુધારો જોવા મળ્યો હતો. નોંધવું રહ્યું કે કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલે મંગળવારે કહ્યું હતું કે, એકવાર વાજબી, સમાન અને સંતુલિત સોદો થઇ જાય એટલે અમેરિકા સાથે ભારતના પ્રસ્તાવિત ટ્રેડ પેક્ટ અંગે તમે સારા સમાચાર સાંભળશો.

મજબૂત વૈશ્વિક વલણો સાથે ભારત અને અમેરિકા વચ્ચે સાનુકૂળ વેપાર સોદો થવાની વધતી આશા અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા એકધારી લેવાલીના ટેકાને કારણે સેન્સેક્સ ૪૪૬.૨૧ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૮૫,૬૩૨.૬૮ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૧૫.૨૩ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા વધીને ૮૫,૮૦૧.૭૦ પોઇન્ટની બાવન સપ્તાહની ઊંચી સપાટીને અથડાયો હતો.

નિફ્ટી પણ અગાઉના બંધ કરતાં ૧૩૯.૫૦ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકાના વધારા સાથે ૨૬,૧૯૨.૧૫ પોઇન્ટ પર બંધ થતાં પહેલા ૨૬,૨૪૬.૬૫ પોઇન્ટની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે શેરબજારમાં તેજીને કારણે સૂચકાંકો તેમના વર્ષના ઉચ્ચતમ સ્તરને ઇન્ટ્રા ડે સુધી પહોંચવામાં મદદ કરી હતી. નિફ્ટી હવે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ હાંસલ કરેલા ૨૬,૨૭૭ના તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી ૧૦૦ પોઈન્ટ જેટલો જ પાછળ છે, જ્યારે સેન્સેક્સ તે જ દિવસે રેકોર્ડ કરાયેલ ૮૫,૯૭૮.૨૫ના તેના ઓલટાઇમ હાઇ લેવલથી લગભગ ૩૦૦ પોઈન્ટ પાછળ છે. નિષ્ણાતો કહે છે કે ભારતીય શેરબજારો માટે મંદીના વાદળો આખરે વિખેરાઇ રહ્યા હોય તેવું લાગે છે. સરવાળે ૧૪ મહિનાના લાંબા વિરામ પછી, નિફ્ટી અને સેન્સેક્સ આખરે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરની નજીક આવી ગયા છે અને આગામી સત્રોમાં નવા શિખરો સર કરી શકે છે. સેન્સેક્સ કંપનીઓમાં, બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, ટેક મહિન્દ્રા અને એક્સિસ બેંક મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા.જોકે, એશિયન પેઇન્ટ્સ, એચસીએલ ટેક, ટાઇટન અને હિન્દુસ્તાન યુનિલિવર ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં.

ભારત-યુએસ વેપાર વાટાઘાટો અને કરારના પહેલા તબક્કામાં પ્રગતિ અંગનો આશાવાદને કારણે ભારતીય શેરબજારો વધ્યા હતા, જેનાથી એકંદર બજાર સેન્ટિમેન્ટમાં વધારો થયો હતો. કોર્પોરેટ સેક્ટરની મજબૂત કમાણીને પગલે ટેક-આધારિત લાભોને કારણે વૈશ્વિક સંકેતો પણ મજબૂત રહ્યા હતા.

ઓટો, ફાઇનાન્સિયલ્સ અને આઇટી જેવા લાર્જ-કેપ ક્ષેત્રોમાં તાજા એફઆઇઆઇ પ્રવાહ અને મજબૂતાઈએ ઉત્સાહી વલણને ટેકો આપ્યો હતો. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ




ઊંચો સ્થિર થયો જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો. યુરોપિયન બજારો ઊંચા ભાવે ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે અમેરિકન બજારો હકારાત્મક વલણ સાથે બંધ થયા.વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) બુધવારે નેટ બાર્યસ બન્યા હતા અને એક્સચેન્જ ડેટા અનુસાર, તેમણે અગાઉના સત્રમાં રૂ. ૧,૫૮૦.૭૨ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૩૬૦.૨૭ કરોડના શેર પણ ખરીદ્યા હતા. બજારના એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વોલેટિલિટી થોડી વધી ગઇ હોવાને કારણે ઈન્ડિયા વીઆઇએક્સ ઇન્ડેક્સ ૧૨ની નજીક બંધ થયો હતો, જે એવો નિર્દેશ આપે છે કે બજારનું સેન્ટિમેન્ટ વ્યાપક રીતે સકારાત્મક રહ્યું હોવા છતાં અંડરટોન સાવચેતીપૂર્ણ છે.

ડેરિવેટિવ્ઝ ડેટા ૨૬,૨૦૦-૨૬,૩૦૦ની સ્ટ્રાઈક પર નોંધપાત્ર કોલ રાઈટિંગ અને ૨૬,૦૦૦ પર નોંધપાત્ર પુટ ઓપન ઇન્ટરેસ્ટ બિલ્ડઅપને પ્રકાશિત કરે છે, જે નીચલા સ્તરની નજીક મજબૂત માગ અને ઉપલા બેન્ડની નજીક પુરવઠા પર દબાણ સૂચવે છે.એકંદરે, બજાર સાવધાનીપૂર્વક તેજીવાળા ટોન સાથે બંધ થયું, જે લાર્જકેપ સ્થિતિસ્થાપકતા અને નાણાકીય ક્ષેત્રોમાં સતત મજબૂતાઈ દ્વારા સંચાલિત છે. તેજીના આગામી તબક્કાને બળતણ આપવા માટે મુખ્ય પ્રતિકાર સ્તરોથી ઉપર સતત બ્રેકઆઉટ આવશ્યક રહેશે, જ્યારે જો સૂચકાંકો ઉપલા થ્રેશોલ્ડને પાર કરવામાં સંઘર્ષ કરે તો વર્તમાન બેન્ડમાં કોન્સોલિડેશન ચાલુ રહી શકે છે.

દરમિયાન, ગ્લોબલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૮૩ ટકા વધીને ૬૪.૦૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બુધવારે, સેન્સેક્સ ૫૧૩.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા વધીને ૮૫,૧૮૬.૪૭ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૧૪૨.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૨૬,૦૫૨.૬૫ પર બંધ થયો હતો. પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે ફુજિયામા પાવર સિસ્ટમના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. બુધવારે નક્કર લિસ્ટિંગ પછી ટેનેકો ક્લીન એરના શેર ડેબ્યૂ ટ્રેડમાં પાંચ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આ શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૨૭ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. આ અગાઉ ફિઝિક્સવાલા શેર મંગળવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૩૩ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

જ્યારે એમવી ફોટોવોલ્ટેક પાવર લિમિટેડનો શેર મંગળવારે તેના રૂ.૨૧૭ના ઇશ્યૂ ભાવે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થયા હતા. એક્સેલસોફ્ટનો રૂ. ૫૦૦ કરોડનો આઇપીઓ બુધવારે પહેલા દિવસે ૧.૪૫ ગણો ભરાયો હતો. કેપીલરીનો આઇપીઓ મંગળવારે ત્રીજા અંતિમ દિવસે ૫૨.૯૫ ગણો ભરાયો હતો. સુદીપ ફાર્માનો રૂ.૮૯૫.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ નવેમ્બરના રોજ બંધ થશે.

ભારતની અગ્રણી ફ્લેક્સિબલ અને વૂવમ પ્રોલીપ્રોપિલિન (પીપી) પેકેજિંગ સોલ્યુશન્સના અગ્રણી ઉત્પાદકો પૈકીના એક નેક પેકેજિંગ લિમિટેડ તેની ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક પહોંચમાં વધારો કરવા માટે રૂ. ૪૭૫ કરોડની નવી મૂડી એકત્રિત કરવાની યોજના ધરાવે છે. નેક પેકેજિંગ ગુજરાતના મહેસાણામાં બોરીસણામાં નવી ઉત્પાદન સુવિધા સ્થાપિત કરવા માટે મૂડી ખર્ચ કરવાની યોજના ધરાવે છે. કંપની ગુજરાતમાં તેના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ ખાતે ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં વાર્ષિક ૩૬,૪૦૦ એમટીની સ્થાપિત ક્ષમતા સાથે વર્ટિકલી ઇન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ પ્રોસેસને અનુસરે છે.

# ડૉલર ઈન્ડેક્સે ૧૦૦ની સપાટી કુદાવતા રૂપિયો ૨૪ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થયેલી મિનિટ્સમાં ઘણાંખરા અધિકારીઓએ ઑક્ટોબરમાં વ્યાજદરમાં કાપ મૂક્યા બાદ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવા સામે વિરોધ વ્યક્ત કર્યો હોવાનું જણાતા ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેજીનું વલણ રહ્યા બાદ આજે ઊંચા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હોવા છતાં ૧૦૦ની સપાટી કુદાવી ગયો હોવાથી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ ભાવ વધી આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા ગબડીને ૮૮.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૪૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૬૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૪ અને ઉપરમાં ૮૮.૬૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૪ પૈસાના ઘટાડા સાથે ૮૮.૭૨ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટી (ફોમેક) આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડી હોવાથી તેમ જ ડૉલરમાં આયાતકારોની લેવાલી નીકળવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહીને ૮૮.૪૦થી ૮૯ની રેન્જમાં રહેશે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના ઊંચા મથાળેથી સાધારણ ૦.૩ ટકા ઘટીને ૧૦૦.૧૯ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭૧ ટકા વધીને બેરલદીઠ ૬૩.૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૩૨૩ની અને ચાંદીમાં ₹ ૪૦૦૭ની પીછેહઠ

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાનાં સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત પૂર્વે સાવચેતીનું માનસ અને ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની જાહેરાતમાં આગામી ડિસેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાતની શક્યતા ન હોવાનું જણાતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની ઊંચી સપાટી આસપાસ રહ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૦.૬ ટકા અને ચાંદીના ભાવ ૧.૪ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૧૮થી ૧૩૨૩ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦૦૭ની પીછેહઠ જોવા મળી હતી.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૩ પૈસા ગબડ્યો હોવાથી સોના-ચાંદીની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ભાવઘટાડાના માહોલમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી



ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૦૦૭ ઘટીને રૂ. ૧,૫૪,૧૧૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું અને સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૧૮ ઘટીને રૂ. ૧,૨૨,૦૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૨૩ ઘટીને રૂ. ૧,૨૨,૫૬૧ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થયેલી મિનિટ્સમાં ઘણાંખરા અધિકારીઓએ ઑક્ટોબરમાં વ્યાજદરમાં કાપ મૂક્યા બાદ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવા સામે વિરોધ વ્યક્ત કર્યો હોવાનું જણાતા આજે ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૫૫.૨૦ ડૉલર અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૪૦૫૩.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા તૂટીને ઔંસદીઠ ૫૦.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સોનામાં બે દિવસ સુધી સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે નફારૂપી વેચવાલી નીકળતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે આજે ટ્રેડરોની નજર ગવર્નમેન્ટ શટડાઉનને કારણે વિલંબિત થયેલા સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની મોડી સાંજે થનારી જાહેરાત પર સ્થિર થઈ છે. જોકે, બજાર વર્તુળો રોજગારીમાં ૫૦,૦૦૦નો ઉમેરો થવાની ધારણા રાખી રહ્યા છે.

ફેડરલની મિનિટ્સની જાહેરાત પશ્ચાત્ હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર મહિનામાં રેટકટની શક્યતા માત્ર ૩૪ ટકા જ જોઈ રહ્યા છે. જોકે, વર્ષ ૨૦૨૬માં રેટકટની શક્યતાને ધ્યાનમાં લેતા યુબીએસએ વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૫૦૦ ડૉલર આસપાસની સપાટીએ રહે તેવી ધારણા મૂકી હોવાના અહેવાલ હતા.

# કૃષિ ક્ષેત્ર ૧૦ વર્ષ સુધી ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશેઃ નિતિ આયોગ

નવી દિલ્હીઃ દેશનું કૃષિ ક્ષેત્ર આગામી ૧૦ વર્ષ સુધી સરળતાપૂર્વક ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશે, પરંતુ સાથે સાથે વેરહાઉસની માળખાકીય સુવિધા વિસ્તારવાની પણ જરૂર હોવાનું નિતિ આયોગના સભ્ય રમેશ ચાંદે જણાવ્યું હતું.

અત્રે ઔદ્યોગિક સંગઠન પીએચડીસીસીઆઈ દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે કૃષિ ઉત્પાદનોની માગ વર્ષે ૨.૫૦ ટકાના દરે વૃદ્ધિ પામે તેમ હોવાથી મારા મતે આપણે સરળતાપૂર્વક આગામી એક દાયકા સુધી ચાર ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશું.

નોંધનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં દેશનો કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૩.૭ ટકાના સ્તરે રહ્યો હતો, પરંતુ આપણાં કૃષિ ઉત્પાદનોની માગ આ દરથી નથી વધી રહી આથી આ ઉત્પાદનો માટે ઔદ્યોગિક વપરાશ માટે અથવા તો નિકાસ બજાર ખોળવી પડશે. મારા મતે નિકાસ બજાર ખોળવાનો વિકલ્પ વધુ સારો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઘઉં અને ચોખા માટે વેરહાઉસની જરૂરિયાત અલગ નથી, પરંતુ મકાઈ માટેની જરૂરિયાત જુદી છે. જોકે, કાયદાનુસાર તમે ચોક્કસ માત્રા કરતાં વધુ સંગ્રહ નથી કરી શકતા તો પછી વેરહાઉસિંગમાં રોકાણનાં નિર્ણયોને પ્રભાવિત કરવા માટે નિયમનો મહત્ત્વપૂર્ણ છે. આપણે ત્રણ કૃષિ કાયદાઓ લાગુ કરવામાં સફળ ન થયા પછી આવશ્યક ચીજવસ્તુ ધારો લાગુ કરવાની આવશ્યકતાઓ ઓછી થઈ રહી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે જાહેર ધારણાથી વિપરીત ભારતમાં ખાદ્ય ચીજોનું નુકસાન પણ વધુ નથી.

નુકસાન સંદર્ભે મેં યુએનના પરિસંવાદમાં જણાવ્યું હતું કે દૂધ જલદીથી બગડી જતું હોવા છતાં તેમાં પણ આપણી નુકસાનની ટકાવારી માત્ર ૦.૫ ટકા જેટલી નજીવી છે. હાલમાં મોટી માત્રામાં થઈ રહેલા અનાજનું નુકસાનને વૅરહાઉસમાં રોકાણ માટે પ્રોત્સાહનો આપીને અટકાવી શકાય તેમ છે. કેમ કે જો તમને નુકસાન ઓછું કરવું હોય તો વૅરહાઉસમાં વધુ રોકાણ કરો, એમ તેમણે કહ્યું હતું.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી પાંચ વધી આવ્યા હતા, જ્યારે બ્રાસ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકારોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૩૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૪૪, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૫૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકારોની લેવાલીને ટેકે કોપર આર્મિચર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૯૦૭, રૂ. ૨૭૦ અને રૂ. ૩૧૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૩૩૫૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૧૦ના મથાળે તેમ જ સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૦૨૦ અને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૬૭૦૦૦ કરોડનો વધારો

મુંબઇઃ એનર્જી અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને ટેલિકોમ્યુનિકેશન સર્વાધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૬૭૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ વધી હતી.

જ્યારે ૧૫ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૭ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૭ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૭ ટકા વધ્યો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૫,૧૮૬.૪૭ના બંધથી ૪૪૬.૨૧ પોઈન્ટ્સ (૦.૫૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૫,૪૭૦.૯૨ ખૂલી નીચામાં ૮૫,૨૦૧.૨૨ સુધી અને ઊંચામાં ૮૫,૮૦૧.૭૦ સુધી જઈ ૮૫,૬૩૨.૬૮ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૫.૭૪ લાખ કરોડથી રૂ.૦.૬૭ લાખ કરોડ વધીને રૂ.૪૭૬.૪૧ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં એનર્જી ૦.૫૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૯ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૪ ટકા, ઓટો અને બેન્કેક્સ ૦.૨૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૨૪ ટકા અને સર્વિસીસ ૦.૧૩ ટકા વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૯ ટકા, આઈટી ૦.૧૮ ટકા, ટેક ૦.૧૨ ટકા, રિયલ્ટી ૦.૧૧ ટકા, હેલ્થકેર ૦.૦૮ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૫૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૮૭૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૦૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૮૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૨ સ્ટોક્સને ઉપલી જ્યારે ૬ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

# આઇટીસીનું સીએસઇમાંથી સ્વૈચ્છિક ડિલિસ્ટિંગ

મુંબઇઃ આઇટીસીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે કલકત્તા સ્ટોક એક્સચેન્જ લિમિટેડ (સીએસઇ)માંથી પોતાના શેર સ્વૈચ્છિક રીતે ડિલિસ્ટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. કલકત્તા સ્ટોક એક્સચેન્જે ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એટલે કે આજથી તેની સત્તાવાર એક્સચેન્જ સૂચિમાંથી આઇટીસીના સામાન્ય શેર સ્વૈચ્છિક રીતે ડિલિસ્ટ કરવા માટે મંજૂરી આપી હોવાનું આઇટીસીએ એક નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું. કંપનીના સામાન્ય શેર નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ અને બીએસઇ લિમિટેડ પર સૂચિબદ્ધ રહેશે. અગાઉ ૩૦ ઓક્ટોબરના રોજ, આઇટીસીના ડિરેક્ટર બોર્ડે તેની બેઠકમાં ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (ઇક્વિટી શેર્સનું ડિલિસ્ટિંગ) રેગ્યુલેશન્સ, ૨૦૨૧ના નિયમ પાંચ અને છ અનુસાર, સીએસઇમાંથી કંપનીના સામાન્ય શેર સ્વૈચ્છિક રીતે ડિલિસ્ટ કરવાને મંજૂરી આપી હતી. કંપની બોર્ડની મંજૂરી પછી, આઇટીસીએ સીએસઇને પત્ર લખીને પોતાના શેર ડિલિસ્ટ કરવાના નિર્ણયની જાણ કરી હતી. ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ, કલકત્તા સ્ટોક એક્સચેન્જેએક પત્ર દ્વારા તેના શેરના સ્વૈચ્છિક ડિલિસ્ટિંગ માટે મંજૂરીની જાણ કરી હતી. ૧૯૦૮માં સ્થાપિત કલકત્તા સ્ટોક એક્સચેન્જ, ભારતના સૌથી જૂના શેરબજારોમાંનું એક છે.

નિયમનકારી ધારાધોરણોના પાલનની નિષ્ફળતાને કારણે એપ્રિલ ૨૦૧૩માં સેબી દ્વારા સીએસઇ ખાતે ટ્રેડિંગ સ્થગિત કરવામાં આવ્યું હતું. કામગીરીને પુનર્જીવિત કરવા અને કોર્ટમાં સેબીના નિર્દેશોનો વિરોધ કરવાના વર્ષોના પ્રયાસો પછી, એક્સચેન્જે હવે વ્યવસાયમાંથી પાછા ફરવાનો અને તેના સ્ટોક એક્સચેન્જ લાઇસન્સમાંથી સ્વૈચ્છિક રીતે બહાર નીકળવાનો નિર્ણય લીધો છે.

# ૧થી ૨૦ નવેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૪ ટકા ઘટી

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૩ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો મર્યાદિત રહ્યા હોવાથી આયાતી તેલમાં એકમાત્ર આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવના ભાવ રૂ. પાંચ વધી આવ્યા હતા અને અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. તાજેતરમાં કાર્ગો સર્વેયર એએમએસપીઈસી દ્વારા સંકલિત કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના સમાનગાળાના ૯,૬૫,૦૬૬ ટન સામે૧૪.૧૩ ટકા ઘટીને ૮,૨૮,૬૮૦ ટન આસપાસ રહી હોવાનું જણાવ્યું હતું. વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૫૫, એવીઆઈનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ગઈકાલની શેષ ૧.૦૫ લાખ ગૂણી અને રાજકોટ મથકે ગઈકાલની શેષ ૭૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# મૅટિની



# રેખા - પ્રિયંકા: કમાલની કમબેક કહાણી...

**રાજામૌલીની ફિલ્મથી પ્રિયંકા ચોપડા - જોનાસ ભારતીય સીને ઉદ્યોગમાં કમબેક કરી રહી છે અને 'ઉમરાવ જાન'ની રેખા પણ કેમેરા સામે આવવા ફરી ઉત્સુક છે.**



કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

રેખા ગણેશન અને પ્રિયંકા ચોપડા... હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બે નામવંત અભિનેત્રી. બંને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અદાકારા. બંનેએ કારકિર્દીમાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી અભિનય કૌશલ દેખાડ્યું છે. ફિલ્મોની વાત કરતી વખતે રેખાની 'ઉમરાવ જાન' અને પ્રિયંકાની 'મેરી કોમ'નો વિશેષ ઉલ્લેખ અનિવાર્ય છે. બંને પ્રભાવી પાત્ર અને એ પાત્રોને બંને એક્ટ્રેસે લાજવાબ ન્યાય આપ્યો છે. રેખા - પ્રિયંકાને દમદાર પરફોર્મન્સ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ એનાયત થયો છે. જોગાનુજોગ એવો સર્જાયો છે કે આ બંને એક્ટ્રેસ કમબેક કરવા થનગની રહી છે. પ્રિયંકાએ તો ભવ્ય નિર્માણ માટે જાણીતા એસ એસ રાજામૌલીની ફિલ્મ સાઈન કરી લીધી છે. બીજી તરફ રેખા મનીષ મલ્હોત્રાની ફિલ્મ કરતાં કરતાં રહી ગઈ, પણ પોતે ફરી કામ કરવા ઉત્સુક છે એવો ઈરાદો તેણે વ્યક્ત કર્યો છે.

રેખા ગણેશન... ૫૫ વર્ષ પહેલાં રિલીઝ થયેલી 'સાવન ભાદો' (૧૯૭૦)થી અભિનેત્રીનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો. ફિલ્મ સુપરહિટ નીવડી અને રેખાને સાઈન કરવા પડાપડી થવા લાગી. ત્યારબાદ સતત ૩૭ વર્ષ મેડમ હિન્દી ફિલ્મોમાં છવાયેલા રહ્યાં. ગૌતમ ઘોષ દિગ્દર્શિત 'યાત્રા' (૨૦૦૭) પછી એક્ટ્રેસની ફિલ્મો ગણવા બેસીએ તો બે આંગળીના વેઢા પણ વધી પડે એવું છે. જોકે, ૨૦૧૩ની 'ક્રિશ ૩'ની સોનિયા મેહરાના પાત્રમાં રેખા દર્શકોના સ્મરણમાં રહી ગઈ. ત્યારબાદ ગુજરાતી નાટક પર આધારિત 'સુપર નાની' અને એકાદ બે સ્પેશ્યલ અપીયરન્સ(જેમ કે અમિતજીની 'શમિતાભ') બાદ કરતા રેખા અંગત એકલવાયી દુનિયામાં રહેવા લાગી હતી. હવે અચાનક મેડમને ફિલ્મોમાં કામ કરવાના અભરખા જાગ્યા છે. રિપોર્ટ અનુસાર પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાની ફિલ્મ નિર્માતા તરીકે પ્રથમ ફિલ્મ 'ગુસ્તાખ ઈશ્ક'માં રેખા કામ કરે એવી સંભાવના જાગી હતી. ફિલ્મના એક્ટર વિજય વર્માએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે 'મનીષ 'ગુસ્તાખ ઈશ્ક'ના એક રોલમાં રેખાજીને લેવા માગતો હતો. જોકે, એ રોલ બહુ જ નાનો હોવાથી રેખા માટે યોગ્ય નથી એવી દલીલ ફિલ્મના ડિરેક્ટર વિભુ પુરીએ કરતા વાતનો વીંટો વળી ગયો.'

ખુદ દિગ્દર્શકનું કહેવું હતું કે 'રોલની લંબાઈ બહુ નાની છે, પણ એ રોલ મહત્ત્વ ધરાવે છે, કારણ કે એની મારફત વિજય વર્માનું પાત્ર નસીરુદ્દીન શાહના પાત્ર સુધી પહોંચે છે. મનીષ સતત આગ્રહ કરતો હતો, પણ માત્ર અડધા દિવસના કામ માટે રેખાજીને બોલાવવા મને યોગ્ય નહોતું લાગ્યું. અલબત્ત, ઓફર કરી હોત તો મનીષ સાથેની મૈત્રીને કારણે એ જરૂર તૈયાર સુધ્ધાં થયા હોત, પણ મારું દૃઢપણે માનવું છે કે રેખાજીનું કમબેક વ્યવસ્થિત રોલથી થવું જોઈએ.'

એ દિવસ માટે બહુ રાહ નહીં જોવી પડે એવું લાગે છે. આ તર્ક સંબંધે વિજય વર્માએ ખુલાસો કર્યો છે કે 'રેખાજી કમબેક કરવા ઉત્સુક છે. એક વાર તેમણે મને કહ્યું હતું કે વિજય, હમ સાથ મેં કબ કામ કરેંગે? હું જે ફિલ્મો કરી રહ્યો છે એ તેમણે મારી પાસેથી જાણી લીધું અને ફિલ્મ ડિરેક્ટરોને એમના નામની ભલામણ કરવા પણ કહ્યું છે. આજે નહીં તો આવતીકાલે રેખાજીનું કમબેક ચોક્કસ થશે એમાં કોઈ શંકા નથી.'

'અંદાઝ' (૨૦૦૩)થી 'ગંગાજલ' (૨૦૧૬) સુધી સતત હિન્દી ફિલ્મોમાં વ્યસ્ત રહેલી પ્રિયંકા સૌને આશ્ચર્યમાં મૂકી હોલિવૂડ પહોંચી ગઈ. છેલ્લા દશકમાં 'ધ સ્કાય ઈઝ પિન્ક' (જેની એ સહ નિર્માત્રી પણ હતી)ના અપવાદને બાદ કરતા 'પીસી'ના હુલામણા નામથી જાણીતી અભિનેત્રીએ એક રીતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે છેડો જ ફાડી નાખ્યો હતો એમ કહી શકાય. અલબત્ત, હોલિવૂડમાં વ્યસ્ત થયેલી પીસી છેલ્લા ત્રણેક વર્ષથી હિન્દી ફિલ્મોમાં કમબેક કરવા થનગની રહી હતી. ભારત આવતી ત્યારે ફિલ્મમેકરોને મળતી પણ વાત ચર્ચાથી આગળ નહોતી વધતી. 'દિલ ચાહતા હૈ'ના નારી અવતાર જેવી ફરહાન અખ્તરની ફિલ્મ 'જી લે જરા'નું પાકું થયા પછી પણ ફિલ્મ ફ્લોર પર ગઈ જ નહીં.

જોકે, આખરે ઉત્સુકતા - આતુરતાનો અંત આવી ગયો છે. 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી ભવ્ય ફિલ્મો બનાવનારા એસ એસ રાજામૌલીની આગામી તેલુગુ ફિલ્મ 'વારાણસી'માં પ્રિયંકા ચોપડા કામ કરી રહી છે. સાઉથના બે ટોચના કલાકાર મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સાથેની આ ફિલ્મનું ટીઝર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું હતું. ફિલ્મમાં પ્રિયંકા મંદાકિનીનું પાત્ર ભજવી રહી છે અને એનું પોસ્ટર સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે. બિગ બજેટની 'વારાણસી' આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવાનો ઈરાદો હોવાથી રાજામૌલી ઈન્ટરનેશનલ અપીલ ધરાવતી એક્ટ્રેસ ઈચ્છતા હોય એ સ્વાભાવિક છે અને એ વ્યાખ્યામાં પ્રિયંકા ફિટ બેસે છે. હિન્દી ફિલ્મથી નહીં પણ ભારતીય ફિલ્મથી પ્રિયંકા ચોપડા પુનરાગમન કરી રહી છે. આ ફિલ્મ સફળ થઈ તો હિન્દી ફિલ્મોની ઓફરો શરૂ થશે એવી સંભાવના નકારી ન શકાય.

આ બંને કમબેકમાં દર્શકોને વધુ આતુરતા રેખાના પુનરાગમન માટે હશે એ દલીલમાં જરૂર દમ છે. ૨૦૦૦માં 'મોહબ્બતેં'થી અમિતજીનું જોરદાર - દમદાર પુનરાગમન સિને પ્રેમીઓને યાદ હશે. રેખાનું કમબેક જ્યારે પણ થશે ત્યારે કેવું નીવડશે? એ તો આવનારો સમય જ કહેશે. અત્યારે તો રેખા - પ્રિયંકાના કમબેક અંગે કુતૂહલ રાખવાથી વિશેષ તો શું કરીએ? એક વાત આનંદ આપનારી જરૂર છે કે અભિનેત્રીને સાઈન કરતી વખતે એની ઉંમર સામે નથી જોવામાં આવતું. ■

# 'પ્યાસા'ના પાણીદાર લેખક - પાર્ટનર ઑફ 'ધ ગુરુદત્ત': અબરાર અલ્વી

સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ

**'તુમ કોમ્યુનિસ્ટ હો?'**

**'જી નહીં, મૈં કાર્ટૂનિસ્ટ હૂં.'**

**'ગર્મી ચાહે મૌસમકી હો યા દૌલત કી સિર્ફ ગધે હી મગન રહતે હૈં ઉસ મેં!'**

....

**'બડે ઘરકી ઓરતોં કા કામ હી ક્યા હોતા હૈ? ગહને બનવાઓ ગહને તુડવાઓ ઔર કોડીયોં સે ખેલો.**

**સો આરામ સે..**

....

આવા અનેક યાદગાર સંવાદ ને કથાપટકથા લખનારા સફળ અને સત્વશીલ લેખક અબરાર અલ્વી વિશે મારી પાસે એક અલગ જ યાદગીરી છે. ૧૯૯૩ની આસપાસ ડર-બાઝીગરની સફળતા બાદ રાતોરાત સ્ટાર બનેલા શાહરુખે માલદાર એન.આર.આઇ. પ્રેમ લાલવાની નામનાં અજાણ્યા જ નિર્માતા નિર્દેશક સાથે 'ગુડ્ડુ' ફિલ્મ શરૂ કરેલી, જેમાં સંગીત ક્યારનાયે રિટાયર થઇ ગયેલા એક જમાનાનાં મહાન સંગીતકાર નૌશાદજીનું હતું! એ ફિલ્મની સ્ક્રિપ્ટ શાહરુખ સાથે સાંભળેલી. ખૂબ જ નવાણી કથા, અતિ આઉટડેટેડ સંગીત ને તોયે શાહરુખે એ ફિલ્મ કરી! જ્યારે કે બોલિવૂડનાં ટોપનાં નિર્માતા નિર્દેશકો એની પાછળ પડેલા! મેં કારણ પૂછ્યું તો શાહરુખે લુચ્ચું હસીને કહ્યું: 'યે ફિલ્મ મેરી હોમ પ્રોડક્શન હૈ!'



અબરાર અલ્વી

'ક્યા? તુમ ઇસે પ્રોડ્યુસ ભી કર રહે હો?' હું ચોંક્યો.

'અરે ના ના, 'હોમ પ્રોડક્શન' યાનેં મુઝે મુંબઇ મેં બડા ઘર ખરીદને કે લિયે બહોત સારે પૈસે એકસાથ મિલ રહેં હૈં! પૂરે ૩૫ લાખ! અને ત્યારે શાહરુખે ખાર દરિયાકિનારે મોટો ટેરેસ ફ્લેટ ખરીદેલો!

ઓફકોર્સ, અબરારજીએ લખેલી શાહરુખ મનીષા કોઇરાલાવાળી છેલ્લી ફિલ્મ 'ગુડ્ડુ' ફ્લોપ હતી, પણ જ્યારે જ્યારે ગુરુદત્ત વિશે કે એમની ફિલ્મોનો ઉલ્લેખ થાય ત્યારે ગુરુદત્તના આ પ્રિય એવા લેખક અને નજીકના મિત્ર અબરાર અલ્વીનો ઉલ્લેખ ચોક્કસ આવે જ.



ગુરુદત સાથે અબરાર અલ્વી...

અયોધ્યામાં જન્મેલા અબરાર અલ્વીએ નાગપુર કોલેજમાં નાટકો લખ્યાં ને રેડિયો નાટકોમાં અભિનેતા ને લેખક તરીકે શરૂઆત કરી.

વકીલાતની ડિગ્રી બાદ, અબરારજી અભિનેતા બનવા મુંબઈ આવ્યા. પ્રખ્યાત નાટક નિર્દેશક, લેખક, કવિ અને અભિનેતા હબીબ તનવીર જે નાગપુર કોલેજમાં એમના સિનિયર હતા એમણે 'ઈપ્ટા' નાટ્ય સંસ્થામાં જોડાવાની સલાહ આપી. અબરારજીએ નાટકો કરીને ફિલ્મો માટે ખૂબ સંઘર્ષો કર્યો.

**રીતસર ફૂટપાથ પર રાત વિતાવતા.**

એક દિવસ અબરારજીના મામાનો દીકરો, ઇર્શાદ હુસૈન જે 'જસવંત'ના નામેથી ફિલ્મોમાં કામ કરતો એ ગુરુદત્તની 'બાઝ'માં હતો તો અબરારજી ઇર્શાદના ડ્રાઇવર બનીને રોજ 'બાઝ'ના સેટ પર જતા. ત્યાં એમની મૈત્રી 'મેરા સાયા', 'મેરા ગાંવ મેરા દેશ', 'દો રાસ્તે' જેવી ફિલ્મોના પ્રખ્યાત ડાયરેક્ટર રાજ ખોસલા સાથે થઈ. ત્યારે એ ગુરુદત્તના આસિસ્ટંટ હતા.

એક દિવસ વાતવાતમાં અબરારજીએ રાજ ખોસલાને કહ્યું, 'ફિલ્મના સંવાદો પાત્રોને અનુસાર હોવા જોઈએ'. આ વાત ગુરુદત્તે સાંભળી લીધી. પછી ગુરુદત્તને ખોસલા પાસેથી ખબર પડી કે અબરાર નાટ્ય લેખક છે તો આગામી ફિલ્મ, 'આર-પાર' માટે ડાયલોગ લખવા આપ્યા. ૧૯૫૪માં 'આર પાર' સુપરહિટ થઈ ને પછી તો ગુરુદત્ત ને અબરાર અલ્વી છેક સુધી મિત્રો બની રહ્યા. અબરારજી 'મોર્ડન મેરેજ' નામનું કોલેજમાં નાટક લખેલું, જે ગુરુદત્તને એટલું બધું ગમ્યું કે એના પરથી એમણે 'મિસ્ટર એન્ડ મિસિસ ૫૫' નામની ફિલ્મ બનાવી. જો કે ફિલ્મના ટાઇટલ્સમાં અબરાર અલ્વીનું ફક્ત સંવાદ લેખક તરીકે છે, જોકે કથા પટકથા પણ લખેલી.

તરુણ વયે અબરારજી કોલેજમાં હતા ત્યારે હૈદરાબાદના જમીનદારના દીકરો અબરારજીને એક વેશ્યા પાસે લઈ ગયેલો. એ વેશ્યા ગુજરાતના કોઇ પૂજારીની દીકરી હતી ને એના પ્રેમી સાથે ઘરેથી ભાગી આવેલી એને પ્રેમીએ દગો કરીને વેશ્યાવાડમાં વેચી દીધેલી. અબરારજીને એ વેશ્યાની બોલવાની રીત એમને ખૂબ મજેદાર લાગતી. વર્ષો પછી અબરારજીએ 'પ્યાસા'માં ગુલાબોનું વહીદા રહેમાને ભજવેલ પાત્ર, એ વેશ્યાને ધ્યાનમાં રાખીને લખેલું. ભારતીય સિનેમાની ક્લાસિક 'કાગઝ કે ફૂલ' (૧૯૫૯ )અબરાર અલ્વીની પટકથા સંવાદ લેખક તરીકે પહેલી ફિલ્મ હતી પણ ત્યારે ફ્લોપ ગયેલી. પછી ગુરુદત્તે પ્રખ્યાત ગાયિકા નૂરજહાંના પતિ ને નિર્માતા-નિર્દેશક શૌકત હુસૈન રિઝવીએ લખેલ 'પહેલી ઝલક' પર કામ શરૂ કર્યું. પણ ભાગલા બાદ શૌકત પાકિસ્તાન જતા રહેલા.

અબરારજી પાસે ગુરુદત્તે સ્ક્રિપ્ટ ફરી લખાવી અને અબરારજીએ એ હિટ ફિલ્મનું નામ 'ચૌદવી કા ચાંદ' આપ્યુ. એ પછી ગુરુદત્તે વિખ્યાત બંગાળી નવલકથાકાર બિમલ મિત્રાની નવલકથા 'સાહિબ, બીવી ઔર ગુલામ' પરથી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું, જેના સંવાદો પટકથા અબરાર પાસે લખાવ્યા. ત્યારે અબરારજી બીજી ફિલ્મોમાં એટલા બધા બિઝી કે અગાઉની જેમ શૂટિંગમાં ગુરુદત્ત સાથે હાજર નહોતા રહી શકવાના. ગુરુદત્તે એમની પાસે ૪ કલાકની સ્ક્રિપ્ટ 'સ્પૂલ' (ત્યારનું રેકોર્ડિંગ મશીન) પર આખી સ્ક્રિપ્ટ રેકોર્ડ કરાવી, જેથી શૂટિંગમાં કામ આવે. પછી રોમાંસ, ફેમિલી પ્રોબલેમ અને માનસિક તાણને લીધે ગુરુદત્તે અબરારજીને ફિલ્મ ડિરેક્ટ કરવા કહ્યું. અબરારજી જરા ખચકાયા પણ ગુરુદત્તે સમજાવ્યું કે સ્પૂલમાં જે રેકોર્ડિંગ કર્યું છે એ જ ફિલ્મ બનાવો. ૧૯૬૨માં 'સાહિબ, બીવી ઔર ગુલામ' સુપરહિટ રહી. ફિલ્મફેર એવોર્ડમાં ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો, અબરાર અલ્વીને 'બેસ્ટ ડિરેકટર'નો અને મીના કુમારીને 'બેસ્ટ એક્ટ્રેસ'ના ૩-૩ એવોર્ડ મળ્યા. આમ નિર્દેશક અબરારજીએ ડિરેક્ટ કરેલી આ પહેલી જ ફિલ્મ માટે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના હસ્તે 'રજત-ચંદ્રક' પણ મેળવ્યો.

'સાહિબ બીવી ઔર ગુલામ' પછી અબરારજી ખૂબ વ્યસ્ત હતા એટલે ગુરુદત્તે તેજાબી ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુગતાઈ પાસે સ્ક્રિપ્ટ લખાવી 'બહારેં ફિર ભી આયેંગી'. ઇસ્મતજીના પતિ શાહિદ લતીફને દિગ્દર્શન સોંપાયું. જોકે, ૩ રીલ બન્યા બાદ ફિલ્મ અટકી ગઇ. અમુક વરસો બાદ ગુરુદત્તે ફિલ્મના મૂળ વાર્તાકાર બિનોય ચેટરજીને કોલકાતાથી મુંબઈ બોલાવીને અબરારજી સાથે સ્ક્રિપ્ટમાં ફેરફારો કર્યા. શાહીદ લતિફને બદલે ગુરુદત્તે જ નવેસરથી શૂટિંગ શરૂ કર્યું પણ હજુ તો ૧૨-૧૩ રીલ બનેલી ગુરુદત્તે એક રાતે અચાનક આત્મહત્યા કરી લીધી. ગુરુદત્તના છેલ્લા સમયના એકમાત્ર સાથી અબરાર અલ્વી આત્મહત્યાનું કારણ, ગુરુદત્તનો પ્રેમભંગ બધું જાણતા પણ ક્યારેય એક શબ્દ કોઇ પણ ખિલાફ ઉચ્ચાર્યો નહીં.

આત્મહત્યા બાદ ગુરુદત્તના નિર્માતા ભાઈ આત્મારામ દત્તને ભારે નુકસાન થાત એટલે અબરારજીએ ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું. ગુરુદત્તને બદલે ધર્મેન્દ્ર સાથે ફિલ્મ બનાવી અને એ માટે અબરારજીએ શૈલેન્દ્રની 'તીસરી કસમ' જેવી ક્લાસિક ફિલ્મ છોડેલી. એવી ગુરુદત્તના પરિવાર કે કંપની માટેની એમની નિષ્ઠા. ટેકનિકલ કારણોથી ફિલ્મમાં નિર્દેશક તરીકે શાહિદ લતીફનું જ નામ આપવામાં આવેલું પણ પછી અબરાર અલ્વીએ 'પ્રોફેસર', 'સૂરજ', 'પ્રિંસ' જેવી અનેક સફળ ફિલ્મો લખેલી.

આપણી હિંદી ફિલ્મોને નાટકી ઉર્દૂ હિંદી ભાષામાંથી છોડાવીને બોલચાલની બંબૈયા ભાષા આપવાનો શ્રેય અબરારજીને જાય છે. આજે એમની પુણ્યતિથિ છે, પણ અબરાર અલ્વી (૧૯૨૭-૨૦૦૯) સદાયે અમર રહેશે, ગુરુદત્તની કાવ્યાત્મક ક્લાસિક ફિલ્મ 'પ્યાસા'ના આ ડાયલોગ માટે :

**'મુઝે શિકાયત હૈ ઉસ તહેઝીબ સે, સંસ્કૃતિ સે, જહાં મુર્દા પૂજા જાતા હૈ ઓર ઝિંદા ઇન્સાન પૈરોં તલે રોંદા જાતા હૈ!.'** ■

# અનુમાન મનની કલ્પના છે, પણ અનુભવ આપણા જીવનનો પાઠ!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

'આપણા ૬૦ લેણાં હતાં, મારાં ૩૦ આવી ગયાં સમજો!' હું સ્તબ્ધ થઈ ગયેલો. ૩૦ મેં રાખી લીધાં હોત તો? ચેક આપ્યો ત્યારે જ કહી દીધું હોત તો દુઃખ ન થાત. ખેર, પૈસાની જરૂર મને પણ હતી. જિંદગીના ફાટેલાં ખિસ્સે ઠસોઠસ ભરેલી જવાબદારીનો રોકડો હિસાબ હતો. દીપક એની રીતે સાચો હતો. હું જ તુષારભાઈનાં સતત સંપર્કમાં રહેવાનો હતો. હવે મારી જવાબદારી કે નાટક કરતા કરતા બાકીનાં ૩૦ તુષારભાઈ પાસેથી કેમ કઢાવવા એની હતી.

ઘરમાં મને મારું પડી ગયેલ મો જોઈ પત્ની ભારતીએ સમ આપી સાચું કારણ જણાવવા કહ્યું. મેં જે બન્યું હતું એની રજેરજ વાત કહી દીધી. મને મધરાત સુધી એ સમજાવતી રહી : 'જુઓ, જે પૈસા તુષારભાઈ પાસેથી લેણાં નીકળતાં હતાં ત્યારે તમે અને દીપકભાઈ ભાગીદાર હતા, બરાબર! એ નાટક જેનાં પૈસા બાકી રહી ગયાં એ જ નાટકમાંથી તમને ડિરેક્ટર અને કલાકાર તરીકેનું મહેનતાણું તો મળેલું ને? દીપકભાઈને તો એ નહોતું મળ્યું. હા, પી.આર.ઓ.નું કવર માત્ર મળતું પણ એ તમારાં બંને વચ્ચે અડધું-અડધું વહેંચાય જતું ને? દીપકભાઈએ યોગ્ય કર્યું. સારું કર્યું તમે જા.ખ. દીપકભાઈને જ આપવાનું વિચાર્યું. તમને વેપાર નહિ આવડે કારણ તમારી હિમ્મત જ નથી. સંઘર્ષથી આગળ વધ્યા એમાં સાહસની બાદબાકી થઈ ગઈ. 'રિસ્ક' લેવું તમારાં લોહીમાં જ નથી. હવે પ્રયત્ન એ કરજો કે બાકી નીકળતાં પૈસા વહેલાસર નીકળે અને સંબંધ જળવાય રહે. સંપર્ક અને સંબંધને સમજો. પાણીમાં પડેલા પાણીના ટીપાને સંપર્ક કહેવાય અને પાણીમાં પડેલાં દૂધને સંબંધ. સંપર્ક એટલે ભળે નહીં, સંબંધ એટલે મળે અને ભળી જાય. તમે દૂધ બની દીપકભાઈની વાતમાં ભળી જઈ, વર્ષોના સંબંધને અકબંધ રાખજો.'

આખી રાત વિચારતો રહ્યો કે નાટકનાં સંવાદો બોલવામાં ભલે હું પાવરધો રહ્યો પરંતુ સમજણનાં સંવાદો તો પત્ની ભારતી જ જાણે છે. જેટલું મન ભારે થયેલું એ ભારતીની વાતે હળવું કરી દીધું. દીપકને લઈને જાગેલી રીસ પણ ઓગળી ગઈ. દીપક આજે સારો બિઝનેસ કરે છે. હું વધુ મુંજારો અનુભવું એ પહેલા મને ભારતીએ સમય ઉપર સમજણ આપી. સમય ઉપર સમય આપનારાં લોકો જો સમય પર મળી જાય તો સમયને સારો થવામાં સમય નથી લાગતો.

ત્રણેક દિવસ પછી હું, તુષારભાઈ, આનંદ અને દિનેશ મળ્યા. દિનેશે કહેલું એમ નાટકમાં ફાઈનલી આઠ પાત્રો થતાં હતાં. વાર્તા ત્રણ પરણેલાઓની હતી. એકની પત્ની શંકાશીલ તો બીજાની ઓછું મળે તો પણ આનંદનો અવસર ઉજવે અને ત્રીજાની 'અહમ'નાં અતિરેકથી પીડાતી.

કાસ્ટિંગ શરૂ કર્યું. નામો વિચારતાં ગયાં. મારે માત્ર એ ડિરેક્ટ કરવું હતું. પાત્ર ભજવું તો મારું ધ્યાન વહેંચાતું રહે અને ડિરેક્ટર તરીકેની એકાગ્રતા ન રહે એવું મારું માનવું છે. એ નાટકમાં એક રમૂજી સાથે ફિલોસોફીકલ કાકાનું પાત્ર પણ હતું. દિનેશ-આનંદ-તુષારભાઈ એ પાત્રનો કળશ મારાં ઉપર ઢોળવાની કોશિશ કરી જોઈ. મને એ પાત્ર માટે વિચાર આવ્યો જયંત વ્યાસનો.( જે હયાત નથી.) એમનો કોઈ પ્રોબ્લેમ થશે તો હું કરીશ એવી હૈયાધારણ આપી અમે છૂટા પડ્યા.

બીજે દિવસે હું જયુકાકા(જયંત વ્યાસ) ને મળ્યો. મેં નાટકનું કથાનક સંભળાવ્યું. એમને ગમ્યું પણ ખરું, પરંતુ એમણે બે દિવસ માગ્યા. ત્યારે રાજેશ જોશી ક્રમશઃ નામનું નાટક (લગભગ એ જ નામ હતું.) કરવાના હતાં. જયંત વ્યાસનો એમાં રોલ હતો, પણ રિહર્સલ હજુ એનાં શરૂ નહોતાં થયાં એટલે એમની સાથે વાત કરી જણાવવા માટે બે દિવસનો સમય માગ્યો.

એ પછી દંપતી પ્રમાણે અમે કાસ્ટિંગ વિચારતા ગયાં. અહમથી પીડાતા અને નાની વાતે ઉગ્ર બની જતા દંપતી માટે અમે પસંદ કર્યા, શેતલ રાજડા અને તુષાર ત્રિવેદી. શંકાશીલ યુગલ માટે નક્કી કર્યા, રાજુલ દીવાન અને દેશપાંડે.(ફીમેઇલ કલાકારા મરાઠીભાષી હતી.) બાકી રહ્યાં નોકર-નોકરાણી. જે હંમેશાં વર્તમાનમાં અને આનંદથી જીવતું કપલ. નાટકમાં મર્યાદિત વ્યાધિથી પીડાતી એક સ્ત્રીનું પાત્ર હતું જે માટે શીલા શર્મા (મહાભારત સિરિયલમાં જેણે 'દેવકી'નું પાત્ર ભજવેલું) ને કાસ્ટ કરી. એક ડોક્ટરનું નાનું પણ અગત્યનું પાત્ર વિકાસ પટેલને આપ્યું. વિકાસે ઘણી હિન્દી-ગુજરાતી સિરિયલો લખી છે અને આજે એ સ્ટેન્ડ-અપ કોમેડિયન છે. ઘણાં શો કરે છે.

તકલીફ મને નોકર-નોકરાણીનાં પાત્રો માટે પડી રહી હતી. આ ફી હશે, પેલો ફી હશે. પણ બધે ડેલીએ હાથ દેવા જેવું થતું.

અનુમાન આપણા મનની કલ્પના છે, અનુભવ આપણા જીવનનો પાઠ. મારાં બધાં તર્કો ખોટાં પડતાં હતાં. ત્યાં કોઈએ મને એક નામ આપ્યું, મોનિકા રોય. આ નામ મારે માટે સાવ નવું હતું, કારણ કે ચાલતા કોઈ નાટકમાં એનું નામ મેં વાંચ્યું નહોતું. હકીકતમાં એમણે લગભગ ૧૯૭૨ થી ૧૯૭૬ સુધી જ નાટકો કરેલા એવું જાણવા મળેલું. જોગાનુજોગ એ શેતલ રાજડાની દેરાણી હતી.

એ મોનિકા રોય એટલે આજે તખ્તા પર અમિતા રાજડા તરીકે ઓળખાય છે. જે કલાકાર તુલસી રાજડાની પત્ની. તુલસી સાથે મેં ઘણાં એકાંકીઓ - ત્રિઅંકી નાટકો સુરેન્દ્ર જોશી સાથે કરેલા. આમ કાસ્ટિંગ તો લગભગ પૂરું થયું. જયુકાકાનો જવાબ બાકી હતો. સ્ક્રિપ્ટ પણ પૂરી થવામાં હતી. હવે ચિંતા નોકરનાં પાત્ર માટે હતી. એ રોલ માટે કોમેડી ટાઈમિંગનો જાણકાર અને ઈમોશનલ સીનને તખ્તા પર સારી રીતે મંચન કરી શકે એવો જોઈતો હતો.



મને એક સાવ અજાણી વ્યક્તિ, ઓફકોર્સ ક્યારેક હું એને મળતો. એણે મને કહ્યું કે 'કાલે એક કલાકારને મોકલું છું. જોઈ લે.'

અચાનક તમારી મહેનતમાં આવી અજાણી વ્યક્તિ મદદરૂપ થાય એ સારું લાગે. જિંદગીની સૌથી મોટી બચત, લોકોનાં દિલમાં તમે બનાવેલી જગ્યા છે. એ જગ્યા કામ લાગી ગઈ. ■

ડબલ રિચાર્જ

*પત્નીએ પતિનો મોબાઈલ ચેક કર્યો. એમાં કશું અજુગતું મળ્યું નહીં, તો દીવાલમાં માથું ભટકાડીને બોલી 'હે ભગવાન! આને કોઈ ઘાસ નથી નાખતું અને હું આની સાથે જિંદગી કાઢું છું.*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# એક્શન નહીં, ઓક્શનની દીવાનિયત!


## જાણો, સ્ટાર્સની અજીબ વસ્તુઓની ખરીદીના અતરંગી કિસ્સા

સેલિબ્રિટીની દુનિયામાં હંમેશાં થોડી ક્રેઝી સાઈડ રહી છે, પણ આજના ઇન્ટરનેટના સમયમાં આ ક્રેઝ તો આખું એક માર્કેટ બની ગયો છે. પહેલાં ફિલ્મ મેમોરેબિલિયામાં પોસ્ટર, કોસ્ચ્યુમ, સીડીઓ એવું બધું આવતુ હતું. હવે તો લોકો એવી એવી વસ્તુઓ ખરીદે છે કે સાંભળો તો પણ હસવું આવેઃ વાપરેલું ટીસ્યુ, ચવાયેલું ચ્યૂઇંગ ગમ, અર્ધું ખાધેલી ટોસ્ટ, ફેંકી દીધેલી પ્રોપ. ફેન્સને લાગે છે કે આ વસ્તુઓમાં સ્ટારની કોઈ એનર્જી હોય છે. હોલિવૂડ હોય કે ભારતીય સિનેમા, આ પાગલપંતી બંને તરફ સરખી જોવા મળે છે.

આમાં સૌથી ચર્ચામાં રહેલું ઉદાહરણ છે રોબર્ટ ડાઉની જુનિયર ( RDJ) નું ચવાયેલું ગમ. કોઈએ ઑનલાઇન લિસ્ટિંગ નાખ્યું કે આ ગમ RDJએ ચાવ્યું હતું અને તેને જોન ફેવરોના વોક ઑફ ફેમ સ્ટાર પર ચોંટાડ્યું હતું. હકીકતમાં આ ગમ સાચું હતું કે નકલી એ બીજી વાત છે. મહત્ત્વની વાત એ છે કે ફેન્સ કેટલી ઝડપથી એ જ વસ્તુ માટે દીવાના થઈ જાય છે. લિસ્ટિંગમાં તો આટલું પણ લખ્યું હતું કે ખરીદદાર ઇચ્છે તો ગમમાંથી RDJનું DNA ચેક કરી લે. આ તો સેલિબ્રિટી કલ્ચરનો ખાલીપો પણ બતાવે છે અને એની મજેદાર સાઈડ પણ.


રોબર્ટ ડાઉની જુનિયર (RDJ)

આ પછી આવે છે સ્કાર્લેટ જોહાન્સન. એક ટોક શોમાં તેને જરા છીંક આવી એટલે ટીસ્યુ લઈ નાક સાફ કર્યું અને હોસ્ટે મજાકમાં એ ટીસ્યુને પ્લાસ્ટિક બેગમાં મૂકી દીધું. મજા મજામાં કરેલો આ જોક થોડા કલાકોમાં સાચા eBay ઓક્શનમાં ફેરવાઈ ગયો. એ ટીસ્યુ હજારો ડૉલરમાં વેચાઈ ગયું અને એ પૈસા ચેરિટી માટે ગયા. આખી દુનિયાના મીડિયાએ આ ઘટનાને લઈને મજા લીધી.


સલમન ખાન


જસ્ટિન ટિમ્બરલેકને લઈને પણ મજાનો કિસ્સો છે. એક ટીવી શોના નાસ્તામાં તેણે અર્ધું ખાધેલું ફ્રેન્ચ ટોસ્ટ પાછું ટેબલ પર મૂકી દીધું અને એક ટીનએજરે એ ટોસ્ટ ખરીદી લીધું. એ પણ હજાર ડૉલરથી વધુમાં! તે છોકરીએ કહ્યું હતું કે એ ટોસ્ટ વર્ષો સુધી ફ્રીઝરમાં રાખશે જે રીતે કોઈ મૂલ્યવાન ખજાનો રાખે. માત્ર ટોસ્ટના ટુકડાને સેલિબ્રિટી મેમોરેબિલિયા માની લેવાની મનોદશા કેટલી અનોખી છે તે આ એક ઉદાહરણથી જ સમજાઈ જાય.


જસ્ટિન ટિમ્બરલેક

૨૦૦૦ના દાયકામાં પોપ સિંગર એક્ટ્રેસ બ્રિટની સ્પિયર્સની ફેમ ટોચ પર હતી ત્યારે eBay પર અનેક લિસ્ટિંગ આવતી હતીઃ બ્રિટનીનું વાપરેલું ગમ, કોન્સર્ટમાં ફેંકેલું ગમ, બેકસ્ટેજ ગમ ઘણી વસ્તુઓ સાચી હતી કે નહીં તે કહેવું મુશ્કેલ, પણ ફેન્સ તો બિડ કરતા જ જતા હતા.

ક્યારેક સ્ટાર્સ પોતે પણ આવી હરકતો કરતા હોય છે. સિડની સ્વીની તો ફેન્સની ક્રેઝને એકદમ નવા લેવલ પર લઈ ગઈ.


તેણે પોતે નહાયા પછી બાથરૂમના પાણીના થોડા ટીપા મિક્સ કરીને લિમિટેડ એડિશન સાબુ લોન્ચ કર્યો, જે ઓનલાઇન મુકાતાં જ મિનિટોમાં વેચાઈ ગયો અને વેબસાઇટ પણ થોડી વાર માટે ક્રેશ થઈ ગઈ. સ્વીની પોતે મજામાં કહેતી હતી કે ફેન્સ વારંવાર પૂછતાં બાથવોટર ક્યાં મળે એટલે જ તેણે આ આઈડિયાને પ્રોડક્ટમાં ફેરવ્યો. એમાં પણ શરૂઆતની કિંમત માત્ર આઠ ડૉલર હતી, પણ રિસેલ માર્કેટમાં એ જ સાબુ eBay પર સોથી લઈને હજારો ડૉલર સુધીમાં વેચાવા લાગ્યો...!


સિંગર એક્ટ્રેસ બ્રિટની સ્પીયર્સ

આખી ઘટના ફરી એક વખત સાબિત કરે છે કે આજના સેલિબ્રિટી કલ્ચરમાં ફેન્સને સ્ટારના કામ ઉપરાંત, સ્ટારની પર્સનલ અને અજીબ વસ્તુઓને પણ કલેક્શન તરીકે મેળવવાની અનોખી મજા લેવી છે.

બોલિવૂડના પણ રોમાંચક કિસ્સાઓ છે. સલમાન ખાનના 'જીને કે હૈ ચાર દિન' ગીતવાળા ફેમસ ટાવલ માટે જ્યારે ચેરિટી ઓક્શન થયું ત્યારે લોકોએ મજબૂત બિડ કરી હતી. કેમ કે એ માત્ર ટાવલ નહોતો, એ સલમાનની સ્ટાઇલ હતી અને એક પ્રખ્યાત ગીતની ઓળખ હતી.

કુમાર સાનુ સાથે પણ એક વાર ખૂબ જ મજાની ઘટના થઈ. એક સ્ટેજ ઇવેન્ટમાં તેમણે પહેરેલો શોલ એક ફેનને એટલો ગમ્યો કે તેણે મોટી રકમ ઑફર કરી નાખી.


શાહરુખ ખાન

આજ રીતે શાહરૂખ ખાનના ફેન્સનું ડેડિકેશન તો દુનિયામાં અનોખું છે. એક પ્રસિદ્ધ ઘટના એવી છે કે તેના જૂના વ્હીકલ સાથે જોડાયેલી એક નંબર પ્લેટને લઈને ઑનલાઇન મોટી બિડિંગ થઈ. આ પ્લેટ ખરેખર શાહરુખની હતી કે નહીં એ પરવા કર્યા વિના લોકો એ ખરીદવા માટે તૂટી પડ્યા હતા.

આ બધી ઘટનાઓ બતાવે છે કે સ્ટાર્સનો પ્રભાવ કેટલો ઊંડો હોય છે. ફેન્સ સ્ટારને માત્ર કલાકાર તરીકે નથી જોઈ શકતા. ફેન્સ સ્ટાર્સને પોતાની જિંદગીનો ભાગ માને છે. એ માટે જ વાપરેલું ટીસ્યુ હોય, છોડી ગયેલો ટોસ્ટ હોય, ગમ હોય, પ્રોપ હોય, આ બધું ફેન્સ માટે સ્ટારની નાની ઝાંખી બની જાય છે. સાથે સાથે, આવી વસ્તુઓ અત્યંત રેર હોય છે. પોસ્ટર તો ઘણાં મળે, પણ ચવાયેલું ગમ? એક જ!

-અને જ્યાં સુધી સ્ટારડમ રહેશે, ત્યાં સુધી આ અજબ-ગજબ ઓક્શનનો ખેલ ક્યારેય બંધ નહીં થાય. લોકો હંમેશાં સ્ટારની જિંદગીમાંથી એક નાનો ટુકડો પોતાના ઘરે રાખવા ઉતાવળા થશે પછી ભલે ને એ નહાયેલું ગંદું પાણી પણ કેમ ન હોય! ■

**લાસ્ટ શોટ**

*'ટાઇટેનિક' ફિલ્મના સેટ પર વપરાયેલો પેલો જાણીતો લાકડાના દરવાજાનો ટુકડો હજારો ડૉલરમાં વેચાયો હતો.*

ફોકસ
મનોજ પ્રકાશ

# પૈસા-પ્રાઈવસી ને પોપ્યુલારિટીમાં ફસાયેલું બોલિવૂડ

બોલિવૂડ એ માયાનગરી છે. અહીં ફિલ્મી સિતારાઓને પુષ્કળ પૈસા કમાવા છે અને સફળ થવું છે, તેમ છતાં પ્રાઇવસી પણ જોઈએ છે અને અંતે ફેન ફોલોઈંગ પણ વધવી જોઈએ. બોલિવૂડ એટલું અનિશ્ચિત કેમ છે? આમ જોઈએ તો કોઈ પણ બોલિવૂડ કલાકારને પોતાની ફિલ્મ હિટ કરવા માટે તેમની ફિલ્મનું પ્રમોશન કરવું પડે એ જેથી ફેન ફોલોઈંગ પણ વધવા જોઈએ. આ ઉપરાંત તેઓ એવી આશા રાખે કે તેમની પર્સનલ લાઈફમાં કોઈએ ડોકિયું કરવાનું નહીં. તમને યાદ જ હશે, આમિર ખાનની ફિલ્મનું પ્રમોશન. તે છતાં પણ તેઓ પ્રાઇવસી ઈચ્છે છે. કેટલી હદ સુધી અને શા માટે?

હાલમાં જ રણબીર કપૂર અને આલિયા ભટ્ટના નવા ઘરનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો તેના પછી પ્રાઇવસીની લડાઈ ઘણી વધી ગઈ છે. બોલિવૂડમાં સુપર સ્ટારનો જમાનો તો પહેલેથી જ ચાલતો આવ્યો છે અને હવે તેની સાથે પુષ્કળ કમાણીનો જમાનો પણ ચાલુ થઈ ગયો છે. પહેલાના જમાનામાં સંબંધોના હિસાબે ફિલ્મો કરતા હતા, હવે એજ સિતારાઓ એક ફિલ્મ કરવાના કરોડો રૂપિયા લે છે. ફેમસ થવા માટે ફિલ્મી સિતારાઓ કોઈ પણ હદ સુધી જવા માટે તૈયાર હોય છે પરંતુ એજ ફેન તેમની કોઈ પર્સનલ વસ્તુ શેર કરે તો વિફરે છે. હાલમાં જ આલિયા ભટ્ટનું ઘર સોશ્યલ મીડિયા પર વાઇરલ થતા તે ભડકી ઊઠી હતી. આ નવું ઘર બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં આવેલું છે અને આની કિંમત ૨૫૦ કરોડથી પણ વધારે છે.

જે રીતે ઘરનો વીડિયો વાઇરલ થયો આલિયાએ કઠોર શબ્દોમાં જણાવ્યું કે, 'હું જાણું છે કે મુંબઇ જેવા શહેરમાં જગ્યાની ઊણપ છે. ઘણી વખત આપણી બારીમાંથી કોઈનું ઘર દેખાતું હોય છે. અમારું ઘર હજી બની રહ્યું છે અને તેના ઘણા વીડિયો પણ બની ગયા છે. અમારી જાણકારી વગર તે વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ કરી નાખ્યા છે.' તેમણે આને ગોપનીયતાનું ઉલ્લંઘન માન્યું છે અને તેને દૂર કરવાની માગ કરી છે. પ્રશ્ન એ છે કે, આ ઘરમાં એવું તો શું છે કે, જેના વિડીયો લીક થવાથી કોઈ મુશ્કેલી આવી પડશે? આમ જનતા હંમેશાં કલાકારોના બંગલાઓથી આકર્ષિત થાય છે. ફેન્સ પણ કલાકારોને જોવા માટે તેમના ઘરની બહાર ઊભા રહે છે, અને કોઈ નિશ્ચિત ટાઈમે કલાકારો દર્શન પણ આપે છે. તો પછી આલિયાના ઘરનો વીડિયો વાઇરલ થયો તેમાં શું પ્રોબ્લેમ છે? એની પહેલા શ્રદ્ધા કપૂર અને તેના બોયફ્રેન્ડનો એક પ્રાઇવેટ વીડિયો પણ વાઇરલ થયો હતો ત્યાર પછી પ્રાઇવસીની વાતે જોર પકડ્યું હતું.

જો પ્રાઇવસીની વાત બોલિવૂડની ગુપ્તતાના દ્રષ્ટિકોણથી સમજવામાં આવે, તો આને સ્ટાર્સ માટે આવકનો સ્રોત પણ કહી શકાય. જયારે બે કલાકારો ડેસ્ટિનેશન લગ્ન કરે છે ત્યારે તેમના ફોટો વાઇરલ ન થાય તેના માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. ત્યાર બાદ આ ફોટા મીડિયામાં પ્રકાશિત થાય છે પરંતુ તેના માટે એક ચોક્કસ કિંમત વસૂલવામાં આવે છે. જયારે કોઈ અભિનેત્રી ગર્ભવતી હોય છે ત્યારે તેના બેબી બમ્પનો ફોટો શૂટ કરવામાં આવે છે અને બાળક થયા પછી બાળકને કેમેરાથી દૂર રાખવામાં આવે છે. જો આ સામાન્ય હોય તો પ્રાઇવસીનું માપદંડ શું છે? આ કોણ નક્કી કરશે? ફેન્સ કે કલાકારો?

ક્રીતિ સેનન, કે.એલ. રાહુલ , જાવેદ જાફરી વગેરે જે ઘરમાં રહેતા હતા તે ઘરમાં એક અજ્ઞાત વ્યક્તિ ઘૂસી આવ્યો હતો જેનાથી હાહાકાર મચી ગયો હતો. સૈફ અલી ખાન પર તો હુમલો જ થઇ ગયો હતો અને સલમાન ખાનના ઘરે પણ ઘૂસણખોરી થઇ ચુકી છે. આમ જોઈએ તો બોલિવૂડના કલાકારોને પોતાની પ્રાઇવસી જાળવી રાખવા માટે ઘણી ચુનોતીઓનો સામનો કરવો પડે છે. ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## સતત સફળતા મેળવતી વિજય દેવરકોંડાની ફૂટડી 'ગર્લફ્રેન્ડ'

# રશ્મિકા મંદાના

સિનેરસિકો જેના પર જબરા મોહી ગયા છે એવી સ્વરૂપવાન 'નેશનલ ક્રશ' બની ગયેલી રશ્મિકા મંદાના સતત ન્યૂઝમાં રહે છે. હાલમાં જ વિજય દેવરકોંડા સાથે સગાઈ અને પછી લગ્ન થવાના હોવાની વાતો ચગી છે, ત્યાં તેની છેલ્લી તેલુગુ ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ને મળેલી સફળતાની પાર્ટીમાં તેનાં ફિયાન્સે વિજય દેવરકોંડાએ તેના હાથ પર કીસ કર્યું હોવાના વીડિયો સામે આવતાં જ લોકો તેની વાતો કરવા લાગ્યા છે.



વિજય દેવરકોંડા કરતાં નવ વર્ષ નાની એટલે કે ૨૯ વર્ષની રશ્મિકા મંદાનાએ છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં ખૂબ જ સફળતા મેળવી છે. તેમાંય હિન્દી ફિલ્મોમાં શરૂઆત કર્યા પછી તે એક પછી એક સુપરહીટ ફિલ્મો આપી રહી છે. શરૂઆતથી વિવિધ વિષયવાળી ફિલ્મો પસંદ કરનારી રશ્મિકા મંદાનાએ બોલિવૂડની ફિલ્મોમાં પ્રવેશ કર્યો ત્યારે તેની શરૂઆતની ફિલ્મો ફ્લોપ ગઈ હતી.

૨૦૨૨માં અમિતાભ બચ્ચન સાથે આવેલી 'ગુડબાય'એ તેની બોલિવૂડની પહેલી ફિલ્મ હતી. ત્યાર બાદ ૨૦૨૩માં સિદ્ધાર્થ મલહોત્રા સાથે 'મિશન મજનૂ' આવી, પણ તે ફ્લોપ સાબિત થઈ. દક્ષિણની ફિલ્મોમાં તેલુગુ, તમિળ, કન્નડ ફિલ્મોમાં રશ્મિકા મંદાનાની ગણના એક ટોચની અભિનેત્રી તરીકે થાય છે અને ૨૦૧૬થી ફિલ્મોમાં પ્રવેશેલી રશ્મિકા મંદાના અત્યારે સાઉથની ફિલ્મોમાં સૌથી વધારે-તગડો ચેક મેળવનારી અભિનેત્રીઓમાં અવ્વલ છે.

વિજય દેવરકોંડા સાથે રશ્મિકાએ પહેલીવાર ૨૦૧૮માં 'ગીતા ગોવિંદમ્' ફિલ્મ કરી અને ૨૦૧૯માં 'ડિયર કોમરેડ' ફિલ્મ કરી ત્યારથી બંને એકબીજાનાં પ્રેમમાં છે અને હવે ૨૦૨૬માં રશ્મિકા અને વિજય દેવરકોંડા રાજસ્થાન-ઉદયપૂરમાં ડેસ્ટિનેશન વેડિંગ કરવાની તૈયારીમાં લાગ્યા છે.

દક્ષિણની કેટલીક ફિલ્મોમાં તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા. હિન્દી ફિલ્મોના ચાહકો તેને ૨૦૨૧માં અલ્લુ અર્જૂન સાથે આવેલી 'પુષ્પાઃ ધ રાઈઝ'થી ઓળખતા થયા. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ભરપૂર સફળતા મળી અને 'શ્રીવલ્લી' તરીકે રશ્મિકા મંદાના છવાઈ ગઈ. ત્યાર બાદ ૨૦૨૩માં રણબીર કપૂર સાથે આવેલી 'એનિમલ' ફિલ્મમાં તેને ભરપૂર સફળતા મળી અને તેની ગણના 'નેશનલ ક્રશ' તરીકે થવા લાગી.

'એનિમલ' પછી 'પુષ્પા-ટુ- ધ રૂલ'ને પણ બોક્સ ઓફિસ પર અપાર સફળતા મળી અને રશ્મિકા મંદાના હિન્દી ફિલ્મોમાં 'સેટ' થઈ ગઈ. 'પુષ્પા-ધ રૂલ'થી મળેલી સફળતા પછી રશ્મિકા મંદાનાને ફાળે સતત સફળતા જ આવી છે. ૨૦૨૫માં વિકી કૌશલ સાથેની 'છાવા' ફિલ્મે બોક્સઓફિસ પર અનેક વિક્રમ નોંધાવ્યા છે. આ ફિલ્મમાં રશ્મિકા મંદાનાએ 'મહારાણી યેશુબાઈ'ની ભૂમિકા ભજવી હતી. ત્યાર પછી આવી સલમાન ખાન સાથે 'સિકંદર' માં,જોકે આ ફિલ્મ બોક્સ ઓફિસ ગજાવી શકી નહોતી, પણ છતાંય તેની ગણના કમર્શિયલી હિટ ફિલ્મોમાં થાય છે.

૨૦૨૫માં જ ધનુષ સાથેની તેની ફિલ્મ 'કુબેરા' રિલીઝ થઈ. મૂળ તેલુગુ અને તમિળમાં બનેલી આ ફિલ્મમાં તેની 'બિન ગ્લેમરસ' ભૂમિકા જોઈને લોકો ચોંકી ઊઠ્યા હતા. આ ફિલ્મને હિન્દી સહિત બધી ભાષામાં સફળતા મળી હતી.

ત્યાર પછી આવી આયુષ્યમાન ખુરાના સાથેની 'હોરર કોમેડી' ફિલ્મ 'થમ્મા'. આ ફિલ્મમાં તાડકા-તારિકાની ભૂમિકામાં રશ્મિકા મંદાના પૂર્ણપણે છવાઈ ગઈ હતી. આ ફિલ્મમાં તેણે લોહીતરસી વેમ્પાયર-ડાકણની ભૂમિકા કરી હતી, અને અત્યારે તેની તેલુગુ ભાષી ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' બોક્સ ઓફિસ ગજાવી રહી છે.

આમ, એક પછી એક ડગલે ને પગલે સફળ ફિલ્મ આપનારી રશ્મિકા મંદાના અત્યારે સફળતાનો આનંદ માણી રહી છે. ટૂંક સમયમાં તેની તેલુગુ ફિલ્મ 'માપ્સા' અને હિન્દી ફિલ્મ 'કોકટેલ-ટુ' રજૂ થવાની છે. મોડેલિંગના વ્યવસાયમાંથી ફિલ્મોમાં ઝંપલાવનારી રશ્મિકા મંદાનાને સફળતા ખૂબ સંઘર્ષ પછી મળી છે, પણ સફળતાની સાથે જ તેને મનનો માણિગર વિજય દેવરકોંડા પણ મળી જતાં અત્યારે તે સાતમા આસમાને વિહરી રહી છે.

**OTTનું હોટસ્પોટ**

## ૨૨મી નવેમ્બરથી ૨૮મી નવેમ્બર સુધી... ટીવી પર શું શું જોવાલાયક છે?

* એમેઝોન પ્રાઈમ વીડિયોઃ

ઓટીટી પર 'કાંતારા-ચેપ્ટન વન' તેલુગુ, કન્નડ, તમિળ ભાષામાં તો રિલીઝ થઈ ચૂકી છે. પણ વિશ્વભરમાં ૮૦૦ કરોડ રૂપિયાથી વધુ કમાણી કરનારી આ ફિલ્મ હવે પ્રાઈમ વીડિયો પર ૨૭મી નવેમ્બરે જોઈ શકાશે. રિષભ શેટ્ટી દિગ્દર્શિત-અભિનીત આ ફિલ્મમાં તેની સાથે રૂકમણી વસંત, જયરામ, ગુલશન દેવૈયા અને પ્રશાંત શેટ્ટી જેવાં કલાકારો છે.

* નેટફ્લિક્સઃ

આ ઓટીટી ચેનલ પર કરણ જોહર નિર્મિત અને શશાંક ખેતાન દિગ્દર્શિત 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી' ફિલ્મ ૨૭મી નવેમ્બરે રજૂ થશે. તેમાં વરુણ ધવન, જાહ્નવી કપૂર, સાન્યા મલહોત્રા અને રોહિત શરાફ જેવાં કલાકારો છે. અત્યારે 'નેટફ્લિક્સ' પર યશ ચોપરા બેનરની ફિલ્મો રજૂ થઈ રહી છે. તેમાં ૨૮ નવેમ્બરે આખો દિવસ 'ધૂમ' સિરીઝની ફિલ્સ જોવા મળશે. તે દિવસે 'ધૂમ', 'ધૂમ-ટુ' અને 'ધૂમ-થ્રી' એક સાથે જોવાનો લહાવો લેવા જેવો છે. આ ફિલ્મોમાં અભિષેક બચ્ચન, ઉદય ચોપરા, બિપાશા બાસુ, ઐશ્વર્યા, હૃત્વિક રોશન, આમિર ખાન અને જહોન અબ્રાહમ જેવા કલાકારો જોવા મળશે.

આ સિવાય ૨૮ નવેમ્બરે એક અંગ્રેજી હોરર ફિલ્મ 'ફ્રેન્કેસ્ટાઈન' પણ જોઈ શકાશે.

* એમેઝોન-એમએક્સ પ્લેયરઃ

અહીં અત્યારે 'રોકી ઔર રાજા કી પ્રેમકહાની' , 'ફસ્ટ કોપી', 'જમના પાર', 'માય બોસ'- 'એવરીવન લવ્સ મી' 'સુરંગા', ઈત્યાદિ ફિલ્મ્સ અને સિરીઝો ધૂમ મચાવી રહી છે.

આ ઉપરાંત અહીં અત્યારે 'કૌન હોગા-આઈ પોપસ્ટાર'ની લોકપ્રિયતા ખૂબ જ છે. સિરીઝ 'ઈન્દ્રાણી-થ્રી અને અજય દેવગણ અભિનીત 'ભોલા' પણ આ ચેનલ પર લોકોને આકર્ષી રહી છે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

**આ શબ્દો કયા ગીતનાં મુખડા પહેલાં આવે છે. આ કઈ ફિલ્મનાં ગીત છે?**

૧) ગર ખુદા મુજસે કહે કુછ માંગ ઐ બંદે મેરે મૈં યે માંગુ મેહફિલો કે દૌર...

૨) મૈં યે નહીં કેહતી કી પ્યાર મત કરના કિસી મુસાફિર કા મગર...

૩) મારે હીવડે મેં પે ગયી રે કટાર રે કટાર રે મોરિયા અછો રે બોલ્યો રે ઢળતી...

૪) શબાબ પે મૈં ઝરા સી શરાબ ફેકુંગા કિસી હસી કી તરફ યે ગુલાબ ફેકુંગા...

૫) ઇન્સાન કિસી સે દુનિયા મેં એક બાર મહોબ્બત કરતા હૈ ઈસ...

૬) સચ્ચાઈ છુપ નહીં સકતી બનાવટ કે અસુલો સે કે ખુશ્બુ આ નહીં...

૭) આસમાન કી બાહો મેં ચાંદ અકેલા ઠેહરા થા હે રાત કી જવાની પે ચાંદની...

### ક્વિઝ (બ)

**આ હીરો અને હાસ્ય કલાકાર જોડીની કોઈ પણ એક ફિલ્મનું નામ જાણો છો?**

૧) સુનિલ દત્ત - મેહમુદ

૨) અમોલ પાલેકર - અસરાની

૩) ગોવિંદા - જોની લીવર

૪) અક્ષય કુમાર - રાજપાલ યાદવ

૫) ફારુખ શેખ - રાકેશ બેદી

૬) નસીરુદ્દીન શાહ - સતીશ શાહ

૭) સલમાન ખાન - લક્ષ્મીકાંત બેર્ડે

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# દિલીપ-દેવ-રાજના પ્રારંભ કાળની હીરોઈન્સ

## નિનુ મજુમદારે રાજ કપૂર પાસે ગીત ગવડાવ્યું એ ‘જેલ યાત્રા’ ફિલ્મમાં કામિની કૌશલએ મુખ્ય પાત્ર ભજવ્યું હતું





**કામિની કૌશલ...**

૧૯૪૬થી ૨૦૨૨ સુધીનો વિશાળ કેનવાસ.

ફિલ્મમેકર ચેતન આનંદ ઉમા કશ્યપના ભાઈનો મિત્ર હોવાથી ‘નીચા નગર’માં એ હીરોઈન બની અને પડદા પર કામિની કૌશલ નામ ધારણ કર્યું. એક સમયના અત્યંત લોકપ્રિય ફિલ્મ મેગેઝિન ‘ફિલ્મફેર’ના ૧૯૫૨ના પ્રથમ અંકના કવર પર કામિની કૌશલની તસ્વીર છપાઈ હતી એના પરથી એમની નામનાનો અંદાજ આવી જાય છે. ‘નીચા નગર’ (૧૯૪૬)ની હીરોઈનથી ‘કબીર સિંહ (૨૦૧૯ - શાહિદ કપૂરનાં દાદી) અને ‘લાલસિંહ ચઢ્ઢા’ (૨૦૨૨ - ટ્રેનમાં મુસાફરી કરતી વૃદ્ધ શીખ મહિલા) દરમિયાનના ૭૬ વર્ષમાં વિવિધ પાત્રો ભજવી રેટ રેસમાં જોડાયા વિના અભિનયનો આનંદ લીધો એમણે...

કામિની કૌશલ લાજવાબ અભિનેત્રી નહોતાં પણ તેમનાં પાત્રો દ્વારા સિને રસિકોના સ્મરણમાં રહેશે એ નક્કી છે. દિલીપ કુમારના નામે હજી એક જ હિટ ફિલ્મ બોલતી હતી અને દેવ આનંદ કે રાજ કપૂરને હજી નામના પણ નહોતી મળી એ સમયે કામિની કૌશલે દિલીપ - દેવ - રાજ સાથે યાદગાર જોડી જમાવી હતી. એક રસપ્રદ વાત એ પણ છે કે આપણા આદરણીય ગાયક - સંગીતકાર નીનુ મજુમદારે ‘જેલયાત્રા’ નામની ફિલ્મમાં રાજ કપૂરના સ્વરમાં એક ગીત રેકોર્ડ કર્યું હતું અને એ ફિલ્મનાં હીરોઈન કામિની કૌશલ હતાં. પ્રસ્તુત છે તેમની યાદગાર પાંચ ફિલ્મ.

**નીચા નગર (૧૯૪૬):**

ચેતન આનંદની આ ફિલ્મથી કામિની કૌશલે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પા પા પગલી ભરી હતી. ‘નીચા નગર’માં ઊંચા લોકો (આર્થિક સમૃદ્ધિ ધરાવતા લોકો) નીચા લોકો (આર્થિક રીતે પછાત)નું શોષણ કરે છે એના પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. ૧૯૪૬ના ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં સન્માન મેળવનારું ‘નીચા નગર’ પ્રથમ ભારતીય ચિત્રપટ હતું અને એની અભિનેત્રી કામિની કૌશલની પ્રશંસા કરવામાં આવી હતી. એમના પાત્રના મૃત્યુના સીનએ દર્શકો પર ખાસ્સો પ્રભાવ પાડ્યો હતો એવું એ વખતના અહેવાલ દ્વારા જાણવા મળે છે. ચિત્રપટ અને કથા સાથે ખુદ કામિનીજી એ હદે ઓતપ્રોત થઈ ગયા હતા કે ૨૦૧૩માં ભારતીય સિનેમાની શતાબ્દીની ઉજવણી વખતે ‘નીચા નગર’નો ઉલ્લેખ પણ નહોતો કરવામાં આવ્યો એ બાબતે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી : ‘મને બહુ દુ:ખ થયું, કારણ કે હવે મારી ઉંમર (એ સમયે એ ૮૬ વર્ષનાં હતાં) થઈ છે અને ૭૦ વર્ષ જૂની ફિલ્મ વિસરાઈ જાય એ સ્વાભાવિક છે.’

ઉલ્લેખ પણ ન થવાનું મુખ્ય કારણ એ હતું કે એ ફિલ્મ ભારતમાં રિલીઝ જ નહોતી કરવામાં આવી.

**આગ (૧૯૪૮):**

રાજ કપૂર હજી મોટા ગજાના એક્ટર ફિલ્મમેકર નહોતા બન્યા એ વખતની આ ફિલ્મ છે. ૧૯૪૭માં રાજ કપૂરની ચાર ફિલ્મ રિલીઝ થઈ હતી, પણ એ છવાઈ નહોતા ગયા. ‘આગ’ નિર્માતા - દિગ્દર્શક તરીકે રાજસાબની પહેલી ફિલ્મ હતી. ફિલ્મમાં કામિનીજી ‘મિસ નિર્મલા’ના સપોર્ટિંગ રોલમાં હતાં, છતાં એ ભૂમિકામાં પણ દર્શકો પર પ્રભાવ પાડવામાં સફળ રહ્યાં હતાં. વર્ષો પછી રાજ કપૂરે ‘આગ’ની કથા તાત્ત્વિક રીતે આગળ વધારવા ‘સત્યમ શિવમ સુન્દરમ’ બનાવી ત્યારે જૂના જોગીઓએ ‘આગ’ના કામિની કૌશલના પાત્રને યાદ કર્યું હતું.

**શહીદ (૧૯૪૮):**

દિલીપ કુમાર - કામિની કૌશલની હીરો - હીરોઈન તરીકે પહેલી ફિલ્મ. આ ફિલ્મ કામિનીજીના વ્યાવસાયિક અને અંગત જીવનમાં મહત્ત્વ ધરાવે છે. દેશની સ્વાતંત્ર્ય લડતને કેન્દ્રમાં રાખી બનેલા આ ચિત્રપટમાં દિલીપ સાબ સ્વાતંત્ર્યવીર રામના પાત્રમાં છે, જ્યારે કામિની કૌશલ શીલાના પાત્રમાં છે જેના સ્નેહ પ્રત્યે રામ ઢળી જાય છે. ફિલ્મમાં બંને એક્ટર વચ્ચેની કેમેસ્ટ્રી દર્શકોને અપીલ કરી ગઈ હતી. ફિલ્મની સફળતાને પગલે દિલીપ કુમારના પગ એક અચ્છા અદાકાર તરીકે જામી ગયા અને કામિની કૌશલને પણ સ્ટાર સ્ટેટસ મળી ગયું. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન દિલીપ કુમાર અને કામિની કૌશલ વચ્ચે પ્રેમના અંકુર ફૂટ્યા હતા. જોકે, એ સમયે કામિનીજી પોતાની બહેનના અવસાન પછી બનેવીને પરણી ગયાં હતાં. એ પ્રેમ પાગલ નહોતો અને સમજદારી દેખાડી બંનેએ એકબીજાને આવજો કરી દીધું. રસપ્રદ વાત તો એ હતી કે કામિનીજીના પતિ એ રિલેશનથી વાકેફ હતા, પણ પોતાની પત્ની કેમ પ્રેમમાં પડી એ સમજી શક્યા હતા એવો ખુલાસો ખુદ કામિનીજીએ જ એક ઈન્ટરવ્યૂમાં કર્યો હતો.

**ઝિદ્દી (૧૯૪૮):**

ધરમદેવ પિશોરીમલ આનંદએ હજી એવરગ્રીન હેન્ડસમ એક્ટરના વાઘા ધારણ નહોતા કર્યા એ વખતની આ ફિલ્મ છે. ‘હમ એક હૈં’ અને અન્ય બે આવતાની સાથે વિસરાઈ ગયેલી ફિલ્મ કરનારા એક્ટરની આ પ્રથમ હિટ ફિલ્મ હતી. ફિલ્મમાં કામિની કૌશલનું પાત્ર આશા પૂરણ (દેવ આનંદ)ના ગળાડૂબ પ્રેમમાં છે, પણ જાલિમ સંજોગો તેમને વિખૂટા પાડે છે અને વાર્તામાં લાગણી અને નાટ્ય તત્ત્વ છલકાય છે. ફિલ્મની પ્રશંસા કરનારાઓએ કામિની કૌશલની અદાકારીની પ્રશંસા કરી એમને રોલ મોડલ લેખાવ્યા હતાં. અભિનેત્રીની પ્રતિભાને વધુ એક સર્ટિફિકેટ મળી ગયું.

**બિરાજ બહુ (૧૯૫૪):**

શરદબાબુ - શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર નવલકથા ‘દેવદાસ’ જન્મી એના ત્રણ વર્ષ પહેલા ‘બિરાજ બહુ’ નવલકથા લખાઈ હતી. નામાંકિત ફિલ્મમેકર બિમલ રોયએ હિન્દીમાં ‘દેવદાસ’ બનાવી એના એક વર્ષ પહેલા ‘બિરાજ બહુ’ ફિલ્મ બનાવી હતી. ટિપિકલ બંગાળી ગૃહિણીના પાત્ર માટે બિમલદા મધુબાલાને લેવા માગતા હતા પણ ત્યારે એના નામના સિક્કા પડતા હોવાથી એ તગડી ફી માગશે એવી આશંકાના કારણે કામિની કૌશલની વરણી કરી હતી. મધુબાલાને જ્યારે આખી વાતની જાણ થઈ ત્યારે એક બહુ જ મહત્ત્વની ફિલ્મ ગુમાવી હોવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો. ડિરેક્ટરના કહેવાથી શૂટિંગ શરૂ કરવા પૂર્વે આ નવલકથા પોતે વીસેક વાર વાંચી હોવાનો ખુલાસો કામિનીજીએ એક ઈન્ટરવ્યૂમાં કર્યો હતો. ગરીબીમાં જીવતી અને કામ કરી પતિને આર્થિક મદદ કરતી બિરાજ (કામિની કૌશલ) પર લટ્ટુ થયેલો જમીનદાર દેવધર (પ્રાણ) એનું અપહરણ કરી જાય છે. બિરાજના પાત્રમાં કામિની છવાઈ ગયાં હતાં. દુ:ખ, પીડા, ક્રોધ અને આંચકો એ બધી લાગણીઓ કામિની કૌશલે આબાદ રીતે પડદા પર રજૂ કરી હતી અને એ અભિનયથી જ ફિલ્મ પ્રભાવી સાબિત થઈ હતી. અનેક લોકોના અભિપ્રાય અનુસાર કામિનીજીની આ સર્વોત્તમ ફિલ્મ હતી. તેમને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા


## ‘યશરાજ’ એ બધા ‘જાસૂસ’ જોબલેસ થશે?



આદિત્ય ચોપરા

મારી મચડીને શરૂ કરેલું કોઇ પણ કાર્ય ફળ આપતું નથી. ના,ના... આવું ભગવાન કૃષ્ણે ગીતામાં નથી કહ્યું. આ તો ‘યશરાજ’ ના ‘સ્પાય યુનિવર્સ’ની માઠી બેસેલી દશા જોઇને આ વાક્ય આપોઆપ લખાઈ ગયું. થયું ! એવું છે કે ‘ટાઈગર’, ‘ટાઈગર ઝિંદા હૈ’, ‘વોર’ જેવી ત્રણ ફિલ્મ ‘યશરાજે’ બનાવી. ત્રણેય સારી ચાલી. ત્રણેય ફિલ્મમાં ભારત માટે જાસૂસી કરતાં જાસૂસોની વાત કોમન હતી. એ પછી આદિત્ય ચોપરાને જાણેકે કોઈ મહાન આઈડિયા આવ્યો હોય એમ તેમણે નક્કી કર્યું કે એ આ ત્રણેય ફિલ્મોને સાંકળીને અને એમાં નવા જાસૂસો ઉમેરીને ‘સ્પાય યુનિવર્સ’ની એક અલગ દુકાન ખોલવી. આ યુનિવર્સની જાહેરાત કર્યા બાદ પહેલી ફિલ્મ બની ‘પઠાન’. શાહરુખ ખાનની ‘કમબેક’ જેવી આ ફિલ્મે બોક્સઓફિસ પર ધમાકો કર્યો તો ચોપરા સાહેબને લાગ્યું કે આપણો દાવ ચાલી ગયો, પણ એમ આપણું ઓડિયન્સ નિર્દોષ તો છે નહીં. એટલે પછી ‘ટાઈગર-૩’ને એણે બહુ સારો ન કહેવાય એવો રિસ્પોન્સ આપ્યો. ચોપરા સાહેબ હજી કાંઈ સમજે એ પહેલાં ઓડિયન્સે ‘વોર-૨’ને ઊંધેકાંધ પછાડી. આ ફિલ્મનો લોસ કહેવાય છે કે ‘યશરાજ’ને જે ‘ઠગ્સ ઓફ હિન્દુસ્તાન’માં થયો હતો એના જેટલો જ થયો છે. એનીવેઝ, ‘વોર-૨’ની આ નુકસાની પછી ચોપરા સાહેબ સફાળા જાગ્યા છે અને જાણવા મળ્યું છે કે એ બહુ જલ્દીથી આ ‘સ્પાય યુનિવર્સ’ની દુકાન બંધ કરી દેવાના છે. આ યુનિવર્સની આગલી ફિલ્મ ‘આલ્ફા’નું શૂટિંગ રોકી દેવામાં આવ્યું હોવાના પણ સમાચાર માર્કેટમાં ફરી રહ્યા છે.

## એક હીરો... આઠ વેનિટી વાન!



રણબીર કપૂર

આમ તો, આ સત્ય એક પોડકાસ્ટમાં ડાયરેક્ટર સંજય ગુપ્તા અગાઉ જણાવી જ ચૂક્યા છે, પરંતુ જબરા અભિનેતા પીયૂષ મિશ્રાએ આ વાતમાં એક પોઝિટિવ વાત પણ ઉમેરી છે. આ કારણે જ તે ‘ન્યૂઝ વર્ધી’ બની છે. એક ફૂડ વ્લોગર સાથેનાં પોડકાસ્ટમાં પિયૂષ મિશ્રાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આજનાં અમુક ‘સ્ટાર્સ’ હવામાં ઉડે છે. આઠ અલગ અલગ વેનિટી વાન લઈને સેટ ઉપર આવે છે. એમની કૂલ ૧૪ લોકોની ટીમ હોય છે. ઔર અભી તો રૂકો! પિયૂષ મિશ્રાએ એ પણ ઘટસ્ફોટ કર્યો છે કે એક ‘સ્ટાર કલાકારે’ તો ફક્ત પોતાને પાણી પીવડાવવા માટે ખાસ વ્યક્તિ રાખ્યો છે.

પેલી આઠ અલગ અલગ વેનિટી વિશે સંજય ગુપ્તાએ એ વાત કરી હતી કે એ ‘સ્ટાર’ પોતાનાં રોજિંદા કાર્ય જેવાં કે, નહાવું, જીમ જવું, સ્પા કરવું, નાસ્તો કરવો-જમવું, આરામ કરવો વગેરે આ જુદી-જુદી વેનિટીમાં કરે છે. ચાલો, એ સ્ટારને પડતો મૂકીએ તો, પિયૂષ મિશ્રાએ એક હકારાત્મક વાત પણ કરી છે. અને આ હકીકત રણબીર કપૂરને લગતી છે.

પિયૂષજી કહે છે, ‘આ બધા વચ્ચે રણબીર તો ગજબ છે. એ (અન્યોની માફક) બાળકબુદ્ધિ નથી ધરાવતો. એને ખબર છે કે એ મોટો સ્ટાર છે તો પણ હવામાં નથી ઉડતો. એ મને સહુથી ગમતો કલાકાર છે.’ ટૂંકમાં પીયૂષ મિશ્રાની વાત પરથી એ તો સાબિત થાય છે કે ‘સ્ટાર’ હોવું અને ‘હું સ્ટાર છું’ એવું દેખાડવું એ બન્ને અલગ અલગ વાત છે.

## નહીંઈઈઈ... યે નહીં હો સકતા!



અરબાઝ ખાન

આગળ જેમ ‘યશરાજ’ના ચોપરા સાહેબની વાત કરી એવું જ કશુંક આજકાલ એક ખાન સાહેબનાં મનમાં પણ ચાલી રહ્યું છે. આ ખાન સાહેબ એટલે અરબાઝ ખાન. ‘દબંગ’ ફ્રેન્ચાઇઝી વિશે કોણ નથી જાણતું? એનાં પહેલાં બે ભાગ સુપરડુપર હીટ ગયાં હતાં, પરંતુ ત્રીજા ભાગે દાટ વાળી દીધો. એ ભાગ કેટલો તો અસહ્ય હતો કે વાત જ ન પૂછો.

અરબાઝે તો ચોપરા સાહેબનો પેલો ઓવર કોન્ફિડન્સ જાણે ઉધાર લઇ લીધો છે. અરબાઝ ખાને હાલમાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે ‘દબંગ-૪’ પાઈપલાઈનમાં છે (ઓહ નો!). જોકે એણે આપણને કામચલાઉ શાંતિ આપતાં જણાવ્યું છે કે એમને આ ચોથો ભાગ બનાવવાની કોઈ જ ઉતાવળ નથી (હાશ!). આ ફિલ્મ ક્યારે શરૂ કરવી એ સલમાન નક્કી કરશે, પણ અમે ચોથો ભાગ બનાવીશું તો ખરા જ!

ભલે ચુલબુલ પાંડેનું પાત્ર આઇકોનિક બની ગયું હોય (એનાં પહેલાં બે ભાગને કારણે) પરંતુ હવે ‘દબંગ’ ફ્રેન્ચાઈઝીમાં કોઈ રસ રહ્યો નથી. આમ છતાં ચોથા ભાગનો ઉધમ શા માટે કરવાનો એ અરબાઝ મિયાંને કેમ સમજાતું નથી? વાસ્તવિકતા એ છે કે સલમાનની છેલ્લી અમુક ફિલ્મો બોક્સઓફિસ પર રિજીઓનલ ફિલ્મો કરતાં પણ ઓછો ધંધો કર્યો છે! આવા સંજોગોમાં આવી ‘દબંગાઈ’ ક્યાંક આ છોટે ખાન સાહેબને ભારે ન પડે! ■

**કટ એન્ડ ઓકે..**




*‘એ તો કાચિંડો છે!’*

*‘ધુરંધર’નું ટ્રેલર જોયા બાદ દીપિકા પદુકોણની રણવીરસિંહ અંગેની પ્રતિક્રિયા.*

ફિલ્મનામા

નરેશ શાહ

# રાજકારણમાં બધું ચાલે, પણ સિનેમામાં રાજકારણીઓ નથી ચાલતાં!

**અતિશયોક્તિ** ધરાવતાં આ સ્ટેટમેન્ટ પાછળની વાસ્તવિકતા બિલકુલ નથી!

અનુરાગ કશ્યપનું નામ વજનદાર ગણાય છે હિન્દી ફિલ્મોની દુનિયામાં પણ થિયેટરમાં રિલીઝ થઇને ગયા અઠવાડિયે ઓટીટી પ્લેટફોર્મ પર મુકાઇ ગયેલી ‘નિશાનચી’ ફિલ્મ બોક્સ ઓફિસ પર તો ભપ થઇ ગયેલી અને ઓટીટી પર પણ બહુ જોવાય એવી શકયતા નથી, કારણકે મૂળે ફિલ્મ જ નબળી તેમ જ બેતુકી છે. આ ‘નિશાનચી’ ફિલ્મમાં ટાઇટલ રોલ ઐશ્વરી ઠાકરેએ કર્યો છે. આ ઐશ્વરી ઠાકરે એટલે મહારાષ્ટ્રના પ્રતિષ્ઠિત ‘ઠાકરે ફેમિલી’નું ફરજંદ. બાલાસાહેબ ઠાકરેનો એ પ્રપૌત્ર અને જયદેવ ઠાકરે-સ્મિતા ઠાકરેનો સુપુત્ર. અનુરાગ કશ્યપ જેવા ડિરેકટરની ફિલ્મમાં ટાઇટલ રોલ (અને એ પણ ડબલ રોલ) કરવા મળે એ કંઇ નાનીસૂની વાત ન ગણાય, પણ ‘નિશાનચી’ ફિલ્મ પછી ઐશ્વરી ઠાકરેનું નામ પણ નિષ્ફળ ‘પોલિટિકલ સન’ (સ્ટાર સનની જેમ) તરીકે દર્જ થઇ ગયું છે. ભવિષ્યમાં ભાઇ ઐશ્વરી ઠાકરે અભિનય ક્ષેત્રે મોટો મીર મારી શકશે કે કેમ, એ તો સમય જ સાબિત કરશે, પણ બોલિવૂડમાં રાજકારણીઓનાં સંતાનો બહુ સફળ થયા નથી. સોય ઝાટકીને કહી શકાય કે વધારે નિષ્ફળ જ ગયા છે.



આયુષ શર્મા



ચિરાગ પાસવાન



મનિષા કોઈરાલા



રિતેશ દેશમુખ



શર્વરી વાઘ



વીર પહાડિયા

મુંબઇ-ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં ‘નેપોકિડ’ અને ‘નેપોટિઝમ’નો મુદ્દો છેલ્લાં બે દશકાથી સતત ચર્ચાતો રહ્યો છે અને આ અંગારા પર તેલ રેડવાનું સૌથી વધુ કામ કંગના રનોતે કર્યું છે, પરંતુ આપણો મુદ્દો ‘સ્ટાર-કિડ’ નથી, અભિનયના અજવાળાં પાથરવા આવેલા ‘પોલિટિશ્યન-કિડ’ છે. રાજકારણીઓનાં સંતાનો ફિલ્મમાં ખાસ કશું ઉકાળી શકયા નથી. (સામા પક્ષે સચ્ચાઇ એ છે કે ફિલ્મસ્ટારો રાજકારણમાં ખાસ્સા એવા સફળ થયા છે પણ એ અલગ મુદ્દો છે). તરત યાદ કરવા જેવું નામ ચિરાગ (રામવિલાસ) પાસવાનનું છે. આ ભાઇસાહેબ મોટા ઉપાડે ‘મિલે ના મિલે હમ’ (૨૦૧૧) ફિલ્મથી હીરો તરીકે છવાઇ જવા આવ્યા હતા પણ એવા ઊંધા માથે પછડાયા કે પિતાના પગલે રાજકારણમાં પાછા ચાલ્યા ગયા. મજા તો એ છે કે ‘નેપોટિઝમ’નામનો સૌથી મોટો ગોકિરો કરનારી કંગના રનોત જ ચિરાગ પાસવાનની ફિલ્મની હીરોઇન હતી.

ચિરાગ પાસવાન પછી પણ રાજનેતાઓના પુત્ર-પૌત્રો-પુત્રી હિન્દી સિનેમામાં અભિનયનો એકડો ઘૂંટવા આવ્યા છે પણ કોઇનો કક્કો ચાલ્યો નથી. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અને સંસદસભ્ય મનોહર જોશીની ૨૮ વર્ષીય ગ્રાન્ડ ડોટર શર્વરી વાઘની તો પ્રથમ ફિલ્મ ‘યશરાજ’ બેનરની ‘બંટી ઔર બબલી-ટૂ’ (૨૦૨૧) હતી પણ એ પછી શર્વરીએ શું ઉકાળ્યું એ જાણવા માટે તમારે ગૂગલફૈબાને પૂછવા જવું પડે તેવી સ્થિતિ છે. હવે તેની આલિયા ભટ્ટ સાથેની ‘આલ્ફા’ આવશે, તેનો કેટલો ફાયદો શર્વરી વાઘને થશે એ જોવાનું રહ્યું, કારણ કે મોટું બેનર કે મોટો સ્ટાર હોય તો પણ તમારી અભિનયની ‘દુકાન’ ચાલી જાય એવું કોઇ પતરે કોતરાયેલું સત્ય નથી, નહીંતર અક્ષયકુમાર સાથે ‘સ્કાયફોર્સ’ ફિલ્મમાં ડેબ્યુ કરનારા વીર પહાડિયાની અત્યારે ચોમેર વાહવાહ થતી હોય, પણ ફિલ્મ અને વીર પહાડિયા બન્ને ફલોપ જ રહ્યાં. આ વીર પહાડિયા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી સુશીલકુમાર શિંદેના પૌત્ર છે. આવા જ બેડલક (બીજું શું કહેવું?) હિમાચલ પ્રદેશના કોંગ્રેસી નેતા સુખરાવના પૌત્ર આયુષ શર્માના થયા છે. ભાઇ આયુષ શર્માના તો સુપરસ્ટાર સલમાન ખાનના જીજાજીને ‘હીરો’ બનાવવા ફિલ્મ પણ બનાવી અને સાથે એક્ટિંગ પણ કરી આપી છતાં આયુષ શર્મા નથી ચાલ્યો એ હકીકત છે.

રાજકારણીઓનાં સંતાનોના ફિલ્મ કનેકશન તપાસીએ તો નાનકડું અને રાહતરૂપ નામ એક જ મળે છે: અભિમન્યુ સિંહ, મધ્ય પ્રદેશના દિગ્ગજ કોંગ્રેસી અર્જુન સિંહ (ના પુત્ર અજયસિંહનો દીકરો) ના પૌત્ર અભિમન્યુ સિંહે ૨૦૦૯થી હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી કરીને ‘આયેશા’, ‘યે સાલી ઝીંદગી’, ‘જિસ્મ-૨’, ‘બ્લેકમેલ’ જેવી ફિલ્મો તેમ જ ‘કાલી કાલી આંખે’ જેવી વેબસિરીઝ તેમનાં નામે બોલે છે. બેશક, અભિમન્યુ સિંહ એક સારા અભિનેતા તરીકેની નામના કમાયા છે, પરંતુ આજેય એ સાવ સેલેબલ કે સફળ સ્ટાર નથી બની શક્યો.

સફળ અને કંઈક અંશે સેલેબલ કેટેગરીમાં મૂકી શકાય તેવું એક જ નામ ઊડીને આંખે વળગે એવી હીરોઈન છે: મનિષા કોઈરાલા.

નેપાળના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી બિશેશ્વર કોઈરાલાના સંસદસભ્ય રહેલાં પુત્ર પ્રકાશ કોઈરાલાની પુત્રી મનિષાએ ૧૯૮૯માં સૌથી પહેલી નેપાળી ફિલ્મમાં કામ કરેલું, પણ ૧૯૯૧માં આવેલી સુભાષ ઘઈની ‘સૌદાગર’થી તેણે બોલિવૂડમાં એન્ટ્રી લીધી અને પછી તો ‘પ્રથમ પાંચમાં’ પૂછાઈ તેવી સફળતા મનિષા કોઈરાલાએ મેળવી હતી, પરંતુ મનિષા કોઈરાલાના નાના ભાઈ સિદ્ધાર્થ કોઈરાલા પણ અભિનય ક્ષેત્રમાં આવ્યા અને પાંચ-છ ફિલ્મોમાં અભિનય પણ કર્યો, પરંતુ એ તમામ ફિલ્મો એવી છે (પૈસા વસૂલ, દેખ ભાઈ દેખ, દેશદ્રોહી-૨, મેઘા) જે આપણે ક્યારેય જોઈ નથી. મતલબ એક જ થયો: રાજકારણમાં બધું ચાલે પણ સિનેમામાં રાજકારણીઓ (કે તેના વારસદારો) નથી ચાલતા!

હા, આ બધા વચ્ચે એક નામ એવું છે, જે હિન્દી અને મરાઠી સફળ ફલોપ ફિલ્મ્સ વચ્ચે હજુ પણ પોતાની ‘દુકાન’ સાચવીને બેઠો છે એ છે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય મંત્રી વિલાસ રાવ દેસમુખનો ચિરંજીવ રિતેશ દેશમુખ! ■

# સ્મૃતિ મંધાનાનાં લગ્ન નજીક આવી ગયાં

## જેમિમા અને બીજી ખેલાડીઓ સાથે પ્રી-વેડિંગ ઈવેન્ટમાં ખૂબ ડાન્સ કર્યો



મુંબઈઃ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં બીજી નવેમ્બરે ભારતની મહિલા ક્રિકેટરોએ પહેલી જ વખત વર્લ્ડ કપ ટ્રોફી જીતીને નવો ઇતિહાસ રચ્યો ત્યાર બાદ હવે ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના જિંદગીમાં નવી ઇનિંગ્સ શરૂ કરવાની તૈયારીમાં છે. આ અઠવાડિયે તેનાં લગ્ન છે. ભારતીય ટીમની આ સ્ટાઇલિશ લેફ્ટ-હૅન્ડ બૅટર જાણીતા મ્યુઝિક કમ્પોઝર અને ડિરેક્ટર પલાશ મુચ્છલ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ રહી છે.

સ્મૃતિ મંધાનાએ ગુરુવારે ફેમસ ગીતોની ધૂન પર વર્લ્ડ ચૅમ્પિયન ટીમની ખેલાડીઓ (જેમિમા રૉડ્રિગ્સ, રાધા યાદવ વગેરે) સાથે ડાન્સ કરીને વાજતેગાજતે પ્રી-વેડિંગ ઇવેન્ટ માણી હતી. સ્મૃતિએ એન્ગેજમેન્ટ રિંગ પણ બતાવીને ચાહકોને સંકેત આપી દીધો હતો કે તે હવે ગણતરીના કલાકોમાં સિંગલમાંથી ડબલ થવા જઈ રહી છે. ડાન્સની ઇવેન્ટમાં પછીથી હરમનપ્રીત કૌર, શેફાલી વર્મા, રિચા ઘોષ, દીપ્તિ શર્મા, પૂજા વસ્ત્રાકર, સ્નેહ રાણા, અમનજોત કૌર, રેણુકા સિંહ ઠાકુર વગેરે ખેલાડીઓ પણ જોડાઈ હતી.

### જેમિમા બિગ બૅશ છોડીને આવી

વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં અણનમ ૧૨૭ રન કરનાર જેમિમા રૉડ્રિગ્સ મુંબઈ આવી ગઈ છે અને સ્મૃતિનાં લગ્ન બાદ પાછી ઑસ્ટ્રેલિયા જશે. તેણે સ્મૃતિના લગ્ન માટે મહિલાઓ માટેની બિગ બૅશમાંથી થોડા દિવસનો બ્રેક લીધો છે. આ વિશે તેણે અગાઉથી જ પોતાના ફ્રેન્ચાઇઝીને જાણ કરી દીધી હતી.

### લગ્ન ક્યારે અને ક્યાં

સ્મૃતિ-પલાશના લગ્નની જે કંકોત્રી મીડિયામાં વાઇરલ થઈ છે એ મુજબ તેમના લગ્ન રવિવાર, ૨૩મી નવેમ્બરે સાંગલીમાં યોજાશે. એ સાથે, ક્રિકેટ-સંગીતનું મધુર મિલન થશે. બન્નેના પરિવારો લગ્નની તૈયારીમાં ખૂબ વ્યસ્ત છે. ■

# હાર્દિક-માહિકાએ સગાઈ કરી લીધી?



વડોદરાઃ ટીમ ઇન્ડિયાના ટોચના ઑલરાઉન્ડરોમાં ગણાતો અને ભારતને ઘણી મૅચો જિતાડીને ગુજરાતી સમાજને તથા ગુજરાત રાજ્યને ગૌરવ અપાવનાર હાર્દિક પંડ્યા થોડા મહિનાઓથી પગની ઈજાને કારણે મેદાનથી દૂર છે અને એવું કહેવાય છે કે તે સાઉથ આફ્રિકા સામેની આગામી વન-ડે સિરીઝમાં પણ નથી રમવાનો, પરંતુ તેના ચાહકોને નવાઈ પમાડે એવી એક વાત એવી છે કે તેણે અને ગર્લફ્રેન્ડ માહિકા શર્માએ સગાઈ કરી લીધી હોવાનું મનાય છે.

મૉડેલ, ઍક્ટ્રેસ અને બ્યુટી ક્વીનની સ્પર્ધા જીતી ચૂકેલી માહિકા શર્માની સોશ્યલ મીડિયા પરની લેટેસ્ટ પોસ્ટના ફોટોમાં તે સીક્રેટ એન્ગેજમેન્ટ રિંગ સાથે જોવા મળતાં એવી અફવા ઊડી છે કે હાર્દિક સાથે તેની સગાઈ થઈ ગઈ છે. ■

# બૉક્સિંગમાં ભારતનો સપાટોઃ છ મહિલા સહિત આઠ બૉક્સર બન્યા વર્લ્ડ ચૅમ્પિયન

### ▶ છમાંથી પાંચ મહિલા બૉક્સર ૫-૦થી જીતી



છમાંની બે ગોલ્ડન ગર્લ્સ નૂપુર અને અરુંધતી

ગ્રેટર નોઇડાઃ અહીં વર્લ્ડ બૉક્સિંગમાં ભારતની છ મહિલા મુક્કાબાજ પોતાના વર્ગમાં ફાઇનલ જીતીને વર્લ્ડ ચૅમ્પિયન બની છે. એમાં નિખત ઝરીન (૫૧ કિલો વર્ગ), મિનાક્ષી હૂડા (૪૮ કિલો), પ્રીતિ પવાર (૫૪ કિલો), અરુંધતી ચૌધરી (૭૦ કિલો), નૂપુર શેઓરન (૮૦+ કિલો) તથા જૈસમીન લંબોરિયા (૫૭ કિલો)નો સમાવેશ છે. આ તમામ બૉક્સરોએ વિશ્વ વિજેતા બનીને દેશનું નામ રોશન કર્યું છે. તેમના ઉપરાંત બે પુરુષ બૉક્સર સચિન સિવાચ અને હિતેશ ગુલિયા પણ વિશ્વ વિજેતા બન્યા છે.

ભારતની આ તમામ છ મહિલા તથા બે પુરુષ બૉક્સર પોતપોતાના વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યા અને ભારત માટે ગુરુવાર, ૨૦મી નવેમ્બરનો દિવસ યાદગાર અને ઐતિહાસિક બનાવ્યો હતો.

ગ્રેટર નોઇડાના વિજય સિંહ પથિક સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં ભારતની છ મહિલા અને બે પુરુષ બૉક્સરે તિરંગો લહેરાવ્યો છે. તેમણે રોમાંચક ફાઇનલમાં આસાન જીત મેળવી હતી.

ફાઇનલમાં મિનાક્ષી હૂડાએ ઉઝબેકિસ્તાનની ફૉજિલોવા ફારજોનાને ૫-૦થી પરાસ્ત કરી હતી. પ્રીતિ પવારે નિર્ણાયક મુકાબલામાં ઇટલીની સિરીન ચારાબીને ૫-૦થી પરાજિત કરી હતી. અરુંધતી ચૌધરીએ ફાઇનલમાં ઉઝબેકિસ્તાનની જૉકિરોવા અજિજાને ૫-૦થી હરાવી હતી. નૂપુરે પણ ઉઝબેકિસ્તાનની સૉટિમ્બોએવા ઑલ્ટિનૉયને ૫-૦થી પરાજિત કરી હતી, જ્યારે નિખત ઝરીને તાઇપેઇની જુઆન યી ગુઓને ૫-૦થી હરાવી દીધી હતી. નિખત પાંચમી વાર વર્લ્ડ ચૅમ્પિયન બની છે. જૈસમીન લંબોરિયાનો ૫૭ કિલો વર્ગમાં તાઇપેઇની વુ શી સામે ૪-૧થી વિજય થયો હતો. પુરુષોમાં સચિન સિવાચે ૬૦ કિલો વર્ગમાં પૅરિસ ઑલિમ્પિક્સના સિલ્વર મેડલિસ્ટ કીર્ગિઝસ્તાનના મુનારબેક ઉલુને અને હિતેશ ગુલિયાએ ૭૦ કિલો વર્ગમાં કઝાખસ્તાનના મુર્સલ નુર્બેકને પરાજિત કરીને વર્લ્ડ ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું. ■

# ગિલ બીજી ટેસ્ટમાં નહીં રમે

ગુવાહાટીઃ ભારતના ટેસ્ટ-સુકાની શુભમન ગિલને ગરદનની ઈજામાંથી હજી પૂર્ણપણે મુક્તિ નથી મળી એટલે તે શનિવારે ગુવાહાટીમાં શરૂ થનારી સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટમાં નહીં રમે. ડૉક્ટરે તેને વધુ આરામ કરવાની સલાહ આપી છે. ■

# આજથી ઍશિઝ સિરીઝ

પર્થઃ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજે (સવારે ૭.૫૦ વાગ્યાથી) ઍશિઝ સિરીઝની પ્રથમ ટેસ્ટ શરૂ થશે. સ્ટીવ સ્મિથ આ મૅચમાં યજમાન ટીમનો કૅપ્ટન છે. બેન સ્ટોક્સ ઇંગ્લૅન્ડની ટીમનું નેતૃત્વ સંભાળશે. ■

# બસ; ગંભીરનો જ વાંક કાઢવો છે, નિષ્ફળ બૅટ્સમૅન અને બોલર વિશે કેમ કોઈ બોલતું નથી?: સિતાંશુ કોટક

### ▶ ટીમ ઈન્ડિયાના ગુજરાતી બૅટિંગ-કોચે હેડ-કોચના મુદ્દે ચોંકાવનારાં નિવેદનો આપ્યાં!

ગુવાહાટીઃ સાઉથ આફ્રિકા સામે રવિવારે કોલકાતામાં ત્રીજા જ દિવસે ભારતની ટીમ પ્રથમ ટેસ્ટ હારી ગઈ એને પગલે હેડ-કોચ ગૌતમ ગંભીરને નિશાન બનાવતી જે ટીકાઓ થઈ રહી છે એ જાણીને ટીમના બૅટિંગ-કોચ સિતાંશુ કોટક ગુસ્સે થયા છે અને તેમનું માનવું છે કે આ હાર બદલ અમુક સ્થાપિત હિતો ગંભીર સામે આંગળી ચીંધી રહ્યા છે.

ભારતે એ મૅચમાં ૩૦ રનની સરસાઈ લીધી હતી, પણ છેવટે ૩૦ રનના મામૂલી માર્જિનથી ભારતનો પરાજય થયો હતો અને સાઉથ આફ્રિકાએ બે મૅચની સિરીઝમાં ૧-૦થી અપરાજિત સરસાઈ મેળવી લીધી હતી. ઈડન ગાર્ડન્સની ટર્નિંગ પિચ પર ભારતના સ્પિનર્સ તેમ જ બુમરાહ અને સિરાજ સફળ રહ્યા હતા, પરંતુ સાઉથ આફ્રિકાના ખાસ કરીને સ્પિનર્સ સામે સારું રમવામાં ભારતીય બૅટ્સમેનો નિષ્ફળ ગયા હતા. મૅચમાં કુલ આઠ વિકેટ લેનાર સ્પિનર સાઇમન હાર્મરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.




સિતાંશુ કોટક

છેલ્લા એક વર્ષમાં ઘરઆંગણે ભારતીય ટીમ છમાંથી ચાર ટેસ્ટ હારી છે. સિતાંશુ કોટક ૫૩ વર્ષના છે. તેઓ સૌરાષ્ટ્ર વતી ૧૩૦ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યા હતા. કોટકે શનિવારે શરૂ થતી બીજી ટેસ્ટ પહેલાંની પત્રકારો સાથેની મુલાકાતમાં કહ્યું, 'ગૌતમ ગંભીર, ગૌતમ ગંભીર. બસ, તેમની ટીકા થઈ રહી છે. હું એ માટે કહી રહ્યો છું કારણકે હું તેમના સ્ટાફમાં છું અને તેમના વિશે જે કંઈ કહેવામાં આવી રહ્યું છે એનાથી મને દુઃખ પણ થઈ રહ્યું છે. તેમના વિશેની કમેન્ટ ઠીક ન કહેવાય. ક્યારેક ટીકા ખાસ પ્રકારના લોકો દ્વારા જ કરવામાં આવતી હોય છે. બની શકે કે આવા લોકો એક ખાસ હેતુસર જ તેમની ટીકા કરી રહ્યા હોય. એવા લોકોને ગુડલક. જે કંઈ કહેવાઈ રહ્યું છે એ સારું ન કહેવાય.'

ભૂતપૂર્વ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન કોટકે બૅટિંગમાં થયેલા ધબડકાને કારણે હારી ગયા એવું જણાવીને કહ્યું છે કે 'મને નવાઈ એ વાતની છે કે પેલા બૅટ્સમૅને ખોટું કર્યું અને પેલા બોલરે નબળું પર્ફોર્મ કર્યું એવું તો કોઈ બોલતા જ નથી. બૅટિંગમાં ફરી આવું ન થાય એ માટે આપણે શું કરવું એની વાત તો કોઈ કરતું જ નથી. બસ, ગંભીરને દોષી ગણાવ્યા કરે છે. તેમણે (ગંભીરે) મૅચ પછી કોઈ પણ બહાનું બતાવવાને બદલે સીધું કહી દીધું હતું કે તેમને આવી જ (સ્પિનર્સને વધુ માફક આવે એવી જ) પિચ જોઈતી હતી અને પિચ-ક્યૂરેટરે એવી પિચ બનાવી હતી. ગંભીરે હાર બદલ બધો દોષ પોતાના પર લઈ લીધો હતો અને એવી માન્યતા વ્યક્ત કરી હતી કે પિચ ક્યૂરેટરને દોષી ન ગણવા જોઈએ.' ■

# શાઇ હોપે લારાનો રેકૉર્ડ તોડ્યો, ધોનીની બરાબરી કરીઃ રોહિત-વિરાટનો વિક્રમ પણ તોડી નાખ્યો



નેપિયરઃ વેસ્ટ ઇન્ડિઝના કૅપ્ટન-વિકેટકીપર શાઇ હોપે (૧૦૯ અણનમ, ૬૯ બૉલ, ચાર સિક્સર, તેર ફોર) બુધવારે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચમાં એક સેન્ચુરી ફટકારીને ઘણા રેકૉર્ડ રચ્યા તેમ જ નવી સિદ્ધિ મેળવી હતી. તે કૅરિબિયન ટીમને બીજી વન-ડેમાં વિજય તો ન અપાવી શક્યો, પણ ઘણી રીતે રેકૉર્ડ-બુકમાં પોતાનું નામ અંકિત કરાવી લીધું હતું.

વેસ્ટ ઇન્ડિઝે વરસાદના વિઘ્નને પગલે નિર્ધારિત થયેલી ૩૪ ઓવરમાં શાઈ હોપની સદીની મદદથી નવ વિકેટે ૨૪૭ રન કર્યા હતા. નૅથન સ્મિથે ચાર અને કાઇલ જૅમીસને ત્રણ વિકેટ લીધી હતી. ન્યૂ ઝીલૅન્ડે ડેવૉન કૉન્વેના ૯૦ રન, રચિન રવીન્દ્રના ૫૬ રન, વિકેટકીપર ટૉમ લૅથમના અણનમ ૩૯ તેમ જ કૅપ્ટન મિચલ સૅન્ટનરના અણનમ ૩૪ રનની મદદથી ૩૩.૩ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૮ રન કરીને ત્રણ બૉલ બાકી રાખીને પાંચ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

ન્યૂ ઝીલૅન્ડે આ જીત સાથે સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી. બુધવારે હારવા છતાં મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવનાર શાઇ હોપે આ મૅચમાં કેટલીક સિદ્ધિઓ મેળવી હતીઃ (૧) શાઇ હોપે નવ વર્ષની વન-ડે કારકિર્દીમાં ૧૯ સેન્ચુરી ફટકારી છે. કૅપ્ટન તરીકે તેની આ છઠ્ઠી વન-ડે સદી હતી અને એ સાથે તેણે કૅરિબિયન કૅપ્ટનોમાં સૌથી વધુ પાંચ સેન્ચુરી ફટકારનાર બ્રાયન લારાનો રેકૉર્ડ તોડ્યો છે. (૨) વેસ્ટ ઇન્ડિઝના બૅટ્સમેનોમાં સૌથી વધુ વન-ડે સદી ફટકારનાર બીજા નંબરના ખેલાડી લારાની શાઈ હોપે બરાબરી પણ કરી છે. લારાની માફક હવે શાઇ હોપની પણ ૧૯ સદી છે. તેમનાથી માત્ર ક્રિસ ગેઇલ (પચીસ સદી) આગળ છે. (૩) વિકેટકીપર-કૅપ્ટન તરીકે સૌથી વધુ છ વન-ડે સદી ફટકારનારાઓમાં એમએસ ધોની મોખરે હતો, પણ હવે શાઇ હોપ પણ છઠ્ઠી સદી સાથે તેની હરોળમાં આવી ગયો છે. (૪) વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે સૌથી વધુ ૨૩ વન-ડે સેન્ચુરી કુમાર સંગકારાના નામે છે. ત્યાર પછી બાવીસ સદી સાથે બીજા નંબરે ક્વિન્ટન ડિકૉક છે અને હવે ૧૯ સેન્ચુરી સાથે ત્રીજા ક્રમે શાઇ હોપ છે. (૫) શાઇ હોપ આઇસીસીના તમામ ૧૧ ફુલ મેમ્બર-રાષ્ટ્ર સામે આંતરરાષ્ટ્રીય સદી ફટકારનારો વિશ્વનો પહેલો ખેલાડી બન્યો છે. અફઘાનિસ્તાન, ઇંગ્લૅન્ડ, ભારત, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ, આયરલૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઝિમ્બાબ્વે, પાકિસ્તાન, શ્રીલંકા સહિતના ૧૦ દેશ સામે તેણે વન-ડે સેન્ચુરી અને ઑસ્ટ્રેલિયા સામે ટી-૨૦ સેન્ચુરી ફટકારી છે. એ રીતે શાઇ હોપે કુલ ૧૧ દેશ સામેની સેન્ચુરીના નવા વર્લ્ડ રેકૉર્ડ સાથે રોહિત શર્મા અને વિરાટ કોહલીને પાછળ પાડી દીધા છે, કારણકે બન્ને ભારતીય દિગ્ગજે ૧૦ ફુલ મેમ્બર-રાષ્ટ્ર વિરુદ્ધ સદી ફટકારી છે. તેઓ આયરલૅન્ડ સામે સેન્ચુરી નથી ફટકારી શક્યા. (૬) શાઇ હોપની તો નેધરલૅન્ડ્સ અને નેપાળ સામે પણ વન-ડે સેન્ચુરી છે એટલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૧ ટેસ્ટ-પ્લેઇંગ રાષ્ટ્રો ઉપરાંત બીજા બે નાના દેશો સહિત કુલ ૧૩ રાષ્ટ્ર વિરુદ્ધ સેન્ચુરી ફટકારવા બદલ શાઇ હોપ કુલ ૧૩ દેશ સામે સદી નોંધાવનાર વિશ્વનો પહેલો જ ખેલાડી બન્યો છે. એ રીતે, શાઇ હોપે માહેલા જયવર્દને અને ક્રિસ ગેઇલને પાછળ રાખી દીધા છે. માહેલા તથા ગેઇલે ૧૨-૧૨ દેશ વિરુદ્ધ સદી ફટકારી હતી. (૭) શાઇ હોપ ૧૦ દેશમાં સેન્ચુરી ફટકારનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર-બૅટ્સમૅન છે. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बोदा | વજનદાર |
| बोना | દબદબો |
| बोरा | કમજોર |
| बोश | કોથળો |
| बोझिल | વાવવું |

## ઓળખાણ પડી?



અનેક નામી કલાકાર સાથે કામ કરનારા ગોવિંદાએ સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે કઈ ફિલ્મમાં કામ કર્યું હતું એની ઓળખાણ પડી?

અ) આંખેં બ) સ્વર્ગ ક) હીરો નંબર વન ડ) હમ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ ચા | ર | ૩ સ | ૪ ર | ણી | | ૫ સ | વા | ૬ લ |
| ૭ ડં | ખ | | ૮ રો | જ | | ૯ ચૂ | પ | | ગા |
| બ | | ૧૦ શ | વ | | ૧૧ મ | હા | નુ | ૧૨ ભા | વ |
| ૧૩ ના | ૧૪ મ | ક્ક | ર | | ત | | | ત | |
| | ૧૫ જ | ર | | ૧૬ સ | દા | વ્ર | ૧૭ ત | | ૧૮ ક |
| ૧૯ કા | બૂ | | ૨૦ વા | હ | ન | | ૨૧ ન | વ | લ |
| ૨૨ ત | રી | ૨૩ કે | | ન | | ૨૪ અ | મ | | ક |
| ર | | ળ | | | ૨૫ સ | હ | ન | શી | લ |
| | ૨૬ ના | વ | લિ | ૨૭ યો | | ૨૮ મ | ધ | | |
| ૨૯ જ | મ | ણી | | ૩૦ ગ | જુ | | ૩૧ ન | ક્ષ | ત્ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | | | | |
| | | ૧૦ | | ૧૧ | | | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | | ૧૫ | | | ૧૬ | | |
| ૧૭ | | | ૧૮ | | ૧૯ | ૨૦ | | ૨૧ | |
| | | | ૨૨ | ૨૩ | | ૨૪ | | | |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | | | | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | | | ૩૧ | ૩૨ | | |
| | | | | ૩૩ | ૩૪ | | | | |
| ૩૫ | | | ૩૬ | | | | | | |

### આડી ચાવી

૧. સમતોલ હોવું તે (૫)
૫. મુંબઇગરાનો પ્રિય ખોરાક (૪) જો. છૂ.
૮. મારપીટ, ઉદ્ધત, ઉદ્દંડત (૪)
૯. ---માં ઘી-જવ-તલ હોમાય (૩)
૧૦. ભગવાન આગળ ---- થવું પડે (૫)
૧૨. તાના--- બહેનો સંગીતજ્ઞ હતી (૨)
૧૩. ઉદાહરણ, દાખલો (૨)
૧૫. --- ની દાંડીએ ચાલ્યા જાવ (૨)
૧૭. અશક્તિ, થાક (૪)
૧૯. સતત (૫)
૨૨. બહેનપણી, સહિયર (૨)
૨૪. ઘા ઉપર લગાવો (૩)
૨૫. એક જ નામવાળી બીજી વ્યક્તિ (૩)
૨૭. તિરાડ (૨)
૨૮. સપનું (ઊ.) (૨)
૩૦. માનવોનો મહેરામણ (૫)
૩૧. કારણ વિના (૪)
૩૩. રત્ન, મોતી (૪)
૩૫. નમેલું (૨)
૩૬. એક ધાર્મિક સામયિક (૫)

### ઊભી ચાવી

૧. હવાલો , ક્લિયરિંગ (બૅંકનું) (૫)
૨. ભલે હશે (૨)
૩. મસ્તી (૩)
૪. હક્ક માટે--- આપવી પડે (૩)
૫. પવિત્ર (૩)
૬. જંગલ (૨)
૭. ખાસ દોસ્ત (૩)
૯. હાથથી વસ્તુ બનાવવી તે (૪)
૧૧. ના, ઇનકાર (૨)
૧૪. એ માણસ નથી, કૂતરો છે (૫)
૧૬. ધૂળેટીમાં લોકો ઉડાડે (૩)
૧૮. ખાટલાના બે પાયાને જોડે (૨)
૨૦. દુઃખ, પીડા (૨)
૨૧. દુખદ (ઘટના) (૪)
૨૩. પરાયો માણસ (૫)
૨૫. ખૂબસુરત સ્ત્રી, પ્રિયા (૪)
૨૬. રિસાઇ જવાની આદતવાળી (૩)
૨૯. માખીઓ ---- કરે (૪)
૩૧. રામે શલ્યામાંથી --- બનાવી (૩)
૩૨. સબબ, હેતુ (૩)
૩૪. --- ચાતુર્ય એટલે બોલવાની કળા (૨)

## ગુજરાત મોરી મોરી રે

આ વર્ષે રિલીઝ થયેલી વિવિધ ગુજરાતી ફિલ્મોમાંથી કઈ ફિલ્મને સૌથી વધુ સફળતા બોક્સ ઓફિસ પર મળી છે એ જણાવો.

અ) ચણિયા ટોળી બ) લાલો
ક) બચુની બહેનપણી ડ) વશ ૨

## જાણવા જેવું

હોરર ફિલ્મના બાદશાહનું બિરુદ મેળવનારા આલ્ફ્રેડ હિચકોકે 'બ્લેકમેઈલ' (૧૯૨૯) બનાવવાની શરૂઆત સાયલન્ટ – મૂંગી ફિલ્મ તરીકે કરી હતી. નિર્માણ શરૂ કર્યા પછી ફિલ્મનો અમુક હિસ્સો બોલપટ રાખવા તેમને કહેવામાં આવ્યું હતું. ૧૯૪૦ના દાયકામાં હિચકોકે 'લાઈફબોટ' નામની વોર ફિલ્મ બનાવી હતી અને આખી ફિલ્મનું સેટિંગ રિયલ લાઈફબોટ પર હતું.

## સુડોકુ-૯૧૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | | ૧ | | ૫ | | |
| | | | ૨ | | | | | ૯ |
| ૭ | ૯ | | ૮ | ૩ | | | | ૪ |
| ૮ | | | | | ૩ | ૭ | | |
| | ૫ | | | | | | ૯ | |
| | | ૪ | ૯ | | | | | ૧ |
| ૬ | | | | ૨ | ૪ | | ૧ | ૮ |
| ૯ | | | | | ૮ | | | |
| | | ૮ | | ૯ | | ૬ | ૭ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૩ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૫ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૩ | ૮ | ૨ |
| ૭ | ૪ | ૫ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૯ |
| ૮ | ૨ | ૧ | ૬ | ૫ | ૯ | ૪ | ૩ | ૭ |
| ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૭ | ૬ | ૧ | ૨ | ૩ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૧ | ૨ | ૭ | ૫ | ૮ |
| ૨ | ૧ | ૭ | ૫ | ૩ | ૮ | ૬ | ૯ | ૪ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ફિલ્મ દિગ્દર્શક તરીકે ઘણી યાદગાર ફિલ્મો આપનારા વિજય આનંદ કઈ ફિલ્મમાં અભિનેતા તરીકે જોવા મળ્યા હતા એ કહી શકશો?

અ) ગાઈડ બ) હકીકત ક) બુલેટ ડ) જોની મેરા નામ

## નોંધી રાખો

પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાય અધિક છે, રત્ન બહારની ચમક બતાવે છે. જ્યારે પુસ્તક અંતઃકરણને ઉજ્જવળ કરે છે. પુસ્તક એવો મિત્ર છે જેનો સહવાસ કાયમ પ્રગતિ કરાવે છે.

## માઈન્ડ ગેમ

હેલન પર ફિલ્માવાયેલું લોકપ્રિય ગીત 'તૂ મુંગડા મુંગડા, મૈં ગુડ કી ડલી' કોણે ગાયું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) સુમન કલ્યાણપુર બ) ઉષા મંગેશકર
ક) આશા ભોસલે ડ) ગીતા દત્ત

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बूट पोलिश | બેબી નાઝ |
| नया दौर | ડેઝી ઈરાની |
| परिचय | માસ્ટર રાજુ |
| दीवार | માસ્ટર અલંકાર |
| ब्रह्मचारी | જુનિયર મેહમૂદ |

ગુજરાત મોરી મોરી રે: મેરુ માલણ

ઓળખાણ પડી?: આખરી ખત

માઈન્ડ ગેમ: જાગૃતિ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: હમરાઝ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દેસાઈ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડૉ. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) ઝંઝિર – યારી હૈ ઈમાન મેરા યાર મેરી ઝીંદગી પ્યાર હો બંદો સે, ૨) રાજા હિન્દુસ્તાની – પરદેસી પરદેસી જાના નહીં મુજે છોડ કે મુજે, ૩) લમ્હે – મોરની બાગા માં બોલે આધી રાત માં છન નન ચુડીયા ખનક, ૪) અમર અકબર એન્થોની – પરદા હૈ પરદા પરદે કે પીછે પરદા નશી હૈ, ૫) મુગલ એ આઝમ – પ્યાર કિયા તો ડરના ક્યાં પ્યાર કિયા કોઈ ચોરી, ૬) દુશ્મન – વાદા તેરા વાદા વાદે પે તેરે મારાં ગયા બંદા મૈં સીધા સાદા, ૭) દેવદાસ – મોરે પિયા ડરતા હૈ દેખો મોરા જીયાના બહિયાં ધરો આતી હૈ

ક્વિઝ (બ) ૧) પડોસન, ૨) છોટી સી બાત, ૩) દુલ્હે રાજા, ૪) ભૂલ ભૂલૈયા, ૫) ચશ્મે બદદુર, ૬) જાને ભી દો યારો, ૭) મૈને પ્યાર કિયા

# કચ્છમાં આવેલા ઉત્તર પ્રદેશના ફેરિયાઓ પાસેથી નવી બંડીની વ્યાપક ખરીદી



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુનિયાભરમાં લોકપ્રિયતા ધરાવતા ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વોર્ડ રોબ જુદા જુદા રંગની બંડીઓથી ભરેલો હોય છે. તેમના જેવી બંડી કે જેકેટ પહેરવાનો ક્રેઝ માત્ર નેતાઓમાં જ નહીં, પરંતુ સામાન્ય લોકોમાં પણ એટલો જ છે. આથી કચ્છમાં પણ મોદી જેકેટનું સારું એવું વેચાણ થઈ રહ્યું છે.

દેશભરમાં ઠેર ઠેર ખાદી ભંડારો, મોટા શોપિંગ મોલ અને ઓનલાઈન શોપિંગમાં વેચાતી આવી બંડી હવે દેશભરના મોટાભાગના શહેરોમાં ફૂટપાથ પર વેચાતી થઇ છે.

છેક ઉત્તર પ્રદેશથી કેટલાક યુવાનો આવી તૈયાર બંડી વેચવા કચ્છમાં ઘૂમી રહ્યા છે. યોગેશ ભૈયા નામના યુવાને જણાવ્યું હતું કે અમે આઠ ફેરિયાઓ ઉત્તર પ્રદેશમાંથી કચ્છમાં આવ્યા છીએ અને સેંકડો બંડીઓ ભુજમાં વહેંચાઇ રહી છે. તમામ વર્ગના લોકો રૂપિયા ૫૦૦થી લઇ ૯૫૦ના ભાવે મળતી આવી બંડીઓ હોંશથી ખરીદી રહ્યા છે. યોગેશના જણાવ્યા પ્રમાણે મોદી બંડીનો ક્રેઝ એટલો તો વધ્યો છે કે અમુક લોકો સપ્તાહના ૭ દિવસો દરમ્યાન દરરોજ નવી બંડી પહેરવા એક સાથે સાત સાત બંડી પણ ખરીદે છે, તેમ ફેરીયાઓ જણાવે છે. ■

# રાપરના ફતેહગઢમાં ઘરમાં ઘૂસી ભત્રીજાએ સગી કાકીને ઢોરમાર મારી, છરીની અણીએ લૂંટ ચલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છના રાપર તાલુકાના ફતેહગઢમાં પોતાના સગાં કાકાના ઘરે ઘૂસી આવેલા કળિયુગી ભત્રીજાએ કાકીને ઢોરમાર મારી, છરીની અણીએ રૂ. ૭૦૦ની લૂંટ ચલાવતાં પંથકમાં ચકચાર પ્રસરી ગઈ હતી. ફતેહગઢમાં રહીને મજૂરીકામ કરનારા રાધાબેન તથા તેમના પતિ દેવરાજ મનજી સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૮-૧૧ના રોજ મજૂરી કામથી બપોરે પોતાનાં ઘરે જમવા આવ્યાં હતાં, ત્યારે તેમનો ભત્રીજો કિરણ જંયતી સોલંકી ઘરમાં ઘૂસી આવ્યો હતો અને કાકા ક્યાં છે કહી છરી કાઢી તમારી પાસે જે પૈસા હોય તે આપી દો નહીંતર સારું નહીં થાય તેમ કહી ધમકીઓ આપતો હતો. આ વેળાએ કિરણે કાકીને ઢોરમાર માર્યાં હતાં અને છરી કાઢી હતી. ડરી ગયેલાં કાકીએ પોતાની પાસે રહેલા રૂ.૭૦૦ ભત્રીજાને આપી દીધા હતા. હું કોઈથી ડરતો નથી તમારાથી થાય તે કરી લેજો. બીજીવાર પૈસા નહીં આપો, તો જાનથી મારી નાખવાની ધમકી આપી ભત્રીજો પરત ચાલ્યો ગયો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# મુંદરા બંદરે પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડાની ગેરકાયદે આયાત મામલે આરોપીના જામીન નકારાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં દિલ્હી સ્થિત ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા કચ્છના અદાણી મુંદરા બંદરેથી મિસ-ડિક્લેરેશન થકી ઘુસાડવામાં આવેલા રૂ. પાંચ કરોડથી વધુના પ્રતિબંધિત ચાઈનીઝ ફટાકડા પકડાવવાના રાજ્યભરમાં ચર્ચાસ્પદ મામલાના આરોપીએ દાખલ કરેલી જામીન અરજીને નામદાર મુંદરા અદાલતે નકારી કાઢ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, પાણીના ગ્લાસ અને ફૂલદાનીના નામે કન્ટેનરમાં ચાઈનીઝ ફટાકડાના જથ્થાને ગેરકાયદે આયાત કરવાના આરોપ સાથેના મામલામાં ધરપકડ કરાયેલા મુંબઈ સ્થિત આરોપી પરાગ હરીશ રૂપારેલની અરજીને મુંદરાની એડિશનલ સિવિલ જજ કોર્ટે નકારી કાઢી હતી. આયાતકાર પેઢી તરીકે સીટી ઇમ્પેક્ષ, મુંબઈ હોવાનું ખુલ્યું હતું. પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા દલીલો કરવામાં આવી હતી કે,આ મામલો કસ્ટમ કાયદા તળે કોગ્નિઝેબલ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલો છે. વળી, ડીજીએફટી અને પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઇઝેશન (પેસો)નું લાયસન્સ પણ નથી મેળવાયું. બંને પક્ષની દલીલોને ધ્યાનપૂર્વક સાંભળ્યા પછી મુંદરા કોર્ટે જામીન માટેની અરજીને અસ્વીકાર્ય ગણીને નકારી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# આદિપુરમાં પોણા ત્રણ લાખના હેરોઇન ડ્રગ્સ સાથે એક યુવક પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધીરે-ધીરે પણ મક્કમ ગતિથી નશાખોરીની બાબતમાં મેક્સિકો દેશ બનવા તરફ આગળ વધી રહેલા સરહદી કચ્છ જિલ્લાના આદિપુર શહેર ખાતેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે રૂ.૨,૭૪,૮૦૦ના મૂલ્યના ૧૩.૭૪ ગ્રામ હેરોઇન સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

આ અંગે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.ડી.ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પૂર્વ બાતમીના આધારે ગત રાત્રે આદિપુરના વોર્ડ નંબર ૬એમાં આવેલાં એસ.આર.સી.નાં મેદાન નજીકથી મેઘપર બોરીચીના દિનેશ તારારામ સોલંકી નામના યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન તેની પાસે પારદર્શક થેલીમાં રહેલો સફેદ પાઉડર મળ્યો હતો. એફએસએલ અધિકારીને બોલાવી આ નશાનું પૃથક્કરણ કરાતાં તે હેરોઇન ડ્રગ્સ હોવાનું બહાર આવ્યું હતું. આ શખ્સ પાસેથી પોલીસે રૂ. ૨,૭૪,૮૦૦નું ૧૩.૭૪ ગ્રામ હેરોઇન, મોબાઇલ ફોન, આધારકાર્ડ વગેરે મુદામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ડ્રગ્સના આ જથ્થાને પંજાબનો કુલદીપસિંઘ નામનો શખ્સ આપી ગયો હોવાનું એસ.ઓ.જીના પી.આઈ ડી.ડી ઝાલાએ ઉમેર્યું હતું. ■

# અભિનેત્રી કંગના રનોતે દ્વારકાધીશ અને સોમનાથ દાદાના દર્શન કર્યા





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠકનાં સાંસદ કંગના રનોત હાલમાં ગુજરાતના પ્રવાસે છે અને ગીર નેશનલ પાર્કની મુલાકાત બાદ તે દ્વારકા પહોંચી હતી. કંગનાએ જગત મંદિર, દ્વારકાધીશના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી અને આ પવિત્ર સ્થળની મુલાકાતની તસવીરો સાથેની એક રીલ પણ તેના ઇન્સ્ટાગ્રામ પર શેર કરી છે. ત્યારબાદ તે સોમનાથ મંદિરના દર્શને પણ ગઈ હતી.

કંગનાએ દ્વારકાધીશ મંદિરની મુલાકાત વિશે પોતાનો ભાવુક અનુભવ ફેન્સ સાથે શેર કર્યો. તેણે હિન્દી કેપ્શનમાં લખ્યું હતું કે, આજે પરમ પુણ્ય દ્વારકાજીમાં સમગ્ર સંસારના સ્વામી દ્વારકાધીશના દર્શન કર્યા. હમેશાંની જેમ તેમને મળીને મન શાંત, શાલીન અને તેના પ્રેમમાં મગ્ન થઈ ગયું.

દ્વારકાધીશની કૃપા, પ્રેમ અને ભક્તિ સદાય બની રહે. ત્યારબાદ તેણે સોમનાથ મહાદેવના પણ દર્શન કર્યાં હતાં.

કંગના સાથે તેનો ભત્રીજો પૃથ્વી પર સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યો છે.

કંગનાએ વર્ષ ૨૦૨૪માં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર તરીકે લોકસભા ચૂંટણી જીતી હતી.

અભિનય ઉપરાંત, તે હવે મંડીના સાંસદ પણ છે. ■

# ભાવનગરમાં વધુ એક હત્યા: ૧૧ મહિનામાં હત્યાનો ૩૭મો બનાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર શહેરના વડવા વિસ્તારમાં ત્રણેક દિવસ પૂર્વે મારામારીની ઘટનામાં ઇજા પામનાર યુવાનનું આજે સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. છેલ્લા ૧૧ માસ દરમિયાન ભાવનગરમાં આ ખૂન નો ૩૭મો બનાવ છે. ભાવનગર શહેરમાં ગુનાખોરી વધી રહી છે. મારામારી, ખૂનની કોશિશ અને હત્યાના બનાવો વધી રહ્યા છે.

શહેરના વડવા વિસ્તારમાં ગત તા. ૧૬ નવેમ્બરના રોજ સીમલા પાન સેન્ટર પથ્થરમારો થયો હતો. આ ઘટનામાં વસીમભાઈ રજાક ભાઈ જાકા (ઉ.વ. ૨૭) ને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ખાનગી હૉસ્પિટલમાં ત્રણેક દિવસથી સારવાર લેવાઈ રહી હતી. પરંતુ ગંભીર રીતે પથ્થરોના ઘા વાગવાથી વસીમભાઈએ આજે સારવાર દરમિયાન દમ તોડયો હતો. જેની જાણ પોલીસ તંત્રને થતા તાબડતોબ પોલીસ તંત્ર હૉસ્પિટલ દોડી ગયું હતુ.

જ્યા સમગ્ર ઘટના વિશે વિસ્તૃત માહિતી એકત્ર કરીને આગળની તજવીજ હાથ ધરવામાં આવી હતી. . મારામારીમાં ઈજાગ્રસ્ત યુવાને સારવાર દરમ્યાન દમ તોડી દેતા ભાવનગરમાં ચાલુ વર્ષ દરમિયાન ૩૭મી હત્યાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજકોટનો જસદણ તાલુકો ગુજરાતમાં એસઆઇઆર કામગીરીમાં પ્રથમ ક્રમે આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં એસઆઈઆર કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. એસઆઈઆરની કામગીરીમાં રાજકોટ જિલ્લાનો જસદણ તાલુકો સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે આવ્યો છે. આ સાથે વીએલઓ એપ્લિકેશનમાં કેટલીક ટેક્નિકલ ખામી હોવાના કારણે રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા ઉપર સુધી રજૂઆત કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં મતદાર નોંધણી ફોર્મ્સના ડિજિટાઇઝેશનની કામગીરીએ ગતિ પકડી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫ ટકા ઇન્યુમરેશન ફોર્મ્સનું ડિજિટાઇઝેશન પૂર્ણ થઈ ચૂક્યું છે, જેના કારણે રાજકોટ જિલ્લો રાજ્યમાં સાતમા ક્રમે છે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

રાજકોટ જિલ્લાના તમામ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર્સ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ, જેતપુર અને ધોરાજી તાલુકામાં સારી કામગીરી કરવામાં આવી છે. જોકે, જસદણ તાલુકો રાજ્યભરમાં સૌથી વધુ કામગીરી પૂર્ણ કરીને રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો છે. રાજકોટના શહેરી વિસ્તારમાં રાજકોટ ઈસ્ટ, રાજકોટ વેસ્ટ અને રાજકોટ સાઉથ વિધાનસભા બેઠક પરની કામગીરી ૨૫ ટકાથી ઓછી છે, જેને ઝડપી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ■

# સુરેન્દ્રનગરના ખોડું ગામમાં માલધારીઓ પશુઓ લઇ પંચાયત કચેરીએ પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: સુરેન્દ્રનગર જિલ્લાના ખોડુ ગામમાં માલધારી સમાજે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. આ ગામના માલધારીઓ સમાજના લોકો ગૌચર જમીનની માગ સાથે પોતાના પશુધન સાથે ગ્રામ પંચાયત કચેરીએ પહોંચ્યાં હતા. માલધારી સમાજની મુખ્ય માંગ એવી હતી કે, ગામની સીમ જમીનમાં ગૌચર જમીનની ફાળવણી કરવામાં આવે જેથી પશુઓ ત્યાં ચરી શકે. આ સાથે ગૌચરની જમીન પર જે દબાણો થયા છે, તેના કારણે પણ સમાજમાં રોષ પ્રવર્તી રહ્યો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. માલધારી સમાજના લોકોએ આ વિરોધ પ્રદર્શનમાં ગ્રામ પંચાયત કચેરીમાં પોતાના પશુધનને લઈ જઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. આ સાથે માલધારીઓએ ચીમકી પણ ઉચ્ચારી હતી કે, જ્યાં સુધી તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી પશુધનને ત્યાંથી હટાવવામાં આવશે નહીં. આ ઘટનાને પગલે સ્થાનિક તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને પરિસ્થિતિને થાળે પાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં હતાં, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઇન્ટર્નલનું બેઠું પેપર પૂછાતા બીસીએ-સેમ-પની પરીક્ષા રદ

અમદાવાદ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ)ના પાંચમા સેમિસ્ટરની પરીક્ષા રદ થતા વિદ્યાર્થીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. યુનિવર્સિટીએ ૧૨મી નવેમ્બરે બીસીએ સેમેસ્ટર-૫નું પ્રોગ્રામિંગ ઈન પાયથન વિષયનું ૫૦ માર્ક્સની પરીક્ષા લીધી હતી. આ પેપર કોલેજે ઈન્ટર્નલ એક્ઝામ માટે સેટ કર્યું હતું, પરંતુ ફરીથી પરીક્ષામાં તેનું તે બેઠું પેપર વિદ્યાર્થીઓને આપી દીધું હતું.

ઇન્ટર્નલ અને એક્સટર્નલ બંને પેપર એકસમાન હોવાની વાત વહેતી થતાં જ વિદ્યાર્થી આલમમાં રોષ ફેલાયો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે વિરોધ નોંધાવ્યો હતો. બન્ને પેપર એક જ હોવાનું તપાસમાં બહાર આવતા પરીક્ષા રદ કરવામાં આવી હતી. હવે આ પરીક્ષા ફરી ૨૨મી નવેમ્બરે યોજાશે. પ્રોફેસર અને પેપરસેટર તેમ જ પરીક્ષાના આયોજકોની ભૂલને કારણે ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફી પરીક્ષા આપવી પડશે. યુનિવર્સિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ ભૂલ કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે. ■

# સોશ્યલ મીડિયા પર એકના ત્રણ ગણા પૈસા કરવાની જાહેરાતથી અંજાયેલા યુવકે ત્રણ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઓછાં રોકાણ સામે વધુ વળતર આપવાના નામે લોકો સાથે છેતરપિંડી આચરતી રહેતી કચ્છની કુખ્યાત ટોળકીએ જાળમાં સપડાયેલા વાંકાનેરના યુવકને અંજાર બોલાવી, તેની પાસે રહેલા રોકડા રૂપિયા ત્રણ લાખ બળજબરીપૂર્વક આંચકી લીધા હોવાનો વધુ એક બનાવ બહાર આવતાં ચકચાર મચી હતી.

વાંકાનેરના ૨૫ વર્ષીય મહેન્દ્ર મકવાણા નામના યુવકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઓક્ટોબર મહિનામાં વીપટેલ નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક લાખ સામે ત્રણ લાખ રૂપિયા મળવાની પોસ્ટ જોઈને તે ઈમ્તિયાઝ અને અન્ય આરોપીઓના સંપર્કમાં આવ્યો હતો. ઠગ ટોળકીએ તેને અંજાર રૂબરૂ આવી, ખાતરી માટે સેમ્પલની ચલણી નોટનો નમૂનો જોઈ લેવા જણાવ્યું હતું. વિશ્વાસમાં આવી જઈને ગત ૨૦મી ઓક્ટોબરના રોજ ત્રણ લાખ રૂપિયા લઈને તે અંજાર આવ્યો હતો જ્યાં ફોન પર આ આરોપીઓએ પ્રથમ તેને ખાતરી કરવા માટે ભારતીય ચલણી નોટનો નમૂનો આપવાના બહાને અંજારની સરકારી હોસ્પિટલ પાસે બોલાવ્યો હતો.

ત્યાં પહોંચતા સફેદ રંગની નંબર પ્લેટ વગરની હ્યુન્ડાઇ આઈ-ટ્વેન્ટી કારમાં આવેલા ત્રણે આરોપીઓએ તેને પાંચસોનાં દરની ભારતીય ચલણી નોટ તપાસવા અર્થે આપી અને પરત ચાલ્યા ગયા હતા. થોડા સમય બાદ તેને અંજારના દબડા માર્ગ પર બોલાવતાં તે પેસેન્જર રીક્ષા વડે પહોંચ્યો હતો. બાદમાં આરોપીઓએ તેનું બાવડું ઝાલીને કારમાં બેસાડ્યો અને અજાણી ઝાડી ઝાંખરાવાળી જગ્યાએ લઈ ગયો હતો. અહીં એક આરોપીએ કારમાં બેઠેલાં ઈમ્તિયાઝ શેઠને ત્રણ લાખ રૂપિયા આપી દેવા જણાવતાં પહેલાં નવ લાખ રૂપિયા આપો તો ત્રણ લાખ રૂપિયા આપું તેમ કહેતાં ઉશ્કેરાયેલી આ ત્રિપુટીએ બળજબરી પૂર્વક તેની પાસે રહેલી ત્રણ લાખ રૂપિયા ભરેલી બેગ મેળવી લઈ, મારી નાખવાની ધમકી આપી આપી, ચાલતી કારમાંથી ધક્કો મારી, બહાર ફેંકીને નાસી છૂટી હતી. અંજાર પોલીસે ત્રણ અજ્ઞાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી, તેમને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. ■

# ગુજરાતનું બે દાયકાનું મહાઅભિયાન, માંગરોળમાં ૧૯ મો વહેલ શાર્ક દિવસ ઉજવાયો

જૂનાગઢ: ગુજરાતનો સમુદ્રી વિસ્તાર લુપ્તપ્રાય થતાં જળચર પ્રજાતિ વહેલ શાર્કનું એક મહત્ત્વનું રહેઠાણ છે. આ દુર્લભ પ્રજાતિના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય છેલ્લા બે દાયકાથી એક અનોખું અને ભાવનાત્મક અભિયાન પણ ચલાવે છે. આ અભિયાન અત્યારે વૈશ્વિક જૈવવિવિધતા સંરક્ષણ માટેનું ઉદાહરણ બની ગયું છે. આ જ સફળતાની ઉજવણીના ભાગરૂપે માંગરોળ ફિશિંગ બંદર ખાતે ૧૯મો ગુજરાત વહેલ શાર્ક દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

વહેલ શાર્કના સંરક્ષણને સમર્પિત વહેલ શાર્ક દિવસની ૧૯મી ઉજવણી ૨૦ નવેમ્બરના રોજ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં થઈ હતી. એક સમયે ગુજરાતના સમુદ્રમાં વહેલ શાર્કનો શિકાર થતો હતો. આ પરિસ્થિતિ બદલવા માટે, સરકારે ૨૦૦૬માં માછીમારો વચ્ચે વ્યાપક જાગૃતિ અભિયાન શરૂ કર્યું હતું. જેના પરિણામે, ૨૦૦૭માં દરિયાકાંઠાના વિસ્તારોમાં વહેલ શાર્ક દિવસની ઉજવણીની ઘોષણા કરવામાં આવી હતી. સંરક્ષણ કાર્યમાં માછીમારોને જોડીને, સરકારે તેમની જાળને થતા નુકસાન માટે ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું વળતર પણ આપવાનું શરૂ કર્યું હતું.

ગુજરાત સરકારના આ સકારાત્મક પ્રયાસોથી પ્રેરિત થઈને સૌરાષ્ટ્રના માછીમારોએ હવે વહેલ શાર્કને જાળમાંથી મુક્ત કરવાના અભિયાનમાં સક્રિય ભૂમિકા ભજવી છે. ■

# ભુજના ગજોડ, મિરજાપર અને મુંદરાના ગુંદાલા ખાતે ખનિજ વિભાગની ફ્લાઇંગ સ્કવોડ ત્રાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રાકૃતિક ખનિજ સંપત્તીથી ભરપુર એવા રણપ્રદેશ કચ્છમાં રાજકીય ઓથ હેઠળ બેફામ બનેલા ખનીજ માફિયાઓ વિરુદ્ધ ફ્લાઇંગ સ્કવોડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ગજોડ ગામની સીમમાં ગેરકાયદેસર ખનિજ ખનન કરી રહેલું એક એસ્કેવેટર મશીન તથા બે ડમ્પર જપ્ત કર્યાં હતાં તથા બંદરીય મુંદરા તાલુકાના ગુંદાલા ગામ પાસે રોયલ્ટી પાસ વિના રેતી ભરેલાં ડમ્પરને તેમજ મિરજાપર-ભુજ ધોરીમાર્ગ પર પણ રોયલ્ટી વિનાનાં ડમ્પરને સીઝ કરી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યાં હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ કચ્છની ફ્લાઇંગ સ્કવોડની તપાસ ટુકડીઓ દ્વારા ગત તા.૧૮-૧૧-૨૦૨૫ના રોજ ભુજ તાલુકાના ગજોડ સીમ વિસ્તારમાં બ્લેક ટ્રેપ ખનિજનું ગેરકાયદે ખનન કરી રહેલું એક એસ્કેવેટર મશીન તથા બે ડમ્પરને સીઝ કરી સરકારી ગોદામ, ભુજ ખાતે કસ્ટડીમાં સોંપવામાં આવ્યા હતા,જ્યારે બીજી તરફ મુંદરા તાલુકાના ગુંદાલા પાસે સાદી રેતી ખનિજ રોયલ્ટી પાસ વગર વહન કરતાં એક ડમ્પરને પકડી, મુંદરા પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં સોંપાયું છે તથા તા. ગત ૧૯-૧૧-૨૦૨૫ના રોજ મિરજાપર-ભુજ ધોરીમાર્ગ પર સાદી રેતી ખનિજનું રોયલ્ટી પાસ વગર વહન કરતાં બે ડમ્પરને સીઝ કરી સરકારી ગોદામ, ભુજ ખાતે કસ્ટડીમાં સોંપવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં મોડી રાત્રીના અંધકારમાં સાદી રેતી અને અન્ય ખનિજોનું ગેરકાયદે પરિવહન કરવામાં આવી રહ્યું છે ત્યારે પ્રાકૃતિક સંપદાને નુકસાન પહોંચાડી રહેલા માથાભારે ખનિજ માફિયાઓ પર ધાક બેસાડતી કાર્યવાહી જરૂરી બની હોવાનું નાગરિકો જણાવી રહ્યા છે. ■

# ડુંગળીના ભાવ તળિયે ગયા, વીઘા દીઠ માત્ર ૫૦૦ રૂપિયા મળતા ખેડૂતો પરેશાન

જૂનાગઢ: ગુજરાતમાં ફરી એકવાર ખેડૂતો પરેશાન થઈ રહ્યાં છે. અત્યારે ડુંગળીના તૈયાર પાકને બજારમાં માત્ર ૫૦થી ૬૦ રૂપિયા પ્રતિ મણ મળી રહ્યાં છે. આવા તળિયાના ભાવ મળતા ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી હતી. જૂનાગઢ પંથકમાં પણ ખેડૂતોની સ્થિતિ દયનીય બની હતી. અત્યારે મળી રહેલા ભાવથી તો ખેતરમાં ઊભી ડુંગળીનો પાક કાઢવાનો ખર્ચ પણ નીકળતો નથી, તેવી ફરિયાદો ખેડૂતો કરી રહ્યા છે.

આ સાથે જે ખેડૂતોને ડુંગળીનો પાક સારો થયો છે, તેમને પૂરતો ભાવ ન મળતા સરકાર પાસે તાત્કાલિક વિશેષ સહાય પેકેજની માંગણી કરી રહ્યાં છે. જ્યારે કેટલાક ખેડૂતોએ તો ડુંગળીનો આખો પાક પશુઓને ચરાવી દીધો હોવાનું જાણવા મળ્યું હતું. જૂનાગઢ જિલ્લાના ખેડૂતોએ પોતાની દુઃખદાયક પરિસ્થિતિ વર્ણવતા જણાવી હતી, કે અત્યારે પાકના આવા ભાવના કારણે ખેતી કરવી વધારે મુશ્કેલ બની ગઈ છે.

ખેડૂતોનું કહેવું છે કે, સારો પાક થાય તે માટે મોંઘા ખાતર પાછળ મોટો ખર્ચ કરવામાં આવ્યો છે, એક વીઘા દીઠ માત્ર ૫૦૦ રૂપિયા જેવી નજીવી રકમ મળી રહી છે. જેના કારણે ખેતીનો ખર્ચ પણ નીકળી શકે તેમ નથી. જેથી સત્વરે સરકાર દ્વારા પાક સહાયની જાહેરાત કરવામાં આવે અથવા તો પાકનો સારો ભાવ આપવામાં આવે તેવી માંગણી કરી રહ્યાં છે. ■